# પ્રાર્થનાંજલિ



॥ હરિઃૐ ॥

# પ્રાર્થનાંજલિ

## શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ
## (ભાગ-૨)


લેખક

**પૂજ્ય શ્રીમોટા**



**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

❑ **પ્રકાશક:**
હરિ:ૐ આશ્રમ,
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
Email: hariommota1@gmail.com
Website: www.hariommota.org
Mobile: +91 97277 33400

© **હરિ:ૐ આશ્રમ, સુરત-નડિયાદ**

❑ **ISBN:** 978-81-972237-0-9

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**
પ્રથમ ૨૦૨૪ ૫૦૦

❑ **પૃષ્ઠ:** ભાગ-૧: ૧૨ + ૩૭૨ = ૩૮૪
**ભાગ-૨: ૬ + ૩૩૦ = ૩૩૬**

❑ **કિંમત:** રૂ.૧૦૦ /- (ભાગ ૧ અને ૨ની સંયુક્ત)

❑ **પ્રાપ્તિસ્થાન:**
(૧) હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
(૨) હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ **મુદ્રક:**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

**વાચકોની સુગમતા માટે શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓનું બે ભાગમાં પ્રકાશન કરવામાં આવ્યું છે.**

હરિઃૐ

# લેખકના બે બોલ

તા.૨૪-૧૨-૧૯૩૯

શ્રી હેમંતભાઈ,

આપણે જ્યારે મળીશું ત્યારે તમને આ જીવે સાધનાકાળમાં કરેલી ઘણી બધી પ્રાર્થનાઓ બતાવીશ. કેટલાક કાગળોમાં તેમાંની કેટલીક મોકલી પણ છે. આમાં પણ બીજી કેટલીક મોકલું છું.

પ્રાર્થના તો કેટલા બધા ઉત્કટ ભાવથી થયા કરવી જોઈએ. રોજ રોજ સાધનાના ગાળામાં તો એવી કેટલીયે પ્રાર્થનાઓ જે દિવસે જે ભાવ પ્રગટે તે ભાવને દઢાવવાને થયા કરતી! અને તે પ્રાર્થનાનો ગુંજારવ સ્મરણભાવની ધારણામાં પ્રગટાવ્યા કરતો. પ્રભુકૃપાથી હૃદયના તે ભાવનો અખંડ જાગૃતિપૂર્વકનો અભ્યાસ અંતરમાં ધારવાનું બનતું કે જેથી તે ભાવ ઊંડો ઊતરી જતો અને સમસ્ત જીવનો આધાર તે ભાવમય બની જતો. અલબત્ત, આમાં પુનરાવર્તન તો આવતું જ. કોઈ પણ ભાવનું જીવનમાં સાકારપણું પ્રગટાવવું હોય, તો તે માટે જીવંત પુનરાવર્તન આવશ્યક અને અનિવાર્ય છે.

પુનરાવર્તન તો અભ્યાસનું હાર્દ છે. એવા જીવંત પુનરાવર્તનમાંથી તો હૃદયનાં નવસર્જન કરાવનારાં ચેતન અને શક્તિ પ્રગટે છે. આવા પુનરાવર્તનની સાથે કોઈ ને કોઈ પ્રકારની નૂતનતા પણ પ્રગટતી હોય છે, કારણ કે એવા પુનરાવર્તનમાં હૃદયનો ભાવ પ્રગટેલો હોય છે અને ભાવમાંથી તો નવસર્જન થતું હોય છે. એવું નવસર્જન થતું રહેતું હોવાથી પ્રત્યેક પુનરાવર્તનના

પ્રકાર જુદા જુદા પ્રગટતા હોય છે એવા પુનરાવર્તનના ભાવના સત્સંગવાળાં ભજનો કેટલાંય વર્ષો સુધી થયાં કરેલા હતાં. દરરોજ બે કે ચાર તે તે સમયના અંતરના ભાવને દૃઢ કરાવવાને પ્રાર્થનાગીતો રચાતાં અને તેમ કરતો તમે મને નવસારી આશ્રમમાં ૧૯૩૦માં જોયો છે. મોટી મોટી ત્રણચાર થેલીઓ ભરાય એટલી નોટો એવી પ્રાર્થનાની થઈ ગઈ હતી. એટલામાં ૧૯૩૦-૧૯૩૨ના ક્રાંતિકારી દિવસો આવ્યા. તેમાં ભાગ લીધો. લાઠીમાર, જેલ અને દંડની પ્રસાદીઓ મળી. અસહકારના તે જમાનામાં દંડ ભરવાનો પણ ન હતો અને હોત તો મારી પાસે તેવી શક્તિ પણ ન હતી. એટલે નડિયાદમાં મારે ઘેર ચાર-પાંચ વાર પોલીસ જપ્તી થયેલી અને એ બધું ઉસેડી ગયેલા, તેમાં પેલી પ્રાર્થના અને ભજનની થેલીઓ પણ ઘસડાઈ ગઈ. તે ગઈ તે ગઈ. આજની ઘડી અને કાલનો દહાડો, પરંતુ ત્યારે પણ તે ગયાનો પ્રભુકૃપાથી હર્ષશોક પ્રગટ્યો ન હતો, કેમ કે એના સર્જનનો હેતુ સધાતો અનુભવ્યો હતો.

આ ઉપરથી બીજો એક પ્રસંગ યાદ આવે છે. કવિ સાગર પાસે એકવાર પ્રેમલક્ષણભક્તિનાં ગીતો સંભળાવવા સરખેજ જવાનું થયેલું. તે સંભળાવતાં અગાઉ એમની સાથે ઠીક ઠીક સત્સંગ થયેલો અને સાધનાની અંતરતમ હકીકતની પણ વાતચીત થયેલી. તે પછી તેમને ગીતો સંભળાવ્યાં. તેમણે કહ્યું કે ‘જો કે તમારા દિલમાં કેવળ શુદ્ધ અનાસક્ત પ્રેમ છે અને તે ઘણી ઊંચી કોટિનો અને દિવ્ય પણ છે અને તમે સાધનાના આંતરપ્રદેશની કહેલી અનુભવોની હકીકતોથી મને ઘણો આનંદ થયો છે, પરંતુ પ્રેમભાવે તમને કહું છું કે લોક તો આવા ઉચ્ચ પ્રકારનાં ગીતોમાંથી

પણ યોગ્ય સાર ગ્રહણ કરવાને બદલે પોતાની જીવદશાની વૃત્તિને પોષશે. માટે, આ બધી કૃતિઓ આ પાસેના તળાવમાં નાખી દો.' અને કહ્યું કે તુરંત, એક પળની પણ વાર લાગવા દીધા વગર, પાસેના તળાવમાં તે બધું પધરાવી દીધું. સાગર પણ સ્તબ્ધ થઈ ગયા હતા, કેમ કે એમણે કંઈ ગંભીરતાથી એ પ્રમાણે વર્તન થાય એવા જાણપૂર્વકના હેતુથી કહ્યું ન હતું, પણ મને તો ખુદાઈ હુકમ મળ્યો. એટલે હવે તે જૂના સાધનાકાળની પ્રાર્થનામાંથી તો માત્ર થોડુંક બચી ગયું છે.

**– શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# નમ્ર નિવેદન

પૂજ્ય શ્રીમોટાનું મહત્તમ સાહિત્ય ગદ્ય કરતાં પદ્યમાં એટલે કે કાવ્યોમાં વિપુલ પ્રમાણમાં છે. શ્રીમોટાને તેમના સાધનાકાળમાં સ્ફૂરેલી પ્રાર્થનાઓ વિવિધ છંદો અને ગઝલોની હસ્તપ્રત પ્રાપ્ત થતાં તેને આ પુસ્તક સ્વરૂપે પ્રગટ કરી રહ્યાં છીએ. જો આ કાવ્યોને તેના રાગમાં ગાવામાં આવે તો ઘણી જ સરળતાથી શ્લોકનું હાર્દ સમજાઈ જાય છે. ઘણાં બધાં સ્વજનોને કાવ્યો વાંચવામાં/સમજવામાં અઘરા લાગે છે તેથી તેઓ પદ્ય સાહિત્યનો આસ્વાદ માણવાથી થોડાં અળગા રહે છે તેનું મૂળ કારણ તો તેમના મનમાં પદ્ય સાહિત્ય અઘરું છે તેવી ગ્રંથિ બંધાયેલ હોય છે.

સ્વજનો વિવિધ શ્લોકો સ્વરબદ્ધ ગાતાં શીખી શકે અને તેઓને પદ્યમાં પણ રસ પડે તે હેતુથી ટ્રસ્ટીમંડળ દ્વારા થોડાં છંદોના Video નું સર્જન કરવામાં આવ્યું છે અને તેને યુ-ટ્યુબ ઉપર મુકવામાં આવ્યા છે.

નીચેનો કોડ સ્કેન કરવાથી વિવિધ છંદોના Video મળી રહેશે.

# તમોને શું?

### ગઝલ

દિનો ગાળીશું ચિંત્વનમાં, અગર મોજે વિતાવીશું;
કરી રો રો ગુજારીશું, તમોને શું? તમોને શું?

ત્રિશંકુ જેમ રહીશું કે જીવીશું કે મરી જઈશું;
ઊગરશું કે ફના થઈશું, તમોને શું? તમોને શું?

પડ્યાં જે સાથ પાનાં છે, અમે તે બેઉ સમજીશું;
અને અમ ફોડી સૌ લઈશું; તમોને શું? તમોને શું?

અમે થઈ ખુવાર ભટકીશું, નિરાંતે કૈં ન બેસીશું;
ઘરેઘર ભીખ માગીશું, તમોને શું? તમોને શું?

ભલે ગરદન ઝુકાવીશું, ઊમળકે તે કપાવીશું;
ચરણમાં ખાખ થઈ મરશું, તમોને શું? તમોને શું?

અમારા લોહીનાં બિંદુ બધાં પ્રિયને જ કાજે છે
અમો વેચાઈશું એને; તમોને શું? તમોને શું?

અમારાં દેહ, મન, બુદ્ધિ, સમર્પિત પ્રાણ છે એને;
ઈશારે ચાલશું એને; તમોને શું? તમોને શું?

ગમ્યો છે રાહ જે એને અમોને તે મુબારક છે;
અમો થઈ અંધ દોડીશું; તમોને શું? તમોને શું?

અમોને જોઈને દાઝો તમે દુનિયા તણા લોકો!
અમારો દોષ કાં દેખો? જુઓ તોયે અમોને શું?

# હૃદય ચીરી પ્રભો! જોજે

**ગઝલ**

કરી એવું બતાવું શું નજરમાં તારી આવું કે?
શી રીતે વીનવું હું કે મળે દિલ, ને મને ચાહે?

બતાવું ભાવ ઉરના શા પ્રભો! જેથી તું ઉર રીઝે?
જૂઠું જો બાળનું લાગે હૃદય ચીરી પ્રભો! જોજે.

તને પોકારું શા નામે? તને પ્રિય શું, કહે તું તે;
રટ્યા કરું દિનરજની હું, સ્મરી બનું બાળ નિજરૂપે.

પ્રભો! સો વાતની તુજને, કહું છું વાત એક જ હું;
સુખેથી બાપ! કહી દેજે તને ગમતું, કરું જે હું.

• • •

# પૂરો નિજનો બનાવી દે

### ગઝલ

ઢળ્યો છું બાળ હું ચરણે, પિતા! હૃદયે લગાવી દે;
વિનંતિ કે દિલે મારા, પ્રભુ! વાસો વસાવી દે.

ઝુકાવ્યું નાવ વિશ્વાસે, કિનારે તું લગાવી દે;
ભરોંસે હું રહું તારે, પૂરો નિજનો બનાવી દે.

પિતા! હું બાળ તારું છું, પ્રભો! તેને ભણાવી દે;
બનું ચાલાક જેથી હું, ઉકેલું ગૂંચ, ચાવી દે.

પળેપળ ચિત્તને મારા, ચરણ કમળે ઠરાવી દે;
પ્રભો! તુજ પ્રેમની આંટી બરાબર ત્યાં ભરાવી દે.

પ્રભો! તારા ઊંડા ભાવો, હૃદય એવા ઠરાવી દે;
ન જ્યાંથી કે વહે બીજા, પ્રભુ! એવું કરાવી દે.

• • •

# સુખેથી મોજ માણોને

### ગઝલ

જગતના લોક બહુ ડાહ્યા; હશે ત્રિકાળ જ્ઞાનીયે!
ન લેવા દે કદી કોને હૃદયનું માપ, એવા છે.

જરા નબળો દીઠો પોચો તમે, કે સ્વાર થાઓ છો;
હશે કારણ ઊંડું શું જે, જરી ના તે નિહાળો છો.

ન જાણો, શું કહું તમને? તમે જાતે ઠગાઓ છો;
ઊંધો ઉર ધારી લેવામાં બીજાને, ત્યાં જ ભૂલો છો.

ઉરે જે હો તમારે, છે બીજામાં એમ કાં માનો?
હશે પિંડે, ગણી તેને જ બ્રહ્માંડે, તમે ભૂલો;
થયો કમળો, જુઓ પીળું, નિશે ચકચૂર કાં ડૂલો?

સગી નિજ માતને કોઈ કહો, ડાકણ કહેશે શું?
રહ્યું ચાલી બધે એવું બની અંધા, મને કહો શું?

છતાં મારે પડી શી છે? ભલે જેવો કહો, છું તે;
ભલે તેવું તમે માની સુખેથી મોજ માણોને.

• • •

# અનુભવી એકલો જાણે

**ગઝલ**

ચરણરજનો પ્રભુ! મહિમા હું જાણું છું, રડું તેથી;
કંઈ કરતા દયા લાવી મને ઉર લે ઉમળકેથી.

ન નાખે એક પણ કણ તું, બિછાવે જાળ પણ ના તું;
છતાં તું પારધિ કેવો ફસાવે છે પૂરો! કહું શું!

હૃદયની વેદના ઊંડી, બતાવી ના શકે કોને;
ફસ્યો, છટકી શકે ના તે, વધુ ખેંચાય જાયે ને.

ન સમજાવાય કથની તે, કહી, રડી, વર્ણી કો રીતે;
મૂગો એ માર કેવો છે, અનુભવી એકલો જાણે.

યથાર્થ જ 'કૃષ્ણ' કહેવાયે, ગુણો તુજ નામ જેવા છે;
મને આકર્ષી ખેંચે છે, જરા આરામ લેવા દે.

• • •

# છતાં શિર ના ઉઠાવે છે

## ગઝલ

પ્રભુ! તવ પાદપદ્મે તે ભર્યું શું જાદુ, કે જેથી,
ધર્યું શિર એક વારે જો, ઉઠાવી ના શકે પદથી.

સગાંવહાલાં સહુ ચૂંટે, દુઃખોના ડુંગરા તૂટે;
હૃદયથી હામ પણ ખૂટે, છતાં શિર ના ઉઠાવે છે.

જવાશે શી રીતે ધામે! હૃદય બેચેન, ના હામે;
નિરાશા ઉર બધે જામે, છતાં શિર ના ઉઠાવે છે.

જરી શ્રદ્ધા નહીં ખૂટે, જગત આખું ભલે રૂઠે;
સ્વીકારી મોત તે લેશે, પરંતુ ના મચક દેશે.

પ્રભો! શિર એવું મેં ચરણે, સમર્પ્યું છે તને હોંશે;
કરી આજીજી, યાચું કે સદા ઉર રાખ સંતોષે.

• • •

# કૃપાથી બાળ ઉર લેવો

### ગઝલ

તને ક્હેવા પ્રભુ! મુજને, મળ્યો છે હક્ક કંઈ એવો,
ચરણમાં તેથી કહું તારે કૃપાથી બાળ ઉર લેવો.

પ્રભુ! જ્યાં બાળનું માગ્યું, મળે ના, ત્યાં કરે તે શું?
અવર ના બાળ જાણું હું, રડી માથું કૂટું છું હું.

પ્રભુ! તુજથી રહે છે કૈં હૃદયનું દર્દ છૂપું શું?
રડી રડીને પ્રભુજી! શું બતાવું દંભ ઉરનો હું?

પરંતુ હું હૃદય જાણું હું તો બહુ બાળ નિર્બળ છું;
કરી ના હું શકું બીજું, પૂરો કમભાગી એવો છું.

• • •

# પ્રભુ! પ્રાર્થું, 'કૃપા કરજો'

**ગઝલ**

ફૂટેલું કર્મ જ્યાં મારું, બીજાંને દોષ દેવો શેં?
ઢળી તેથી ચરણમાં હું દિનો કાઢું મહાકષ્ટે.

થતો ગરકાવ જ્યારે હું નિરાશામાં જઈ ડૂબી,
સદા કરી તું દયા, આણે ઉપર, જીવી શકું તેથી.

રડી રડીને કહેવાની પડી છે ટેવ તો મુજને;
રખે તેથી તું કંટાળે! વિના તું હું કહું કોને?

પ્રભુ! જે હું કહું તેમાં તું એક જ છે સગો સાચો,
હૃદયના ભાવથી ઊંડા પ્રભુ! પ્રાર્થું, 'કૃપા કરજો'.

• • •

# મને માગ્યું પ્રભુ! દે તું.

**ગઝલ**

થયો સંબંધ તુજ સાથે હૃદયનો, જ્યારથી પ્રભુજી!
મને બહુ દુઃખ સાલે કે રહું નિશ્ચિંત ના જરી હું.

કરમ કથની સુણાવું શું ફરી ફરીને તને તે હું!
બકાવી શેં મને મારે? નજરમાં કેમ ના લે તું?

તને કો રીતથી વીનવું? ઊંડું યાચું પ્રભુ! કેવું?
સૂણોને દાદ મારી, કે પળેપળ જેથી સુખ માણું.

વધુ શું હું કહું તુજને! લજાવી બાળ મારે તું;
દયા કર બાળની પર ને મને માગ્યું પ્રભુ! દે તું.

• • •

# પ્રભુ! તો બાળ હું રાચું.

**ગઝલ**

પિતા! તુજ આંગળી ઝાલી સદા છે ચાલવું મારે;
હૃદય ઉમેદ મારે એ, દયા કર, કાં ન સંભાળે?

ઝૂરીને ખાખ થાવાનું રડી મરવું, મળ્યું કર્મે;
પ્રભુ! શું એટલા માટે જગાવ્યો પ્રેમ તેં હૃદયે?

પ્રભુ! આધારથી તારે પળેપળ રે'વું છે મારે;
પછી શેં દોષ કાઢું હું? પ્રભુ! કરજે, તું જે ધારે.

નકામું બોલવું મારું; ઉરે તે હું બધું જાણું;
છતાંયે દુઃખ ઉરનું તે બકાવે; કેમ સુખ માણું!

ઢળી તવ પાદપદ્મે હું અવર કંઈ બાળ ના યાચું;
ચરણમાં રાખી લે મુજને પ્રભુ! તો બાળ હું રાચું.

• • •

# ક્ષમા કરજે, ક્ષમા કરજે

## ગઝલ

પ્રભુ! તવ નામનું જાદુ ઉરે મારે જરી જાણ્યું;
ઠરી ઠામે ન તે બેસે હવે; સુખ ના કંઈ માણ્યું.

હજી પૂણી પહેલી છે પ્રભુ! પાશેરમાં, ત્યાં શું
-અનુભવું ઉરમાં આ હું! તું જાણે, હું શું સમજાવું!

પ્રભુ! તુજ બાળ છું જાણી સીધે રાહે તું દોરવજે;
નિવેડો બાપ! ઝટ આણી મને ધામે લઈ લેજે.

પિતા! હું-બાળ જાણું છું પૂરી બરદાસ તું લે છે;
છતાં તવ કામમાં ટોકું; ક્ષમા કરજે, ક્ષમા કરજે.

• • •

# મને શેં તું સતાવે છે!

**ગઝલ**

કૃપાથી સંતની, બીજા છૂટ્યાં રાગો, અને ઉરમાં
સ્ફુર્યો છે રાગ તવ પ્રત્યે, કરી ડોકિયું તેમાં.

ચરણમાં હું પડયો ત્યાં તું પ્રભુ! શેં આમ પીડે છે!
ન જાણું દોષ હું મારો મને શેં તું સતાવે છે!

પ્રભુ! અદકું ભલું આથી મરણ, એવું મને લાગે;
ગમે તો બાળને લઈ લે પ્રભુ! પણ અંત આણી દે.

તને વીનવું ઊંડું ઊંડું બીજી કો રીત ના જાણું;
મને અંકે રમાડોને કહી 'તું બાળ છે મારું'.

• • •

# કૃપાદ્રષ્ટિ કરી જો તું

**ગઝલ**

ચરણકમળે ઢળ્યો છું હું કૃપાદ્રષ્ટિ કરી જો તું;
મરું છું બાળ રવડી હું, છતી આંખે ન દેખે શું?

પ્રભુ! એથી હું માનું કે હશે એવી જ તુજ મરજી;
સહી લઉં પ્રેમથી, રાજી રહુ, તું જે મહીં રાજી.

ગણી લઉં એ કૃપા તારી, ભલે હો દુઃખ દેનારી;
પ્રભુ! હજીયે વધુ માગું; હૃદયમાં હામ તવ ધારી.

ગમે તુજને તું કર તેવું હરફ નવ એક હું કાઢું;
હૃદયમાં આશ ધારી હું પડી રહું દેખી તુજ સામું.

• • •

# તમે અજમાવી જોજો તે

**ગઝલ**

જગતના લોકને કહું હું રખે જૂઠું તમે સમજો;
રડયું છે દુઃખ જે મેં તે તમારું દુઃખ ના સમજો.

અમારા દુઃખમાં ઊંડુ વસે સુખ તે બતાવું શેં!
બતાવું હું તમોને, તો તમે ના જાણી શકશો તે.

અહંકારી ભલે ગણજો; પડી ના તેની મારે છે;
ચરણના દુઃખમાં સુખ જે વસે, તે જોઈ લો જાતે.

બીજી કો રીત ના તેની જણાવી જે શકું તમને;
બતાવ્યું જાણ્યું મેં જે તે તમે અજમાવી જોજો તે.

• • •

# એવું કરી તું દે

**ગઝલ**

પ્રભુ! હું બાળ તારું છું સદા પળપળ મને સુખ દે;
નિરાંતે જેથી હું સૂઈ રહું એવું કરી તું દે.

ચરણમાં હું પડી રહું, ને બધું રડવું ભુલાવી દે;
પ્રભુ! તુજ તેજની ઝાંખી હૃદય ઊંડી કરાવી દે.

ક્ષણેક્ષણ પ્રેમની લહરી પ્રભુ! ચરણે વહાવી દે;
હૃદય-ભાવો ઊંડા તુજ કાજ હંમેશા સ્ફુરાવી દે.

રહું વંચિત કૃપાથી હું, નહીં પળ એક એવું દે;
દયા એવી વિભુ! વાંછું હું તારી; માગ્યું એવું દે.

• • •

# પ્રભુ! જ્યાં હું જ તારો છું

**ગઝલ**

મળે નવ પાસમાં કોડી, જમીન - જાગીર, મિલકત ના;
તને કે હું સમર્પું જે; બીજુંયે એવું પાસે ના.

ન શક્તિ છે દિલે મારે તને દેવા; હું નિર્બળ છું;
તને હું-બાળ શું અર્પું! પ્રભુ! જ્યાં હું જ તારો છું.

ન ઉરમાં ભાવ છે ઊંડા ભજું કે જેથી હું તુજને;
પ્રભુ! નવ પ્રેમ મુજમાં છે તને હું ચાહું શી રીતે!

પ્રભુ! કમબુદ્ધિનો, મૂર્ખો ખરે! અડબોથ પૂરો છું;
તને રીઝવી શકું શેં હું! વળી પ્રાર્થી શકું પણ શું!

અવર નવ આવડે કાંઈ સ્મરી બસ નામ હું જાણું;
ચરણકમળે ઢળી તારે બીજું સુખ ના કંઈ માણું.

• • •

# દયા કર તું, દયા કર તું

### ગઝલ

ચરણરજ જ્યારથી નમણે અડાડી, ત્યારથી ઉર તું
-વસે; છે ના અવર મુજ કો; તું સાચો એક છે, જાણું.

પ્રભુ! તેથી ઢળી રહીને સદા ઉર-યત્ન કરતો હું;
ન આવે કો રીતે કેડો પ્રભુ! તુજ બાળ મરતો હું.

દયાનિધિ તું કહેવાયે; મને વંચિત રાખે શું?
તને કગરી કહું છું હું દયા કર તું, દયા કર તું.

પિતા તે બાળ શું ભૂખ્યો કદી રાખે? સુણ્યું શું એ?
ચરણમાં આશ ધારી હું પડયો છું ધ્યાનમાં લેજે.

• • •

# મને મારે લજાવી શું

**ગઝલ**

પ્રભુ! તુજ નામનો મહિમા સુણ્યો મેં સંતના મુખથી;
ઢળ્યો છું ત્યારથી શરણે સ્વીકારી લે; જીવું દુઃખથી.

દશા મુજ તું પ્રભુ! જાણે; બકાવે બાળને તો શું!
તને કહું શું વધુ પ્રભુ! હું મને મારે લજાવી શું!

કૃપા વિણ તારી નવ ફાવું; તને વીનવું, મને દે તે;
કહે શો ભાર પડશે? તું કરે ક્યમ વાર તો શાને?

હરે છે પાપ જ્યમ ગંગા, હરે છે તાપ જ્યમ ચંદા;
પ્રભુ! એવું હરી લે તું બધુંયે મારું દળદર આ.

• • •

# ઉરે દિન એક ચાંપીને

**ગઝલ**

ભિખારી છું હું, દે વર તું, અધિક એ સ્વર્ગથી પણ છે;
નમી તેથી તને યાચું ઉરે એ એક માન્યું છે.

પડયો રહી હું કરું માગ્યા; પ્રભુ! જો મોજ આવે, તો;
-પૂરું યાચેલ બાળકનું તું દેજે; હું રડયા કરતો.

ઢળ્યો છું હું ચરણકમળે પ્રભુ! મુજ મેળવ્યા વિણ તે;
-કદી ઉઠીશ નવ કેમે, ભલે તું ચાહ્ય સો કરજે.

મુખેથી તેં જ ભાખ્યું છે પ્રભુ! તારું શરણ લે જે;
-જરૂર આશા ફળે તેની; નિરાશા શી રહે ત્યારે!

પ્રભુ! શ્રદ્ધા અને પૂરો હૃદય વિશ્વાસ મારે છે;
ઉરે દિન એક ચાંપીને મને પ્રભુ! ધન્ય તું કરશે.

• • •

# પિતા! ઉર બાળ લેની તું

**ગઝલ**

પ્રભુ! તવ માર પણ સારો ઉરે એ મેં અનુભવ્યું છે;
વધાવી પ્રેમથી તેથી સહે છે બાળ તુજ સૌ તે.

પ્રભુ! એ દુઃખથી પાસે વધુ તવ બાળ આવે છે;
કરું ના તેથી પરવા હું, ભલે વર્ષાવની તું તે.

પ્રભુ! આશિષ તારી એ હૃદય એવું લઉં માની;
અને સહી, કૈં નવું બળ હું ગમે ત્યમ લાવું છું તાણી.

ચરણકમળે ઢળી તારે અવર નવ બાળ યાચું છું;
કૃપા વર્ષાવ મુજ પર ને પિતા! ઉર બાળ લેની તું.

• • •

# ક્ષમા કરજે, ક્ષમા કરજે

### ગઝલ

પ્રભુ! છે રોકડી પરખી નકી મેં સંતસંગતથી;
ચરણકમળો રહ્યો સાહી પ્રભુ! તારા હું તો તેથી.

અરે! જેણે તને ચાહ્યો બધાંને તેં રડાવ્યા છે;
પછી તો શું સુણાવું હું કરમકથની કઠણ મુજ જે!

નકામું બોલવું આ સૌ હું જાણું છું, કરું પણ શું!
રડાવે તું, રડું ત્યારે; ચલાવે, બાળ ચાલુ છું.

તને હું-બાળ ચાહું છું દિલે કંઈ તું દયા કરજે;
બક્યા મૂર્ખો કરું જે કૈં, ક્ષમા કરજે, ક્ષમા કરજે.

• • •

# મરું તારો પ્રભુ! માર્યો

**ગઝલ**

પ્રભુ! 'ચૂમ્યા કરું ચરણો પળેપળ' એમ હું યાચું;
ઢળ્યો છું જ્યારથી શરણે, હું યાચું; જો સૂણે રાચું.

તને હું વીનવી થાક્યો, કહી, પોકારી પરવાર્યો;
પરંતુ ના સુણે મારું; મરું તારો પ્રભુ! માર્યો.

પ્રભુ! નક્કી ઉરે જાણું કહેવું સર્વ ફોકટ છે;
કરું શું? બાળ નિર્બળ છું; બક્યા વિણ ના જ રે'વાયે.

દશા છે દીનની એવી; પ્રભુ! નીરખી રહ્યો શું છે!
વિના તું કો બીજું મારી ખબર લે; લ્હે તું મનમાં એ.

• • •

# સંભાળી બાળને લે તું

**ગઝલ**

પૂરો પાપી, વળી કામી, શરણ તોયે ઢળ્યો છું હું;
અરજ મારી પ્રભુ! એ છે, સંભાળી બાળને લે તું.

પ્રભુ! વ્યોમે બહુ ઊંચે ભ્રમણ ગીધો કરે, પણ તે
-નજર વિષ્ટા ભણી રાખે; દશા મારીય એવી છે.

છતાં વિશ્વાસ પૂરો છે, પ્રભુ! તવ નામનો ઉરમાં;
બચાવી બાળને લેશે જીવું છું એજ આશામાં.

પ્રભુ! ઓળંગવાને હું મથું છું આભ, નિર્બળ છું;
કહે, શી રીતથી પ્હોંચું? કૃપાથી સ્હાય દે વીનવું.

ઘણું રડતું નિહાળીને ઉરે લે માત બાળકને;
દયા તેવી પ્રભુ! આણી નિગાહ્થી જો રવડતાને.

● ● ●

# કૃપા કરી રાંકનું સુણ તું

**ગઝલ**

નહિ કો રાંકનું જગમાં; નહિ તેનો પ્રભુ પણ શું?
તને ઉરથી ઊંડું પ્રાર્થું, કૃપા કરી રાંકનું સુણ તું.

સુણ્યું'તું, 'કોઈ ના જેનું રહે તેનો થઈ પ્રભુ! તું';
મરું માથું પછાડી હું છતાં ધ્યાને નહીં લે તું.

પ્રભુ! વિશ્વાસમાં પૂરો લઈ શિર કેમ કાપે તું?
તને કપટી કહ્યો, વર્ણ્યો; હવે તે મર્મ સમજું છું.

અહા! જ્યાં કંઈ ન ચાલે છે, સહન કરવું રહ્યું ત્યાં છે;
છતાં બકવાની શાને તેં પ્રભુજી! ટેવ પાડી છે?

• • •

# નકી જાણું હૃદય હું તે

**ગઝલ**

રહી સગડગ હજી ઉરમાં; કહે, ઉરથી ટળે શેં તે?
પ્રભુ! તું ચાવી એની છે નકી જાણું હૃદય હું તે.

તને સમજાવવું ત્યાં શું પ્રભુ! જ્યાં સર્વ સમજે તું!
તું ઘટઘટની જહીં જાણે તને ત્યાં હું જણાવું શું!

રહ્યુંસહ્યું હોય અંતર જે કરી દે દૂર હું વીનવું;
પ્રભુ! શું રાંકને કર્મે લખ્યું છે એકલું રડવું?

• • •

# પ્રભુ! તુજ હેતુ તું જાણે

**ગઝલ**

પ્રભુ! મારી સ્થિતિ જોને, હૃદયનું દુઃખ મુજ જોને;
તને દુઃખ હોત, જાણત, કે વીતે કેવું વિષમ ટાણે.

મૂરખ, અજ્ઞાની બાળક છું, તને અણજાણ માનું છું;
નકી તું સર્વ સમજે છે, છતાં બોલે નહીં કંઈ તું.

તવાયા વિણ સોનાનું ઘરેણું ના બની શકતું;
પ્રભુ! તુજ હેતુ તું જાણે, કરે કે આમ શાથી તું.

પ્રભુ! વિશ્વાસ તારો છે અશુભ નવ બાળનું કરશે;
ભરોંસે એ સહું પ્રેમે શિરે નાખે બધું તે તે.

• • •

# પ્રભુ! તુજ બાળ સામું જો

**ગઝલ**

શરણમાં હું પડી યાચું, પ્રભુ! તુજ બાળ સામું જો;
થઈ જીભનો ગયો ચૂરો શકું શેં વર્ણવી એ તો?

પ્રભુ! તુજને કહેવાની જરૂર શી છે, કહે તે તું;
નકી ઉરમાં હું સમજું કે તને સહુ એ હશે ગમતું.

વસે અણુયે અણુમાં તું રહે અણજાણ પછી ક્યમ તું?
જગત ચાલે, ચલાવ્યું તેં; બકાવે, તેમ હું બકું છું.

મને રાખીશ આવો તું પ્રભુજી! ક્યાં સુધી? કહે તું;
રડી મરવું જ પડશે કે? પ્રભુ! સંસ્કાર એવા શું?

પ્રભુ! ધારે ઉરે જો તું, નકી મારી ખબર તું લે;
ખવાડું મેળ પણ શેં હું? તને કહું એમ કરવાને

ગમે જે કંઈ તને કરવું, ભલે તે તું કર્યા કરજે;
રખે, જોજે રહે બાકી કંઈ જરી; તું પૂરું કરજે.

• • •

# પ્રભુ! દે મારું એ માગ્યું

**ગઝલ**

પ્રભુ! મુજને સતાવે શું! કહે, તુજ હાથ આવે શું?
ચરણમાં જ્યાં પડયો તારે, પછી શેં દુઃખ રાખે તું?

પિતા! હું બાળ તારું છું; હૃદયથી કેમ ના તું લે;
તને હું કેમ બોલાવું, પ્રભુ! કે તું રીઝી જાયે!

મને રડયા વિના કાંઈ પ્રભુ! ના આવડે બીજું;
ખરે! જ્યાં બાળનું માગ્યું મળે ના, તે કરે ત્યાં શું?

પળેપળ અંકમાં તારા નિરાંતે હું રમું હોંશે;
પ્રભુ! દે મારું એ માગ્યું, રહું તો તો હું સંતોષે.

• • •

# કૃપાથી એવું કરી દે તું

**ગઝલ**

પ્રભુ! તુજ નામનો મહિમા સુણી શરણે ઢળ્યો છું હું;
ચખાડી સ્વાદ જરી ઉરમાં મને ટટળાવી મારે શું?

રમકડું દૂરથી શિશુને પ્રભુ! દેખાડી લલચાવે;
હવે દેવું રહ્યું તો ક્યાં, ઉપરથી તું રડાવે શેં?

ગમે શું પીડવું શિશુને ભલે તો તેમ થાવા દે;
રડી રડી બાળ છો મરતું, ફિકર તેની હું રાખું શેં?

ઊઠેલી આગ જે ઉરમાં હું તેમાં ભસ્મ થઈ જાઉં;
પછી તુજ કામમાં આવું કૃપાથી એવું કરી દે તું.

● ● ●

# મળે ના, ત્યાં સુધી રડવું

**ગઝલ**

પ્રભુ! શિર દુઃખનાં અભ્રો, તૂટીને બાપ! વરસે છે;
રૂંવે રૂવું થયું ઊભું બધે શરદીથી, તું જોજે.

સહુ હું પ્રેમથી સઘળું; થયો સંબંધ ઘાડો જે,
બકાવે પ્રેમ મારો એ તને સંબોધીને સહુ તે.

ગમે જો સૂણવું, સૂણજે' કહું એવુંય કાં તુજને?
શિશુને રોતું દેખીને કૃપા જડ્યા, ઉરે લેજે.

રડી રડી હું પ્રભુ! પાડી બરાડા, કંઠ શોષાવું;
ઉરે નક્કી કર્યું છે કે મળે ના, ત્યાં સુધી રડવું.

મનેયે છેક છેડે તું ગયેલો જ્યાં પ્રભુ! જોશે;
ઉરે લીધા વિના છૂટકો નથી જીવાય એ આશે.

• • •

# અવર નવ બાળ યાચું હું

### ગઝલ

પ્રભુ! તવ બાળને જોજે નિગાહ્થી એ અરજ મારી;
ઉરે ભય ખૂબ લાગ્યાથી પ્રીતિ ઊંડી સ્ફુરી તારી.

'પ્રભુ! જગમાં હું બૂરો છું', હૃદે એ જ્ઞાન પ્રકટાવ્યું;
ઢળાયું, તુજ કૃપાથી તો, શરણ, પણ પૂરું ના ફાવ્યું.

ગણી લે દોષ કર્મોનો કરું અપરાધ હું જે જે
ભૂલું, ચૂકું, કદી જો હું, ક્ષમા કરજે, ક્ષમા કરજે.

પ્રભો! તારો થવા પૂરો રડી, કગરી મરું છું હું,
દયા દિલમાં પિતા ધરજે, અવર નવ બાળ યાચું હું.

• • •

# ગણી તુજ છોરું ઉર લે તું

**ગઝલ**

ગરીબ હું બાળ તારો છું, ખબર લેની પ્રભુ! મારી;
અવર સંગી મળ્યું છે ના, જગતમાં આશ બસ તારી.

તને જે દર્દ છે છૂપું રડી તે શું જણાવું હું!
તુંથી છે દર્દ શું છૂપું, રડી કે તે જણાવું હું?

તને વીનવી મરું છું હું પ્રભુજી! દુઃખ મુજ હણ તું.
કહ્યું મારું ન તું કરશે, હૃદે હું બાળ જાણું છું;
પ્રભુ! વાર્યું કરે ના તું, સદા હાર્યું કરે છે તું.

પ્રભુ! હારી તને પ્રાર્થું છતાં કાને ધરે ના તું;
વધુ બીજું કશું કહું શું હું? ગણી તુજ છોરું ઉર લે તું.

• • •

# પ્રભુ! કરતો હશે શુભ બાળનું નિત્યે

**ગઝલ**

ચરણકમળે ઢળી તારે હજી સુખ ના મને લાધ્યું;
કરું નવ માંગણી એની, તને જેવું ગમે, કર તું.

કહ્યું શું મારું કંઈ થાશે, પ્રભુ! કે હું કહું તુજને;
છતાં માનું પ્રભુ! કરતો હશે શુભ બાળનું નિત્યે.

પ્રભુ! પડી ટેવ શેં ટળશે? ન મળતાં હાથ પગ બેઉ
-ઘસી મરી હું રડું, કકળું, વળી માથું પછાડું છું.

પરંતુ બાપ! તું એવો દયા કે દાખવે નહિ તું;
થવાનું તે ભલે થાઓ! જરી પરવા ધરું ના હું.

ઢળી શરણે, શું વીતવામાં હજી બાકી રહ્યું કૈં છે?
રહ્યું તે, તો પૂરું કર પણ કૃપાથી અંત આણી દે.

• • •

# ઢળ્યો શરણે છું તેથી હું

**ગઝલ**

સદા નિશ્ચિંત સંતોને સુખે સૂઈ રહેતા હું;
નિહાળી બાળ લલચાયો; ઢળ્યો શરણે છું તેથી હું.

વિસાતે ના ગણું કૈં તે, ઉરે છે દુઃખ મારે જે;
બળું પણ, મસ્ત આનંદે બીજાને જોઈ, ઈર્ષાએ.

ગુન્હો મુજ ના કરે; તેથી શી રીતે દૂર થાઉં ને;
- બનું હું આરસી કે જ્યાં પ્રભુ! પ્રતિબિંબ તુજ દેખે.

હૃદયની એટલી ઈચ્છા પ્રભુ! છે, પૂરી કર તું તે;
પળેપળ ખેલવા દેને ઉછંગે તુજ, કૃપા કરને.

• • •

# ફિકર તેની ન રાખું હું

### ગઝલ

પ્રભુ! અજ્ઞાન છોરું છું, ન સમજું કૈં, છું કમબુદ્ધિ;
વળી છું છેક બોથડ હું, જરીમાં જાઉં ના રીઝી.

પ્રભુ! સંતોષ ના માણું, મળે ના જ્યાં સુધી પૂરું;
ભલે રવડી મરી જાઉં, ફિકર તેની ન રાખું હું.

નકી દિન આવશે એવો પ્રભુજી! એક, કે જયારે;
-મને, તું, બાળને લેશે ઉમંગે ઉર મહીં જાતે.

પ્રભુ! હું વાટ એ દિનની હ્દે જોઈ રહી, જીવું;
સહ્યા કરું ત્યાં સુધી પ્રેમે શિરે જે સર્વ નાખે તું.

• • •

# તમે મન ફાવતું ક્હેજો

## ગઝલ

મને લોકોની ના પરવા; ચઢાવે શૂળીએ છોને;
જીવું શું લોકને માટે? ડરું હું બાળ તેથી શેં?

લખાવી હું નથી જન્મ્યો તમારું કહેવું સૌ કરવા;
નજરમાં આવશે મારી જઈશ ત્યાં બાળ હું ચરવા.

તમે મન ફાવતું ક્હેજો; વળી સ્હેવાય તો સ્હેજો;
જરી પળશી★ કરું ના હું તમારી, ચાહ્ય સો કરજો.

તમે જેને કહો રાત્રિ હું તો એને જ દિન દેખું;
પછી શો મેળ બેસે છે, છતી જ્યાં આંખ, અંધારું?

નજર ઊંડી કરી ન્યાળી તપાસી કહો હૃદે શું છે;
દીવા જેવું જણાશે ત્યાં છતાં શિરજોરી+ કરવી છે!

જુઓ ડોળા શું ફાડીને તમે સૌ બેશરમ લોકો!
હઠી મુજ માર્ગથી જાઓ, તમે નિજનું જ અવલોકો.

● ● ●

---

★ પળશી=ખુશામત

+ શિરજોરી= જોર

# જગે લાજીશ જાતે તું

### ગઝલ

કૂડું, ભૂંડું, છતાં નિજનું પ્રભુ! છું મૂર્ખ છોરું હું;
ઘરે રાખે મને નહિ જો, જગે લાજીશ જાતે તું.

નથી છૂટકો તને કાંઈ વિના લીધા મને સાથે;
જડયાં હારે જહીં માથાં, મને તો પાળવો પડશે.

વશે, કવશે મને તારે પ્રભુ! એ આપવું પડશે;
ઉરે નિશ્ચય પ્રભુ! મારે ઠસ્યો છે, તેથી જીવાયે.

મહાકષ્ટે હું કાઢું છું દિનો મારા, તું જો સામું;
હૃદયની ઊંડી એ વિનતિ, ધરું જો કાન, હું પામું.

• • •

# હું માગું, પ્રેમથી દે તું.

**ગઝલ**

અજબ આકર્ષી ખેંચીને પ્રભુ! ભવસાગરેથી તેં;
-મને લીધો; કૃપા તારી શિરે વર્ષાવી બાળકને.

ઉરે પણ ના લહું સુખ હું; જરા નિશ્ચિંત ના સૂઉં;
પળેપળ મસ્ત થઈ ર્હેવું, હું માગું, પ્રેમથી દે તું.

કરી બળજોરી મુજથી તો શકાયે શી રીતે કદીયે?
ન એવો પ્રેમ ઊંડો છે કરું બળજોરી જેથી કે.

છતાં હું બાળ તારો છું; પ્રભુ! તું બાપ મારો છે;
પ્રભુ! તેથી ન છૂટકો છે દીધા વિણ, બાળ માગે જે.

• • •

# મને દેશે જ મુજ માગ્યું

### ગઝલ

પ્રથમ તો સૌ નમે સંતો, નમે નાદાન વળી સૌયે;
પ્રભુ! હું આવું બીજામાં છતાં તારો છું, મન તું લ્હે

રહ્યો વ્યાપી તું ઘટઘટમાં, છતાં અક્કર્મી એવો હું;
-મને કે તું નહીં દીસે પ્રભુ! તેથી રડું છું હું.

પ્રભુજી! બાળ નિજનાથી રહે કાં આમ સંતાઈ?
ઉરે ડંખે મને તો એ; થતી શી વેદના ભારી!

નિંભાડે મૂકી વાસણને કરે કુંભાર તે પાકું;
સહ્યાથી તેમ સઘળું, તું મને દેશે જ મુજ માગ્યું.

• • •

# સફળ કરની પ્રભુ! વાંછા

**ગઝલ**

પ્રભુ! અજ્ઞાન છોરું હું, જનાવર જેમ વર્તું છું;
સમજ ના ઊંડી ઉરમાં છે, વળી છું હીનબુદ્ધિ હું.

હું ખાઈ, પી અને લોટે જવાનું માત્ર જાણું ને;
બીજું ના આવડે કાંઈ હું મારું ભૂમિને ભારે.

સૂરજ વિષ્ટા ઉપર ફેંકે કિરણ, ત્યમ મારી ઉપર તું;
-કિરણ તારી કૃપાનાં કૈં મને સ્મરી ફેંકજે, માગું.

હૃદયમાં એટલી ઇચ્છા ધરું છું, બીજી કૈંયે ના;
તને ઊંડું ઊંડું પ્રાર્થું સફળ કરની પ્રભુ! વાંછા.

• • •

# કદી બબડું, ક્ષમા કરજે

### ગઝલ

પ્રભુજી! લાલચુ હું છું; મળે જે, તેથી ના થાયે
-ઉરે સંતોષ કૈંયે ને રહ્યું રડવાનું મુજ કરમે.

કરું શું તું જ જ્યાં રાખે અસંતોષી હૃદય મારું?
નથી કંઈ ચાલતું મારું પ્રભુ! તુજ થાય છે ધાર્યું.

પ્રભુ! ધાર્યું હશે તેં શું! મૂરખ હું બાળ જાણું શું!
પ્રભુ! મારે શિરે તેથી લઈ લઉં દોષ વ્હોરી હું.

કરે શુભ તું સદા મારું હૃદે વિશ્વાસ પાકો છે,
પછી ફરિયાદ કરવી શી! કદી બબડું, ક્ષમા કરજે.

• • •

# પળેપળ એવું રહેવું છે

**ગઝલ**

થયો થોડી પળો માટે ઉરે સુખનો અનુભવ જે
શકું ના વર્ણવી તે હું ન સમજાવાય વાચાએ.

પ્રભુ! મન, દેહ ને બુદ્ધિ વળી ચિત, પ્રાણ, સઘળાંયે
-થયા તે એકરસ દીઠાં હૃદથી રસ સેર છૂટે ને.

જગત ત્યાં શૂન્ય થઈ રે'તું, અવર આભાસ ના રે' છે;
ઉરે તલ્લીન રે'વાયે; કશાનું ભાન ના રે' છે.

લીધો જ્યાં સ્વાદ જરી, અળગું રહેવું બાપ! સાલે છે;
કૃપા વર્ષાવની પૂરી પળેપળ એવું રહેવું છે.

• • •

# રડી રડી બાળ હું થાક્યો

**ગઝલ**

કદી જો વિશ્વમાં કો હો રવડતાનું, પ્રભુ! તે તું;
પૂરું ઉરે ઠસ્યું છે તે કરે પણ સ્હાય ના કૈં તું.

કરમ કથની કહું જેને જગતમાં એક એવો તું;
સુણે, તો ન્યાલ થાવું હું, પણ નિગાહ્ દ્રષ્ટિ ન ફેંકે તું.

સ્વજન મારું થઈને તું સુણે જ્યાં દુઃખ નવ મારું,
કહે ત્યારે કહાં જઈને પ્રભુ! શિર ફોડું હું મારું.

રડી રડી બાળ હું થાક્યો, વળી તોયે રડું છું હું;
મને આરામ તું અર્પી શકે, પણ ધ્યાન ના લે તું.

• • •

# તને ગમતું કર્યા કરજે

**ગઝલ**

સહન કરતાં પ્રભુ! જાણ્યું નકી કે પાસમાં તું છે;
છતાં નવ હૂંફ અર્પે તું, ફૂટેલું જ કર્મ મારું છે.

કઠણ એ કર્મનો કાઢી, પ્રભુજી! દોષ ઉરમાં હું
-જરી જંપી ન બેસું છું, તને વીનવી મરું છું હું.

તને સંબોધી કહેવામાં કંઈ નવ બાકી રાખું ને
દિલે જે ભાવ ઊઠે છે, જણાવ્યા તે કરું રડીને.

બબડવું ને બકી મરવું, ઉરે એ ટેવ મારે છે;
પ્રભુ! તે સામું નવ જોતાં, તને ગમતું કર્યા કરજે.

• • •

# પ્રાર્થું પડી રે'વા પદે દે તું

**ગઝલ**

હૃદયના ભાવ સૂકવે તું, વળી મનને હઠાવે તું;
-પ્રભુ! તવ પાદપદ્મોથી, હશે કારણ ઊંડું ત્યાં શું?

ભલે વર્ષાવીને દુઃખો જગત આખું રૂઠાવે તું.
તને ઉર ચાહ્યસો કર પણ, પડી રે'વા પદે દે તું.

વિના એ સર્વ જે તારું, બધું જીરવી શકું તે હું;
તને ઢળી પાય હું પ્રાર્થું પડી રે'વા પદે દે તું.

જીવનની દોરી મારી એ; જીવું તેથી કરીને હું;
જિવાયે શેં જ તે તૂટ્યે ઉરે તે ખ્યાલ કરજે તું.

• • •

# ત્યારે કરું હું શું!

**ગઝલ**

ઊડી સ્ફુર્તિ ગઈ મનથી પ્રભુ! એવું કર્યું તેં શું!
કશામાં ક્યાંય નવ ગોઠે દિલે, ત્યારે કરું હું શું!

ઉરે ગમ ના પડે કાંઈ બન્યો મડદાલ જેવો હું;
તને ગમતું પછી કરજે પૂરો નિજનો બનાવી તું.

હતું સુખ દુઃખમાં પણ એ હવે જડ તેં બનાવ્યો શું!
હશે તુજ પ્રક્રિયામાંનું પ્રભુ! પગલું જ આવું શું!

અનુભવ, તર્ક ને બુદ્ધિ ન મારા બાળનાં પહોંચે;
મને રાખીશ આવો તું પ્રભુજી! ક્યાં સુધી ક્હે તે.

● ● ●

# પળ એક તું મુજને હૃદયથી દૂર ના કરજે

**ગઝલ**

હતું સર્વસ્વ મારું જે તને સઘળું સમર્પ્યું છે;
હવે છે પ્રાણનો મારા પ્રભુ! આધાર તું, લ્હે તે.

કદી ભૂલું, ચૂકું એ હું, દયાસાગર પ્રભુ! તું છે;
ટીપું બસ એક દેવાથી તને શી ખોટ આવે છે.

પડયો પાસે પ્રભુ! તેને ન પાળ્યા વિણ છૂટકો છે;
પછી જો બાળને લે તું હૃદે, ત્યાં પા'ડ કોને છે?

ગમે તેવો પ્રભુ! પણ છું હું તારો બાળ ના ભૂલજે;
પ્રભુ! પળ એક તું મુજને હૃદયથી દૂર ના કરજે.

• • •

# જરી નવ લાવશો ઓછું

**ગઝલ**

સ્વજનની સાંભળું જ્યાં જ્યાં થતી નિંદા, સમય તેવે
-ભળી હું જાઉં છું ભેગો, શીખ્યો છું એવું કો પાસે.

તમોને જોઈ રસ લેતા બધું ઉર ઠાલવે છે તે;
ખરું સ્નેહી અને તેનું પૂરું મન તેથી પરખાશે.

રખે જોજો તમે ભૂલો! કહ્યું મુજ કાન આવે તો
-ઢળી હું પાય માંગુ છું મને અન્યાય ના કરશો.

સદાયે કાળ જેવો હું હતો તેવો રહીશ જ હું
તમારી સંગ; ભૂલશો ના જરી નવ લાવશો ઓછું.

• • •

# રહે મગરૂર હૈયું તે

### ગઝલ

તને શી રીતથી કહું કે દિલે કંઈ ચોટ લાગી ર્હે;
ચરણકમળે ઢળી તારે રહે મગરૂર હૈયું તે.

હૃદયથી સ્નેહી જે દે છે, દિલે સ્નેહી ચહે છે તે;
જતન કરી જાળવે, પણ તેં ફના કરી ખાખ કીધું તે.

દિધું દિલ સ્નેહી મેં જાણી કરમ રૂઠયું, કરું ત્યાં શું?
તને ત્યાં દોષ દેવો શો! પૂરું લઉં ભોગવી તે હું.

ગમ્યું જે હે પ્રભુ! તુજને રીઝે તું જે થકી સહું હું;
જરી નિરાશ ના થાઉં; તને રુચ્યું, મને રુચ્યું.

• • •

# ભલે દુઃખ-ડુંગરો તૂટે

**ગઝલ**

પ્રભુ! તવ પાદપદ્મોમાં ભર્યું શું જાદુ એવું છે!
જનો વારી જતા લાખો ન પરવા પ્રાણની રાખે.

રજે તવ પાદપદ્મોની હૃદે એવી લગન લાગે
થવાયે કે ચલિત ના કૈં ભલે દુઃખ-ડુંગરો તૂટે.

પ્રભુ! તુજ નામની એવી અજબ કંઈ મોહિની જૂદી;
પતંગો થઈ બળે પણ તે મઝા ત્યાંથીય લે લૂંટી.

તને જે જે ગમ્યું તેમાં રહું રાજી થઈને હું;
પરંતુ બાળ થોડાથી ન રીઝું, ને સહું સૌ હું.

• • •

# સ્વજન તું મારું છે ઉરનું

## ગઝલ

ઊંડા દિલ-દર્દને કોઈ મળ્યું દહનાવનારું ના;
ત્રિલોકે એક એવું છે, નિગાહ્ માં લે જ કંઈ તે ના.

જઈ રડવું પ્રભુ! મારે કહીં, જ્યાં તું રૂઠે છે ત્યાં?
નજર મીઠી અમીભરી કાં ન નાખે તું કંઈ કરતાં?

જગતમાં એક એવો તું ચરણ આગળ ધરું સૌયે,
રહે સંકોચ ના તોયે, હૃદે જે જે સ્ફુરે, કહું તે.

તને કહેતાં ન ગભરાઉં; સ્વજન તું મારું છે ઉરનું;
બીજા કોની કને જઈને કરું હળવું, કહે ઉર હું.

બહુ રીસે ભરાઉં છું પ્રભુ! કો વાર તું પર હું;
ન કહેવા જેવું હું કહું છું; પ્રભુ! તે માફ કરજે તું.

• • •

# તને જ્યમ મોજમાં આવે

**ગઝલ**

દીધું જે એક વેળા મેં, ન સામું તેની જોઉં હું;
તને જ્યમ મોજમાં આવે, પ્રભુ! ઉપયોગ કરજે તું.

ભલે હૃદને ચીરી તુજને ગમે ભરવું મીઠું, ભર તું;
તને જે સોંપ્યું, તે તારું; ભલે ઉર ચાહ્ય સો કર તું.

ન કહેવાનો પ્રભુ! પણ છે કંઈ હક રાંકને મુજને;
હૃદય છે વીંધ્યું તેં પ્રેમે, બકાવે તે જ બાળકને.

શિશુની કાલીઘેલી જે, સુણે બોલી પિતા પ્રેમે;
કહેવું મારું સાંભળજે તું તેવું, હે પ્રભુ! ર્‌હેમે.

• • •

# તને કહું તેથી પોકારી

**ગઝલ**

‘ન કેડો કોઈનો લેવા મહીં છે સાર’ લોકો કહે;
કરી હઠ જોરથી હું તો ગ્રહી પાલવ પડ્યો તારે.

પ્રભુ! ઊંધું કરું છું હું મૂરખ તવ બાળ એવું છું;
ન સમજું હું કશામાં કૈં; મળે માગ્યું, રીઝું તો હું.

પિતા અંકે લઈ, થાકી, પૂરે છે જીદ બાળકની;
નથી છૂટકો પૂર્યા વિના પ્રભુ! તારોય જીદ મારી.

હૃદય વિશ્વાસ છે ભારી, વળી આશા મને તારી;
દયા કદી આવશે મારી તને કહું તેથી પોકારી.

• • •

# મહા કષ્ટે જિવાયે છે

### ગઝલ

રડી ઊંડું નિહાળ્યું છે, પ્રભુ! કે સાથમાં તું છે;
ટકી વિશ્વાસમાં એવા મહા કષ્ટે જિવાયે છે.

‘જિવાયે છે’ પ્રભુ! એ શેં હૃદયમાં પ્રશ્ન ઊઠે છે?
બહુ આકુળ વ્યાકુળતા થતાં ત્યાં વૃત્તિ ભાગે છે.

પ્રભુ! એ ખેલને તારા બરાબર ન્યાળું ઉરમાં હું;
ન ક્યાંયે છૂટકો મારો નચાવ્યો બાળ નાચું છું.

‘પ્રભુ! શું પ્રેમની આગળ નથી સહેવાતું?’ તે લ્હેજે;
બકાવ્યેથી મુખે મારે વધુ શોભા રહી શું છે?

નથી વાયુ જહીં એવા ઊંડા આકાશમાં વસવું;
કૃપાથી એવું કૈં કરી દે પળેપળ કે સ્ફુરે હસવું.

• • •

## ગમતું કરી તું લે

હૃદયમાં ઘા પડયા ઊંડા; પ્રભુ! ફરિયાદ ક્યાં કરવી?
પ્રભુ! દિલ અર્પ્યું જ્યાં પ્રેમે, ન અરજી કાન શેં ધરવી?

રડું હું; ગોપીચંદન મેં કર્યું છે ગાંઠનું દીસે;
કર્યું મેં તીર્થ ઘર બાળી મળ્યું રડવાનું કર્મે છે;
સુણાવું શું કથા મારી પ્રભુ! જ્યાં બેકદર તું છે?

વધુ નિર્બળ થતો જાઉં, ઉરે તારો હું જ્યમ થાઉં;
પ્રભુ! ત્યમ બાળ જકડાઉં; બધું આંખો મીચી સહું હું.

ઊંડા દિલ-દર્દની શોધી દવા નવ ક્યાંય કોઈએ;
મરી રવડયા, ફિટ્યા લાખો; ચરણનું જાદુ એવું છે.

પજવવું જો ગમે તુજને ભલે તો જા તું પજવી લે;
ગમે જો એમ પ્રભુ! તુજને ભલે તો જા સતાવી લે.
હરફ નવ એક કાઢું હું તને ગમતું કરી તું લે.

• • •

# મૂરખ અક્કલ વગરનો હું

**ગઝલ**

તને રડીને કહેવાની હૃદય તો સાફ ના કહે છે;
ઊંડું ઉર દુઃખ જે છે તે પ્રભુ! મુજને બકાવે છે.

પ્રભુ જાણે બધું ઉરનું, કંઈ પરવા ન રાખે છે;
ઉરે જરી ડોકિયું કરી જો; પીડા ત્યાં શી થઈ રહી છે.

નિગા'થી એક પળ જો તું ન બીજી યાચના ઉર છે;
કહેવું કાન જો ધરશે, સફળ થાશે સહ્યું સહુ તે.

જગતમાં કોઈ ના પાક્યું, તને સમજી શક્યું કે જે;
મૂરખ, અક્કલ વગરનો હું પ્રભુ! કરવા ચહું છું તે.

પ્રભુ! ગુંજાશ મારી શી! બહુ તો જોર રડવાનું;
બનાવું શેં તને મારો પ્રભુ! કે બાળ ફાવું હું.

• • •

# ન ફરકે એક રૂંવાડું, પ્રભુ!

### ગઝલ

કકળતાં, આટલું વીનવ્યે કસાઈ-પારધિ - ઉર જે
-નકી પીગળે; પ્રભુ! પણ તું રહે બધું જોઈ આરામે.

ન ફરકે એક રૂંવાડું, પ્રભુ! તારું; તું નિર્દય છે;
કઠણ જ્યાં કર્મ છે ત્યાં શેં સૂ'વાળી કાય અર્પી છે?

ન જિરવાયે, ન રહેવાયે, પડયો રહું કૂટીને શિર હું;
રડી છાનું, વિતાવું છું મહાકષ્ટે કરી દિન હું.

રહ્યું બાકી જ કર્મે એ; અવર કાંઈ કરું શું હું?
ધરે છે હાથ કાને જ્યાં પ્રભુજી! જાણીબૂજી તું.

• • •

# દિલે ફોરમ સ્ફુરે છે જે

**ગઝલ**

તમે લોકો પૂછો છો કે "રટણથી શું મળે છે જે (તુજને)?
"બધું અમને કહી દોને, તમારો જે અનુભવ છે."

મૂરખ, અજ્ઞાન છોરું હું, ન સમજું એવું ભારે હું;
ઉરે જે જાણું, કહું સૌ તે તમોને ગાંડુઘેલું હું.

ચરણરજ સંતની સેવી દિલે ફોરમ સ્ફુરે છે જે;
અનુભવજો તમે જાતે ખરું કે ખોટું કહેવું તે.

ચરણકમળે તમે એના તમારું હૈયું ઠાલવજો;
છૂપું હૃદયે કંઈ બાકી રહેવા ના જરી દેજો.

તમારાં પાપ સહુ કહેજો, વળી ત્યમ દુઃખ ત્યાં રડજો;
કૃપા એની શિરે ર્‌હેવા તમે ઉર યાચના કરજો.

સ્વજનને એકદિલ થઈને તમે વાતો બધી ક્‌હો છો;
જરી સંકોચ નવ રાખી તમે ત્યાં તેવું ઉર કહેજો.

તમે જ્યમ હારવા ટાણે બધી બાજી મૂકો ખુલ્લી,
કહેજો તેવી રીત સઘળું હૃદયનું તાળું ત્યાં ખોલી.

તમે ત્યાં જેવી બુદ્ધિથી જશો, તેવું નકી પામો;
કહું છું છાતી ઠોકી હું સફળ થાશે જ ઉર-કામો.

• • •

# રહું છું આર્તનાદે હું, પિતા! શિરભાર ઉતારો

**ગઝલ**

કીધાં કર્મો દુક્રિત★ કે વળી છું દુર્ગુણે પૂરો;
છતાં શરણે છું એ જોઈ હૃદયનું દુઃખ નિવારો.

વિપત વેળા પિતા જાણી તમારી સ્હાય હું યાચું;
મને બસ આશરો તારો; બીજા કોની કને માગું?

દુઃખી થઈ દર્દ ઊંડાથી, રવડતો આવિયો પાસે;
હરી લો દુઃખ બાળકનું જીવું કષ્ટે પ્રભુ! આશે.

શી રીતે યાચના કરવી પિતા પાસે, ન જાણું હું;
કરું પછી કેમ હું વિનતિ, ધરે કાને પ્રભુ! કે તું!

● ● ●

★ દુક્રિત= પાપ

# મહા દુઃખે કરી જીવું ઉગારી બાળને લે તું

**ગઝલ**

પ્રભુ વિણ કો નહિ માતા ધરી બસ આશરો તારો
-જીવનનૌકા ઝુકાવી છે; પ્રભુજી! પાર ઉતારો.

અડી અવસર ઊભો આવી સૂઝે ના કો દિશે મુજને;
ઉરે મૂંઝાઉં છું ભારે, પ્રભુજી! આવ તું વ્હારે.

મળે ના સ્હાય કો મારે, ભરોસે છું પ્રભુ! તારે;
પ્રભુ! દુઃખ ગાજતું માથે, ઝઝૂમું એકલે હાથે.

વિનયભાવે પ્રભુ! વીનવું તું જાણે શું વધુ કહેવું?
ધરી શ્રવણે પ્રભુ! અરજી વહાવોને કૃપા-મરજી.

• • •

## પિતા! નિજ બાળ લે અંકે, મરું છું દુઃખદર્દે હું

**ગઝલ**

બહિર્ વિચરેલ વૃત્તિને પ્રભુજી! ઘેર લાવીને,
ચરણકમળે કરી સ્થિર ઉરે ઊર્મિ જગવી દે.

શરણ ગ્રહી હું પિતા! વંદું ચરણકમળે હું શિર નામું;
હૃદયના ભાવથી પ્રાર્થું અરજ શ્રવણે પ્રભુ! ધર તું.

વિપત્તિનો સમય સમજી ગ્રહ્યો પાલવ પ્રભુજી! મેં
અણીને વેળ શેં પ્રભુજી! રવડતો રંક મૂક્યો તેં.

કૃપા કરી કષ્ટને કાપો, શિરે પ્રભુ! હાથને સ્થાપો;
ગરીબને શેં વધુ માપો! પ્રભુ! સુખ અંતનું આપો.

• • •

# પ્રભો! હૃદથી તને પ્રાર્થું સ્વીકારી બાળને લે તું

**ગઝલ**

કુટિલ કામી પ્રભુ! છું હું, નિમકનો છું હરામી હું;
ઢળ્યો એવો ચરણમાં હું, હૃદયમાં સ્થાન દે વીનવું.

કદી સત્સંગ નવ સેવ્યો સદા દુર્જન ઉરે ધાર્યો
ગુલામીથી છૂટું એવો હૃદે ઉપાય કો પ્રેરો.

વિષયનો ગૂંદું છું ગારો દહે છે ચિત્ત-વિકારો;
સહી ના હું શકું મારો પ્રભુજી! એથી ઉગારો.

દિસે ના ક્યાંય સુખ આરો, વિરોધી વૃત્તિ વિકારો;
ગણ્યો શું ભિન્ન? વિચારો ચરણમાં બુદ્ધિને ઠારો.

● ● ●

# તું જાણે શું શુભાશુભ છે

## ગઝલ

કરું શું રોષ બાળક હું પિતા! રાજી મને કર તું.
ન સમજી કાંઈ કરું જો હું, ગુન્હાને માફ કરજે તું;

કૃપા તુજ મેળવું શેં હું! ન તેની રીત કંઈ જાણું.
પિતા! લાડી, રડી જાણું બહુ તો હઠ કરી જાણું;

પ્રભુ! વિશ્વાસ હૃદયે છે નકી ધાર્યું થશે મારું.
તું જાણે શું શુભાશુભ છે, કહે, એ કે કેમ મળવાનું.

પિતા! શક્તિથી તારી હું હૃદયમાં જોર રાખું છું;
હું યત્કિંચિત્ રીઝવવાનું તને હૃદથી વળી મથું છું.

• • •

# ભિખારી છું; પ્રભુ! તુજ દ્વાર આવ્યો છું

**ગઝલ**

ભૂખ્યાને અન્ન દેનારું, દુઃખીની દાઝ ધરનારું;
મળ્યું ના કોઈ જગે એવું મીઠા બે બોલ કહેનારું

થયો હડધૂત પ્રભુજી! હું બધેથી, ના જડ્યું એવું -
-વિસામો છાંય દેનારું ગરીબને સ્હાય કરનારું.

જગતની શેરીઓ ઊંડી ગજવતો આર્તનાદે હું;
દિલાસો દિલ દેનારું મળ્યું શોધ્યું ન કો એવું.

'પ્રભુ! તુજ દ્વારથી કોઈ' - ભટકતાં માર્ગમાં જાણ્યું -
'ફર્યું છે ખાલી હાથે ના'; નકી હૈડે ખરું માન્યું.

મળી ના ભીખ ક્યાંયેથી પ્રભુ! રખડ્યો ઘરેઘર હું;
અભાગી હું ભિખારી છું; પ્રભુ! તુજ દ્વાર આવ્યો છું.

દયા લાવી ભિખારીની ભરી દે ઝોળી તું મારી;
રહે બાકી હવે આશા પ્રભુ! ઉર એકલી તારી.

• • •

## હું બાળ બાપ! તારો, શરણે ઢળ્યો ઉગારો.

### (જબ પ્રાણ તનસે નીકલે - એ ઢાળ)

થાકી પડયો છું ચરણે, ગ્રહી હાથ, લે તું શરણે;
અંતર બધું તું હરને; તરવું કૃપાને તરણે.

જેવી સ્થિતિમાં નાખે, રહું; બાળ ત્યાં શું ભાખે?
ઉર બાળ પ્રાર્થી થાકે, ચાલે શું જોર રાખ્યે?

દિન દીન થઈ હું ગાળું, આશાભર્યું હું ભાળું;
અશ્રુથી હું પખાળું તવ પાય; જો! કૃપાળુ!

હૃદ-મર્મ બાપ! જાણું, પણ હાથ શેં ન તાણું?
હૂંફ ગોદની ન માણું; પ્રભુ! વાશે ક્યારે વ્હાણું?

ઊંડી ઊંડી છે આશા; તેથી હું જોઈ તમાશા
જીવું છું બાપ! આસ્થા 'છો સાથે'; રાખો માઝા

તું ખોળે શેં ન સ્થાપું શેં સુખ મને ન આપું?
વીત્યું ઘણું છે, બાપુ! પ્રાર્થું, કૃપા દે ચાંપું.

• • •

# બસ એ કૃપા તું કરજે, તજું પ્રાણ, સૂધ લેજે

**(જબ પ્રાણ તનસે નીકલે - એ ઢાળ)**

જ્યાં પ્રાણ તન આ છોડે, સઘળો સંબંધ તોડે,
નહિ કોઈયે સતાવે બસ એ કૃપા તું કરજે.

રહે મન સ્મરણમાં તારું, મૂર્તિ હસંતી ભાળું;
ચરણો પ્રીતે પખાળું બસ એ કૃપા તું કરજે.

ભરપૂર ભાવ ઉરમાં, ને છાપ પાડી તેમાં;
ગુલતાન રહું મજામાં, બસ એ કૃપા તું કરજે.

મન-મસ્તીથી ખુમારી, સ્ફૂર્તિ આહ્‌લાદકારી;
પ્રકટે તે વેળ તારી, બસ એ કૃપા તું કરજે.

• • •

## કરુણા કરી લે ઉર તું.

### (જબ પ્રાણ તનસે નીકળે - એ ઢાળ)

આશે કુટાયો તારી, થઈ જિંદગાની ખારી;
પ્રભુ! રોઈ રોઈ હારી, નાખું નિસાસા ભારી.

ગમે તેમ તોય છે ના છૂટકો તું બાપ! વિના;
તેથી હું પ્રાર્થું શેં ના પૂરે તું કોડ હૃદયના.

તેં ઉર દયા ન આણી શેં બાપ! બાળ જાણી?
દીધું પીવા ન પાણી; મરું ભાર ખાલી તાણી.

દોડે ન શેં તું વ્હારે, તારી જરૂર જયારે?
છે આશરે જે તારે, છળવાં શું તેને તારે?

જઉં ક્યાં, ન રાખે જો તું, છોડી તું બાપને હું;
કો સંઘરે વિના તું પ્રભુ! બાપ! બાળને હું.

કરું કારમું રુદન હું, છાતી ને શિર કૂટું હું;
પ્રભુ! બાળ સામું જો તું; કરુણા કરી લે ઉર તું.

• • •

## સૂઝ દે મને તું; પડી પાય વીનવું છું.

( જબ પ્રાણ તનસે નીકળે - એ ઢાળ )

ચોફેર દ્રષ્ટિ વાળી; ક્યાંયે ઠરી ન ઠારી;
તવ મુખ સામું ભાળી આશે સૂતો છું તારી.

રડું બાળ હું હવે શું? છે જોર આ હ્દે શું?
કંઈ સૂઝ દે મને તું; પડી પાય વીનવું છું.

સાહી ચરણ કરું હું; પ્રાર્થું લળી લળી હું;
દુઃખ બાપ! બાળને હું કદી શું પડે છતાં તું?

પ્રભુ! પ્રેમ કાજ ઝંખુ; ઓવારી પ્રાણ નાખું;
પડદો પિતા! શું રાખું! ફરીને ફરી શું ભાખું!

શેં લાજું યાચતાં કૈં તું-બાપ પાસ પણ હું;
પ્રભુ! તેથી ઉરનું તું દઈ દે પ્રીતે હું માગું.

• • •

# પ્રભુ તુજ પાસ ખેંચી લે.

**ગઝલ**

ઉરે આસક્તિ તારી ના, મલિનતાથી ભર્યું મન આ;
હૃદે નવ ભાવના તારી પિતા! એવો કુકર્મી આ.

કરું શું પ્રાર્થના તારી! કરું શું ભક્તિ હું તારી!
વિકટ ઘાટી પિતા આવી દયા ઉર લાવ તું મારી.

રહે મન ખૂબ ઉદ્વેગે ફસી વ્યવહારમાં પૂરું;
મને દે કોઈ સાધન જે મહીં મનને પ્રભુ! પૂરું.

'મને શું દુઃખ' તું જાણે પ્રભુ! એથી ઉગારી લે;
અને કોઈ રીતે મુજને પ્રભુ! તુજ પાસ ખેંચી લે.

• • •

## પિતા! ચરણે હું શિર પટકું, દયા લાવી હૃદે લે તું.

**ગઝલ**

પ્રભુ! નિજ ભાન નવ રાખ્યું, વૃથા જીવન ગુમાવ્યું છે;
હૃદય બળતું પ્રભુ! રે' છે, ચરણ તેથી જ સેવે છે.

ન સ્હેવાયે વ્યથા ઉરમાં પિતા! હું બ્હાવરો ભટકું;
સુખે કેમે ન હું જંપું કરે તું મ્હેર, હું અટકું.

વિષયમાં નિત્ય મન ભટકે; ચરણમાં ચિત્ત નવ અટકે;
કરું શું, ના કદી છટકે! પ્રભુ! વારે તું જો મટકે

જૂઠાની લાજ રાખે તું; કરી દુ:ખ વ્યક્ત, નામું છું
હૃદે આશ્રયથી જીવું છું તને નિજ બાળ વીનવું છું.

પ્રભુ! મુજ જે કહે તે તું; પડયો તુજ પાલવે જો હું;
પિતા! ચરણે હું શિર પટકું દયા લાવી હૃદે લે તું.

• • •

## દયાદ્રષ્ટિ પિતા! રાખી હવાં લે બાળ તું ખોળે.

**ગઝલ**

પિતા! નિર્બળ ન હું ફાવું; ચહું તુજ હાથથી તરવું;
નિભાવે સૃષ્ટિ જ્યાં સારી શું ભારે એકલો પડું હું?

બધાંનાં ઉર સંતોષે; મને શેં બાપ! સંતાપે?
ગુન્હો એવો કર્યો શો મેં ન સુખ જેથી મને આપે?

કૃપાથી સર્વને ભીંજવે મને શેં રાખતો કોરો?
બળું છું, જેમ હું દવથી ચિતામાં લાકડું ખોરો

લડાવે લાડ સઘળાને મને શેં ભારથી મારે?
દયા શેં બાળની ના'ણે? ગરજ શું શત્રુની સારે?

પિતા! આધીન છું તારે; હૃદય મુજ ભાવ જ્યમ ધારે,
વધુ ત્યમ દુઃખ શિર પાડી પિતા! શેં લાત તું મારે.

• • •

## દયા કર દીન જન છું હું, હૃદે લે હે દયાસિંધુ!

**ગઝલ**

પિતા! અપરાધ જે મારા, ક્ષમા દિલથી પ્રભુ! કર તું;
તને મન, ચિત્ત ને બુદ્ધિ, સમર્પું, સર્વ કર્મો હું.

જગત ઢૂંઢી વળ્યો છું હું મળ્યો આરામ ક્યાંયે ના;
ઢળ્યો છું હું ચરણકમળે પિતાજી! એ જ મેળવવા.

નથી આધાર તું વિના અવર કો વિશ્વમાં મારે;
પ્રતીતિ થઈ હૃદે એની ઢળી શરણે રહું તારે.

પિતા! વિરામનું સ્થળ તું; તને ઉરભાવથી પ્રાર્થું;
દયા કર દીન જન છું હું હૃદે લે હે દયાસિંધુ!

• • •

# પિતા! હૃદથી તને વીનવું, દુખીની દાઝ ઉર ધરજે.

**ગઝલ**

કુકર્મો માફ કર મારાં પ્રભો! અજ્ઞાન છોરું છું;
ન સમજું કોઈ રીતે હું ભરેલો મૂઢતાથી છું.

પ્રભુ! તારી પિતા! માયા સતાવે એથી ભૂલ્યો છું;
છતાં છું બાળ તારો હું; દયા લાવી ઉરે લે તું;

ભૂલ્યો, ભટક્યો, નહિ માન્યું પિતાજી! કહેણ મેં તારું.
હવે રોઈ દિનો કાઢું; પિતા થઈ શેં ન ભાળે તું?

પિતા! અટવાઈ બધી રીતે ફર્યો છું ઘેર પાછો હું.
ક્ષમા દિલથી પિતા! યાચું પડી તારા ચરણમાં હું;

પિતા! તું એકલો સાચો; જીવન તુજ ભક્તિમય યાચું.
હૃદયનો ભાર દૂર કરવા પ્રભો! તેથી તને વીનવું.

• • •

# સૂણી વિનતિ પિતા! લેને હવે તો બાળ ઉગારી.

**ગઝલ**

પ્રભુ! મુજ તું પિતા તોયે શિરે મુજ ભાર શેં રાખે?
ઉતારી લે ઊંડું વીનવું દળી શેં ઘંટીમાં નાખે?

પિતા! કચડાઉં, મૂંઝાઉં, ગૂંચાઉં બાળ તારો હું;
નમી ગરદન પડે ભારે; ભરાયે એક ના ડગલું.

ઊભો રહી ના શકું જરીયે જીગરનું જોમ ખૂટે છે;
સરે છે આંખથી અશ્રુ નિસાસા પ્રાણ નાખે છે.

પિતા! સામે છતાં તું, શું ન ભાળે બાળના સામું?
શું હું છું બાળ દુર્ભાગી નહિ કે હૂંફ તુજ પામું?

તું - જેવા બાપને છોડી અવર કોની કનેથી હું?
મદદની આશ ઉર ધારું પિતા તેથી તને કહું છું.

મને હૃદ-ઓથ બસ તારી પ્રભુ! શિર ભાર ઉતારી,
સુણી વિનતિ પિતા! મારી હવે લે બાળ ઉગારી.

• • •

# પ્રભુ! હૃદથી તને પ્રાર્થું ‘ દયા કર તું; દયા કર તું.’

**ગઝલ**

ઊંડી ઉર આશ તવ ધારી સફર રંકે શરૂ કીધી;
ભરોંસે અંક શિર મૂક્યું; ન લે શેં ભાળ તું રીઝી?

ઊછળતા સાગરે છે મેં ઝુકાવ્યું જાણી તું માથે;
શિરે દુઃખ-અભ્ર તૂટે છે ઝઝૂમું એકલે હાથે.

ન આરો ક્યાંય હું ભાળું; અને બળ શું કરે મારે?
રમી ચૂક્યો બધી બાજી જીવું હું જો તું ઉગારે.

કરાવે મુક્ત ભયથી જે, મહા શક્તિ ધરાવે છે;
કૃપાનું નાનું તવ તરણું વિદારે સંકટો સર્વે.

પ્રભુ! બસ એટલું યાચું ઉરે નવ આશ કંઈ બીજી;
રવડતા બાળ ગમ જોજે; હૃદ બસ ઓથ તું શ્રીજી!

• • •

# રવડતો બાળને દેખી પિતા! દુઃખભાર ઉતારો.

**ગઝલ**

પ્રભુ! દુઃખ-અબ્ધિ★ શો ગાજે! પિતા શેં બાળ નવ ભાળે?
મહા દુઃખ-અર્ણવે★ ડૂબું, ગ્રહી મુજ હાથ ખેંચી લે.

રહ્યો વળગી હું વિશ્વાસે પિતાજી! આશરે તારે;
મૂક્યું છે બાપ! પડતું મેં હવે શેં ભાળ ના કાઢે?

મથું છું બાળ ભરદરિયે; પ્રભુ! દે કાન કાં હાથે?
પુકારું આર્તનાદે હું પિતાજી! સ્હાયને કાજે.

સુકાની તું-સમો મળિયો, છતાં કર્મે શું રહ્યું રડવું?
પિતા! નિજ ભાર જાણી લે; પડે શું બાળને કહેવું?

● ● ●

★ અબ્ધિ, અર્ણવ=દરિયો,સાગર,સમુદ્ર

# મને પ્રભુ! હેમખેમે તું ઉતારો પાર વીનવું છું.

**ગઝલ**

પ્રભુજી! નાની હોડીમાં ભર્યો છે ભાર પથરાનો;
વમળ ઊઠે બધી દિશે; પિતા! ભય નાવ ડૂબવાનો.

શું ડોલાં ખાય ભર દરિયે! ચઢયું તોફાન વાયુનું;
તૂટે છે મેઘ બારે જ્યાં ઉરે હું તાત! મૂંઝાઉં.

ન સૂઝે યત્ન શો કરવો મતિ મૂંઝાઈ છે મારી;
ન ચાલે જોર મારું કંઈ, જીવું ધરી આશ હું તારી.

દયા દિલ બાળની લાવી પિતા! સુકાન સાચવજે;
હલેસાં હાથ લઈ તારે જીવનનૌકા તું દોરવજે.

• • •

## રમાડો બાળ અંકે આ હૃદય અભિલાષ મુજ પૂરી.

**ગઝલ**

ચરણ તુજ મારું ઘર છે ને દયાળુ દીનનો તું છે;
હવે છોડી તને બીજે કહીં જાઉં? કહે તું તે.

ત્રિલોકે ના જડે શોધ્યું પ્રભુ! તુજ ધામ એવું છે;
ન મંકોડો છૂટે ચોંટ્યો ચરણ મેં એમ સાહ્યા છે.

પ્રભુ! નિજ સંતાન જાણીને નિભાવો રાંક બાળકને;
ઘરે તું રાખ! ના છૂટકો; ગરીબ પાલે પડયો જ્યાં છે.

પ્રભુ! ભાવાશ્રુ-અંજલિઓ તને અર્પી હું યાચું છું;
ઉરે મુદ્રિત અને અંકિત થઈ દિનરાત વસજે તું.

• • •

## પિતા! રખડી ગયો છું હું; હવાં તું સૂધ મારી લે.

**ગઝલ**

રહ્યો વળગી હું વિશ્વાસે; ન જાણું કેમ જાવું તે;
ભરોંસે હું રહ્યો છું જ્યાં પિતા! શેં આમ રખડાવે?

ન સમજું, યત્ન શો કરવો; ન જાણું, શી રીતે વીનવું;
સુણે છે બાપ! જ્યાં સઘળું, વિતક-કથની સુણાવું શું?

કરું શું પ્રાર્થના પછી હું? ન સૂઝે અન્ય કહેવું શું;
પિતા! છે જોર બાળકનું રુદનમાં; શું કરું બીજું?

ચરણકમળો ઢળી તારા, ઢળ્યો છું આંખ મીચી હું;
પડયો ધરણી પરે રહું હું ઊઠાડે જ્યાં સુધી ના તું.

• • •

# રડી હું બાળ પોકારું પિતાજી! ભાળ લે મારી

**ગઝલ**

અકારું જીવવું સાલે; બન્યો જડ દુઃખથી ભારે;
પ્રભુ! તું માર શેં મારે? જીવું જ્યાં આશરે તારે.

પિતા વિણ પુત્ર કો પાળે? પિતા વિણ દુઃખ કો ટાળે?
પ્રભુ! તેથી રડી ગજવી બૂમો પાડું; ન કાં ભાળે?

નિહાળી દુઃખમાં સડતો પિતા! તું દાઝ ઉર ધરજે;
વિલાપો બાળના સુણી પ્રભુ! તું સોડમાં લેજે.

દ્રવે છે દુઃખથી હ્રદ; તે કરુણા દ્રષ્ટિથી ફેડી
સફળ જીવ્યું કરો મારું પિતા! રસ-ઊર્મિ ત્યાં રેડી.

• • •

# અમારા રાહ ન્યારા છે

### ગઝલ

તમે સહુ લોક શેં પૂછો, ‘કમાણી શી કરી છે મેં’?
રડી રડી દી વિતાવું છું, કમાણીમાં મળ્યું છે એ.

પ્રભુ! ને હું જ - એ બેને ખબર પીડા ઉરે શી છે;
બીજાને તે જણવવાની પછી મારે પડી શી છે?

જગતના લોક નવરા છો; તમે નહિ વાત આ સમજો;
છતાં માથું તમે મારી ડહાપણ શેં બતાવો છો?

વિના માગી સલાહો કાં તમે દો? કોણ પૂછે છે?
અમોને એ મુબારક હો અમારા રાહ ન્યારા જે.

કદી પૂછું ન તમને હું; મને શું કામ પૂછો છો?
ભલે કૂવે પડું તોયે  સુખે પડવા મને દેજો.

• • •

# પ્રભો! સર્વસ્વ ઉરનું તું

**ગઝલ**

હું બાળકનો પિતા છે તું; વળી માતા પ્રભુ! છે તું;
સગાંવહાલાં પ્રભુ! પણ તું; ખરું સગપણ હૃદયનું તું.

પ્રભુ! ઉરનું સ્વજન તું છે; વળી સન્મિત્ર મારો છે;
પ્રભો! સ્વામી તું મારો છે; પ્રભો! તું શેઠ ઘરનો છે.

બધાંમાં રંકને મારે પ્રભુ! છે જે કહો તે તું;
હું નિર્ધનનું પ્રભુ! ધન તું; હું નિર્બળનું પ્રભુ! બળ તું.

ઉરે છે ઓથ એક જ તું, પ્રભો! આશા હૃદયની તું;
ગણાવ્યે પાર આવે શું? પ્રભો! સર્વસ્વ ઉરનું તું.

• • •

# ઉરે વીતી જ તે જાણે; અજાણ્યો કોઈ શું જાણે!

**ગઝલ**

પ્રીતિ ને પ્રાણ પરિચયથી ઉરે જે દાહ લાગે છે,
ન માપી કો શકે તેને અનુભવી એક જાણે છે.

હૃદે જો બાણ હો ખૂંપ્યું, મૂકે છે કાપ કેવો તે!
હૃદે ત્યમ વેદના થાતી બતાવું વર્ણવી શેં તે!

બળ્યું જો અંગ અગ્નિથી શરીરમાં લ્હાય ઊઠે છે;
નહિ સમજાય એવું કંઈ ઊંડું ઉર દુઃખ થાયે છે.

સુવાવડની થતી પીડા કદી વંધ્યા શું જાણે છે?
દબાયો દુઃખથી હો જે, દુઃખીનું દુઃખ સમજે તે.

ભૂખ્યાનું દુઃખ શું જાણે જમે જે ભાવતું ભાણે?
શરાણે દુઃખ કેવું છે, વિના હીરો ન કો જાણે.

ન વાણી પ્હોંચતી જેને, કહો સમજાવીએ શેણે?
નીચે પગ આવશે પાણી, તહીં મેળે જ સમજાશે.

પડે નવ ચેન કંઈ ઉરમાં; નયનથી આંસુડાં સારી
-થવા નિજરૂપ તલસું છું; સતત ચિંતા જ એ ભારી.

• • •

# પ્રભુ! ભાળ લે તું મારી

ચઢ તું પ્રભુજી! વ્હારે, શરણે ઢળ્યો છું તારે;
તુજ વિણ કો ઉતારે, માથેથી ભાર મારે?

શિર દર્દથી દુખે છે, ચરણે રહું, મુરારી!
કષ્ટે કરી જીવું હું; પ્રભુ! ભાળ લે તું મારી.

કરજે તું માફ, ભૂલું કદી બાળ હું તમારું;
પ્રેરે મને તું જેવું, કારજ કરું હું તેવું.

મુજ દોષ શો પછી છે પ્રભુ! કે મને પીડે છે?
શુભ માની સૌ સહું તે; કર તું તને ગમે તે.

• • •

# જરા મહોબ્બત કરી જોજે

**ગઝલ**

પ્રભુ! તવ નામ પોકારી અહાલ્લેક ઉર જગાવું છું.
ભિખારીની ધરી ઝોળી પ્રભુ! તવ પ્રેમ યાચું છું.

હૃદય પર જુલ્મ કે રહેમત પ્રભુ! વરસાવી તું જોજે
ઢળ્યો છું પાદપદ્મે હું પૂરો તાવી પ્રભુ! જોજે.

હું-પડતાને પ્રભુ! પાટુ તું મારી શેં રિબાવે છે?
સિતમગર તું બની શાને જિગરનું લોહી પીએ છે?

પ્રભુજી! આકરી પૂરી કસોટી તું કરી જોજે;
હશે જો બાળ નિંભાડે પકવવો, તે કરી જોજે.

કર્યું કુરબાન જીવન મેં જીવનની લ્હાણ લેવાને;
કરુણાદ્રષ્ટિ વરસાવી જરા મહોબ્બત કરી જોજે.

• • •

# દુઃખીની દાઝ દિલ ધારી કૃપા વરસાવજે તારી

**ગઝલ**

શું આવી રીત પ્રીતિની? રહે કર્મે શું રોવાનું?
હૃદયમાં ઘા પડે ઊંડા; બળીને ખાખ થાવાનું?

તૂટુંતૂટું થતું ઉર આ; ચૂરે ચૂરા બને હૃદના;
હૃદે અગ્નિ ભભૂકે છે; પ્રભુ! સ્હેવાય કેમે ના.

રડું શી રીતથી હું કે પ્રભુજી! ધ્યાનમાં લે તું!
બધું નીરખી શકે છે જ્યાં ન જોઈ આ શકે શું તું?

સુકાયાં આંસુ દુઃખદવથી બતાવું રોઈ પણ હું શું!
ન રાખ્યું એક પાસું તેં પ્રભુ! બાકી; મરું છું હું.

પ્રભુ! પાયે પડયો છું હું; બીજી શી રીતથી વીનવું?
દશા મારી જુએ તોયે વધુ નાહક રિબાવે શું?

દુઃખી દિલના ઘવાયાની મળે ના ઔષધિ ક્યાંયે;
મથું છું શોધવા હું તે; ઢળી શરણે હું તવ પાયે.

• • •

# ફિટાડો દુઃખ હૃદનું આ પ્રભુ! પાયે પડું છું હું

### ગઝલ

જગત આખા મહીંયે ક્યાંયે ઠરું, ના ઠામ છે એવું;
પિતા! તુજ ગોદ છે એવી; તું લેને, વીનવું કેવું!

મરું છું દુઃખ-દર્દોથી પિતા! શેં જોઈ તું રહેતો?
મળ્યું સુખ ના કંઈ ચરણે; પિતા! તેથી રડયા કરતો.

દયા શેં બાળની ના'વે ન એના આંસુ શેં લૂછે?
તું જાણે છે બધું ઉરનું, પછી શેં આમ તું ભાસે?

પિતા! શેં બાળ ટટળાવે? મને શેં દૂર રાખે તું?
પ્રભુ! દુઃખ કારમુ સહુ શેં? વીત્યું બહુ; રાખ પાસે તું.

હૃદે રઢ લાગી છે ઊંડી રડું છું દિન-રજની હું
ફિટાડો દુઃખ હૃદનું આ પ્રભુ! પાયે પડું છું હું.

• • •

# કૃપા તું બાળ પર રાખી પિતાજી! ભાળ લે કહું હું.

**ગઝલ**

રહું શી રીતથી હું કે પ્રભુજી! ધ્યાનમાં લે તું?
બતાવું ભાવ શા ઉરના પ્રભુ! રીઝે પ્રીતે કે તું?

ન હૃદમાં ભાવ કંઈ ઊંડા; ન જાણું પ્રાર્થના કરવી;
ન સમજવું કેમ રીઝવવું; હૃદે શી ભાવના ધરવી.

ચહું શી રીતથી ઊંડું તને, હૃદથી ન જાણું હું;
વળી તુજને વિનવવાનું પ્રભુ! ના બાળ જાણું છું.

ધરું હું ધ્યાન કોનું? શું? પ્રભુ! અજ્ઞાન એવો છું;
સ્મરણ તારું હૃદે કરવું ન જાણું રીત તેની હું.

વળી યાચું પિતા! શું હું, જહીં શુભ મારું તું જાણે.
કૃપા તું બાળ પર રાખી પિતાજી ભાળ એની લે.

• • •

## બાળની લે તું ભાળ, પિતા! પ્રભુ! બાળની લે તું ભાળ.

હું મૂરખ, ખલ, કામી પ્રભુ! છું કૃપા કરો કિરતાર
પિતા પ્રભુ!૦

ચરણકમળમાં બાળ ઢળ્યો છું અમી-દયા વરસાવ
પિતા પ્રભુ!૦

માતપિતા વિણ કોનું પ્રભુ! હું શરણ ગ્રહું, કહે,બાળક
પિતા પ્રભુ!૦

જેવો તેવો ધરણી ઢળ્યો છું હાથ દઈ તું ઉઠાડ
પિતા પ્રભુ!૦

તું દીનબંધુ, દુઃખ હર્તા છે; હું દુઃખી દીન બાળ;
પિતા પ્રભુ!૦

જેવો તેવો ધરણી; ઢળ્યો છું; હાથ દઈ તું ઉઠાડ
પિતા પ્રભુ!૦

સંકટમાં સાચો સાથી તું; ચઢ તું મારી વા'ર;
ક્ષણક્ષણ દુઃખ હું અનુભવું ઊંડું; તેથી કરું પોકાર.
પ્રભુ! મરું વિનવી, પણ હજી શેં અરજ ન લે' તું કાન.

• • •

# દયા રાખે જરી ના તું

**ગઝલ**

અમોલી જીંદગાનીની કરી કુરબાની ચરણે મેં;
દયા પર હું જીવું તારી; કદર તોયે કરી ના શે?

પ્રભુ! તુજ રાહના પંથી થઈ ભટકે, સૂના હૈયે;
બિચારાની પ્રભુ! સામું ન માંડે મીટ શેં જરીયે?

થયા છે ખ્વાર તું કાજે, છતાં કૈં ના ધરે પરવા
ધરાવે ઉર વફાદારી ઘટે બેહાલ શું કરવા?

કૃપા કરવી રહી દૂરે સિતમગર શું બની ઉર તું
-મરેલાને વધુ મારે; દયા રાખે જરી ના તું.

ભલે વર્ષાવજે ભારે ખફાના ખંજરો તારાં
વધાવી પ્રેમથી લઉં તે ગણી તે તવ કૃપાધારા.

• • •

# પ્રભુ! લે ભાળ તું મારી

**ગઝલ**

પડી ભીડ રાંકને ભારી રહી નવ કોઈ જ્યાં બારી;
ગયો હૃદ-હામ હું હારી કર્યા મેં યાદ ગિરિધારી.

ઠર્યો ના ઠામ કો ઠામે બધેથી હાય પોકારી;
હૃદે દુઃખ-અગ્નિ બાળે છે, કૃપા વરસાવ તું ભારી.

મળે ના વૈદ્ય કો એવા, બતાવે કૈં દવા જેથી
-બચું આ વેદનાથી હું; સ્મરું રક્ષક! તને તેથી.

રખે જાતો મને વિસરી; ઊંડી ઉર-આશ છે તારી;
દુઃખી આ બાળને દેખી પ્રભુ! લે ભાળ તું મારી.

• • •

# પ્રભુ! સુખ દે તું વર્ષાવી

**ગઝલ**

લલાટે હાથ મૂકી હું ઊંડો નિઃશ્વાસ ઉર નાખી;
નજર, આશાભરી, સામી, રડયા કરું બાળ હું, રાખી.

સુકાયાં આંખનાં અશ્રુ, જિગરનું લોહી પણ ખૂટે;
બન્યું ગમગીન છે હૈડું; હૃદયના તાર તો તૂટે.

પિતા વિણ તું, હું બાળકને, જગતમાં આશરો કોનો?
કરી હક યાચું કોથી હું, ન માગું તાત પાસે જો?

દશા દીન બાળની દેખી, કરુણા-હાથ લંબાવી;
ગ્રહી લઈ બાળ હૈડે આ, પ્રભુ! સુખ દે તું વર્ષાવી.

● ● ●

# ઉરે લે બાળને તારું

## ગઝલ

મને વિશ્વાસ હૃદ ભારે પ્રભુ! છે બાપ! મારો તું;
તને તેથી હું વીનવું છું હૃદયથી કરગરી ઊંડું;

ગ્રહી છે બાંય મેં તારી પિતાજી! આશ ઉર ધારી;
રડી પાછળ હું ઘસડાઉં ખબર શેં લે નહીં મારી.

કરે નિરાશ બાળક શું? પડી ઘૂંટણ તને પ્રાર્થું;
કરી હઠ, આંસુડાં સારી, ધરી શિર અંકમાં યાચું.

કરું શી રીતથી વિનતિ? જડે ના તેની કંઈ ચાવી
અને તે બાળનું માગ્યું દઈ દે તું દયા લાવી.

ઢળ્યો રહું બાળ તારો હું ન મળતાં જ્યાં સુધી મારું;
પિતા! જો ઉર દયા જાગે, ઉરે લે બાળને તારું.

• • •

## શિખરિણી

રચેલા આદર્શો જીવન મહીં ઉતારી શકવા,
વળી, આવ્યો તારે શરણ પૂરું હું તો સમજવા;
કરે જે પોતાને મદદ, પ્રભુ! તેને મદદ દે,
કરું છું હંકાર્યા મુજ જીવન એ હિંમત પરે.

ઊઠે જે જે શંકા, મુજમહિં પ્રભુ!! શાંત કરું છું,
દલીલે તર્કેથી, ફરી ફરી પૂછી પૂછી હદ હું
છતાં ગૂંચાયેલું મુજ હૃદયનું કોકડું, પ્રભુ!
શકું ના ઉકેલી, નિત પ્રભુ! તને તેથી વીનવું.

૧૭-૦૫-૧૯૩૧,
સત્યાગ્રહ છાવણી, આણંદ

## (શાર્દૂલવિક્રીડિત)

વાવ્યું બાવળ વૃક્ષ મેં જીવનમાં; શૂળો બહુ વાગી ને
ક્યાંયે છાંય મળી નહીં; પ્રભુ! થયો હેરાન જ્યાં ત્યાં બધે;
જ્યાં ને ત્યાં નડતું રહે નીરખી તે ભારે ચઢી રીસ ને
કાપી મૂળ થકી બહુ શ્રમ કરી, ફેંકી દીધું તે હવે.

• • •

## મંદાક્રાન્તા

હૈયે મારે વિનય નથી ને શૂન્ય વિવેકથી છું,
મર્યાદામાં પ્રભુ! ન સમજુ છું હજીયે પૂરું હું;
કામે, ક્રોધે, વળી પ્રભુ! પૂરો, તોય છું બાળ તારું;
એવો એવો પણ તવ પ્રભુ! પદ્મપાદે ઢળ્યો છું.

કોઈ વાતે નથી જ ડરતો બાળ કેમે કદી હું,
જે ફેંકે તું, સહી લઈશ તે પ્રેમના ભાવથી હું;
હૈયે મારે તુજ તરફથી હૂંફ છે એટલી કે
સ્હેવા કાજે સહુય દુઃખ તે ધૈર્ય તું બાપ! દેશે.

આવી મારી દુઃખદ કથની કોની પાસે કથું હું?
હૈયું થાયે જરીક હલકું તેથી આ રંક કેરું;
હું તે શાને હઈશ જીવતો? દુઃખ શું માત્ર સ્હેવા?
જીવાડે છે તવ તરફની એકલી માત્ર આશા.

• • •

**મંદાક્રાન્તા**

ગર્જુ છું હું તવ બળ પરે જોર મારું ન કૈં છે,
બોલું, ચાલું, અવર કરું જે કામ, તારાથી થાયે;
જે શ્રદ્ધા છે તુજ પર મને તે જ છે મારું જોર
મૂડી, તારા પદકમળની જે સ્મૃતિ, તે જ એક.

કહેવું મારું જરીય પણ તું સાંભળે જ્યાં નહીં જ;
તો તો મારું બકબક કરી બોલવું છે વૃથા જ;
કૈં વેળાએ જરી ન સૂણતી માત, તોયે બકે છે
-નાનું છોરું; પ્રભુ! ગરીબ હું તેમ બોલ્યા કરું તે.

ઝાઝી ઝાડી, વિકટ વનમાં માર્ગ ભૂલ્યો હતો, ને
નો'તી એની મુજ હૃદયમાં ફાળ કાંઈ મને યે;
ચાલ્યો ચાલ્યો પ્રભુ! પવનની જેમ ઊંડો જતો'તો,
રોકી તેને ખરી પગથીએ તેં પ્રભુજી! ચઢાવ્યો.

• • •

## મંદાક્રાન્તા

ઇન્દ્રિયાદિ વશ મુજ નથી, ના કહું ત્યાં જતાં રે',
રોકી રોકી પ્રભુ! ગરીબ આ બાળ થાકી ગયું છે;
જ્યારે ચાલ્યું મુજ નહિ જરી સોંપ્યું સર્વે તને મેં
તે સૌનું તું પ્રભુજી! કરજે ચાહ્ય તે, પ્રાર્થના એ.

જોડી બંને કર, શિર, પ્રભુ! નામી પાયે પડ્યો છું,
ને સાષ્ટાંગે પ્રણમું તુજને નિત્ય, હું, બાળ તારું;
પૂજા, અર્ચા મુજ હૃદયથી બાપ! તારી કરું છું,
હૈયે લેજે તવ તનયને તાત! રીઝી પ્રભુ! તું.

અંધારું તો રવિ કિરણથી જેમ ભાગી જ જાય,
વર્ષાવે જો મુજ પર કૃપા, દુઃખ અદ્રશ્ય થાય;
વારેવારે પછી ન પડશે કે'વું મારે તને, ને
હંમેશાંનું સુખ ગરીબનું સાચું ત્યારે સધાશે.

• • •

**મંદાક્રાન્તા**

મારા જેવા મુરખ ઉપરે તેં કૃપા કૈં કરી છે,
તેથી તારું પ્રભુ! ફરી ઊઠી બાળ જીવી શક્યું છે;
આપી આપી અનુભવ મને તેં પ્રભુ! શીખવ્યું છે,
જ્યાંથી ત્યાંથી, ફરી ફરી, પ્રભુ! પાંસરું ઘરે આવે.

જયારે જયારે મુજ ગરીબને ભીડ ભારે પડી છે,
ત્યારે ત્યારે ઉર અનુભવ્યું પાસ આવી ઊભો છે;
ને ફેડયું છે, ગરીબ જનનું દુઃખ માથે હતું જે,
તેથી નિત્યે મુજ હૃદયમાં હૂંફ તારી વસે છે.

પસ્તાવાથી રડી રડી દિનો કૈંક મેં છે વિતાવ્યા,
ને તારા એ ચરણકમળો નિત્ય છે મેં ભીંજાવ્યા;
ત્યારે સામું મુજ ગરિબની છે નિહાળ્યું પ્રભુ! તેં
હાવાં મારે ગરીબ જનને આશરો તું રહ્યો છે.

• • •

**મંદાક્રાન્તા**

પાપો માટે મુજ પ્રભુ! બહુ ભોગવ્યું છે શિરે મેં,
પસ્તાવો છે પ્રભુ! બહુ કર્મો ને કર્યું છે રડ્યા મેં;
થાકી જ્યારે ચરણકમળે આખરે છું ઢળ્યો; ને
ત્યારે મારી પર કંઈ કૃપા તેં પ્રભુ! દાખવી છે.

મારા જેવું જગતભરમાં આળસુ કોઈ ના છે;
સ્હેજે કૈંયે શ્રમ ન કરવો; બેઠું ખાવું ગમે છે;
મા-સંગે તે નિત નિત નવા ભોગ હું ભોગવું છું;
ચોરી ચોરી વળી નિત બહુ ખાઉં, એવું શિશું હું.

ગાંડુ ગાંડુ હર ઘડી પ્રભુ! કૈં બક્યાં હું કરું છું,
હૈયે એની પણ ગમ નથી જે હું બોલ્યા કરું છું;
એવું તારે સમજવું ઘટે; તેમ તું માની લેજે,
માતા! નાનું નિજ શિશુ બકે તેમ તું જાણી લેજે.

• • •

### મંદાક્રાન્તા

મારાં જૂઠાં પ્રભુજી! સઘળાં વર્તનો બહારનાં છે;
કહેવાની એ જરૂર તુજને ના મને કૈં દિસે છે;
હૈયે મારે રમત થતી જે હોય, તે સર્વનેયે
-જાણે છે, તો બકવું કરમે શેં નહિ તું મિટાવે?

હંમેશાં, હો સમીપ, દૂર હો, બાળ જ્યારે પડે છે
માતા એની પળ પળ બધી ભાળ લેતી રહે છે;
છોરું નાનું બહુ પજવતું, ધાવતાં દાંત દે છે,
તોયે માનું જીવન પ્રભુ! એ; બાળને તેમ જોજે.

માતા મારી પ્રભુ! ગરીબની એક છે એકલી તું,
પાળે પોષે, નિત નિત મને મા બનીને પ્રભુ! તું;
અજ્ઞાની ને અણસમજણું લાડમાં કૈં કરું જે,
લાગે હૈયે કઠણ; પ્રભુ! તો બાળ જાણી ક્ષમા દે.

• • •

**મંદાક્રાન્તા**

લાવીને કાં મુજ ગરીબને તું સકંચે પીડે છે?
જેવી રીતે પકડી ખગ લે પારધી, દુઃખ દે ને;
કિંતુ છે ત્યાં ફરક, શુભ સૌ કાર્ય તારાં કરે છે,
કેમે જે ના દુઃખ સહ્યું ગયું, એ બકાવે મને છે.

નાનાં બચ્ચાં પ્રભુ! ટળવળી રાહ માની જુએ છે,
પીડાયેલું ભૂખથી, જ્યમ કો વાછડું દૂધ ઈચ્છે;
જેવી ઝૂરે વિરહિણી પ્રિયા, ને પિયુને જ ઝંખે,
તેવું મારું મનડું તલપે છે તને નાથ! જોવા.

‘ગુમાવ્યું છે પ્રભુ! ઘણું હજી તોય બાજી રહી છે,
-મારે હાથે સમજી શરણું મેં તમારું ગ્રહ્યું છે;
જ્યારે થોડું પ્રભુ! હું સમજ્યો ત્યારથી અર્પ્યું મેં છે
-મારું જે જે પ્રભુ! હતું; હવે મારું સર્વસ્વ તું છે.

• • •

**મંદાક્રાન્તા**

આશે તારી ભવનિધિ મહીં નાવ મેં છે ઝુકાવી;
તીરે એને પ્રભુ! કરી કૃપા તું હવે દે લગાવી;
સુકાની તું મુજ બની રહે તો જ ફાવું પ્રભુ! હું,
મારે માટે શ્રમ પ્રભુ! જરી એટલો બાપ! લે તું.

ગાત્રો મારાં શિથિલ બનિયાં ને કંઈ ના સૂઝે છે,
ભારે ભારે શરીર પ્રભુ! રે'; શુષ્ક હૈયું બન્યું છે;
ક્યાંયે મારે મન જરી પ્રભુ! ગોઠતું ના મને છે,
મૂંઝાઉં છું બહુ ગરીબ હું, બાપ! સંભાળ લેજે.

શ્રદ્ધા, આશા, મુજ મન પૂરી બાપ! તારી મને દે,
વિશ્વાસે છે પ્રભુ! જીવી રહ્યું તારું આ બાળ જો તે;
ક્યાંયે મારે મન વળી જરી કાંઈ સંદેહ ના છે,
જે જે તારે ચરણકમળે છે ઢળ્યા, તે જીવ્યા છે.

• • •

**મંદાક્રાન્તા**

સાચે રે'તાં પ્રભુ! નિજનું જે ખોઈ સર્વસ્વ દે છે,
ફાવે તેવું દુઃખ શિર પડે તોય ના જે ડગે છે;
એવામાંથી જરીય પણ ના બાપ! શ્રદ્ધા ઘટે છે,
એ રીતે જે જીવન જીવતા, ધન્ય જીવ્યું કરે તે.

હૈયે મારે પ્રભુ! ગરીબને દર્દ છૂપું રહ્યું જે,
મિટાવી તે અવર વિણ તું ના શકે કોઈ રીતે;
તું ના લે છે પણ મુજ પ્રભુ! વાત ધ્યાને જરી શેં?
શું મારું છે પ્રભુજી! કરવું બાપ! ધાર્યું કહે તે.

ખાતાં નિત્યે અફીણ અફીણી જેમ મોઢું બગાડે,
તોયે એની મન મહીં સદા ચાહના તો ઘણી રે';
છોડી ના એ કદી પણ શકે પ્રાણ જાયે ભલેને
પ્રીતિનાયે, સુખ પ્રભુ! વસ્યું, દુઃખમાં તેવી રીતે.

• • •

**મંદાક્રાન્તા**

કારેલાંની પ્રભુજી! કટુતા જેમ મીઠાશ દે છે,
ના વર્ણી તે કદી કહી જતી; સ્વાદવાળી જ લાગે;
છૂપું તેવું સુખ નકી વસે પ્રેમની પીડમાં તે,
તેથી સ્હેતાં દુઃખ ન મન કૈં બાપ! પાછું પડે છે.

રીસે આવી કદીક પ્રભુ! જો બોલતું માત - સામું,
ને તોફાને ગજવી મૂકતું ઓરડો બાળ નાનું;
તોયે માતા કશુંયે કંઈ ના લક્ષમાં એનું લે છે,
માફી દેજે, ગરીબથી બને તેમ જો કૈં તને યે.

પ્રાર્થું છું હું નિશદિન મને પ્રેમ-અમૃત તું પા;
એના નિશે ચકચૂર બની મસ્ત હું રહું, હા!
બીજા કોનું પ્રભુ! વગર તું ભાન હૈયે રહે ના,
માગું છું હું પ્રભુ! તવ કને એટલું, કેમ દે ના?

• • •

## મંદાક્રાન્તા

તારું છોરું પ્રભુ! જગતના કામનું ના રહ્યું છે;
શાને તેને પ્રભુ! ગરીબને રાખી મૂક્યો અહીં છે?
જ્યાં ત્યાં મારા પ્રભુ! મૂરખના કામમાં ઢંગ છે ના,
એવા તારા પ્રભુ! તનયનાં★ બંધનો કાપ, પૂરા.

મૂર્ખો મારા સમ જગતમાં ક્યાંય કોઈ નહિ છે,
કે જે જ્યાં ત્યાં નિજ મતિ થકી શૂળ ઊભું કરે છે;
પહોંચી એને પ્રભુ! વળી શકું એટલી શક્તિ ના છે.
એવા મારી ઉપર પ્રભુ! તું કૈં દયા તો કરોને.

મારી બુદ્ધિ પ્રભુ! જડ સમી બાપ! છે; શું કરું તે?
કર્તવ્યોમાં મુજ પ્રભુ! બહુ પ્હોંચ છે ના ઊંડી ને;
તેથી મારે પ્રભુ! જગતમાં રે'વું, ક્હે, શી રીતે તે?
માટે માગું પ્રભુ! જગતથી બાપ! છોડાવી દેજે.

● ● ●

---

★ તનયના= બાળકના

**મંદાક્રાન્તા**

કર્તવ્યો જે મુજ જગતમાં તે ભૂલી જાઉં છું હું,
પ્રેરાયે ના મુજ મન પ્રભુ! એ મહીં, શું કરું હું?
લોકોને હું પ્રભુ! કઈ રીતે બાપ! સંતોષ આપું?
રે'વું મારે પછી જગતમાં શી રીતે, કહે, મને તું.

વર્ષાવ્યેથી મુજ પર કૃપા કર્મ છૂટી શકે છે,
તે માટે તો નિજથી બનતું બાળ સર્વે કરે છે;
યત્નોથી શું પ્રભુ! નવ બને? કિંતુ યત્નો મારા ફળે ના;
માગું તેથી કંઈક કરજે તું કૃપા, તાત મારા!

પામ્યો' તો હું પ્રભુ! મરણ ત્યાં, છે જીવાડ્યો મને તેં,
આશા-શ્રદ્ધા અવિચળ, પૂરી, મારી તારા મહીં છે;
જાણું છું કે નકી પ્રભુ! મને પાળશે, પોષશે, ને
ખાલી તોયે મુજ મન કરે તર્ક-વિતર્ક શાને?

• • •

**મંદાક્રાન્તા**

કો કો વારે પ્રભુ! ડરી જઈ હૈયું કંપી ઊઠે છે,
કોનો મારે ડર નથી રહ્યો તોય કે' શેં બને એ?
ઊંડું એવું જરૂર ગૂઢ કૈં કારણ ત્યાં હશે, ને
એ કર્તવ્યે મુજ ગરીબનું શ્રેય થવાનું કૈં છે.

જ્યાં જ્યાં જેવું મુજ મન પ્રભુ! આવતું તે બકું છું;
સંનિપાતે પ્રભુ! લવરીની જેમ બોલ્યા કરું છું;
એવું મારું પ્રભુ! બબડવું; અર્થ એમાં ન કૈં છે;
સંતાપુ છું પ્રભુજી! ઊલટો હું તને; તું ક્ષમા દે.

તારી સામે મુજ ગરીબનું કૈં ન ચાલી શકે છે;
જેવી તારી મરજી પ્રભુ! હો, તેમ રે'વું પડે છે;
ઊંચું માથું કદી નવ કરું તારી સામું પ્રભુ! હું;
જે જે તારે મન પ્રભુ! ગમ્યું, સર્વ પ્રેમે સહું છું.

• • •

**મંદાક્રાન્તા**

કહેવા સામું મુજ ગરીબના કૈં ન તું બાપ! જોજે;
જેવું તારે પ્રભુજી! કરવું હો, કરે તું ભલે તે;
રંકે મેં તો મુજ જીવનની દોરી સોંપી તને છે,
પ્રાર્થું તોયે પ્રભુ! તુજ મને ધામ પ્હોંચાડી દેજે.

ફાવે તેવું તિમિર પણ હો ગાઢ, તે સૂર્ય ભેદે;
તેવું તારું કિરણ કરુણાનું અવિદ્યા હરે છે;
દ્રષ્ટિ દે છે અનુપમ વળી દુઃખ ને સુખ બંને
-સ્હેવાયે છે સમ નજરથી; લિપ્ત ના ત્યાં થવાયે.

દંભી હું છું; કપટથી ભર્યો બાળ તારો પ્રભુ! છે;
લોભી, પાપી, જરીય વશ ના ઇન્દ્રિયો જેહને છે;
કામી, ક્રોધી, મુજ મન વળી માંકડા જેમ રે' છે;
જેવો તેવો ચરણશરણે તોય એ તો ઢળ્યો છે.

• • •

## મંદાક્રાન્તા

થોડીયે કૈં તુજ ચરણમાં મારી બુદ્ધિ ઠરી છે
પૂર્વેની કો પ્રભુ! કરણીથી પુણ્ય આવી મળ્યાં છે;
સત્સંગેથી હરિજનતણા રંગ લાગ્યો મને છે,
ને સેવાની પદકમળની કૈં પ્રસાદી મળી છે.

પાપોની મેં પ્રભુ! મુજ શિરે વ્હોરી શિક્ષા લીધી છે,
તે તે મેં તો વગર બબડ્યે સર્વ પ્રેમે સહ્યું છે;
તેથી મારા ગરીબની પરે રે'મ વર્ષાવી છે કૈં;
હું જૂઠાનો નહિતર હતો ક્યાંય આરો પ્રભુ! તે.

"આસક્તિ રે" પળપળ મને હે પ્રભુ! પાદપદ્મે,
ઊંડી ઊંડી મુજ હૃદયની પ્રાર્થના એ તને છે;
બીજું મારે કશું તવ કને માગવાનું ન કૈં છે
માગ્યું છે જે બસ પ્રભુ! મને એટલું બાપ! દેજે.

• • •

**મંદાક્રાન્તા**

જ્યારે તારે ચરણશરણે બાળ આવી ઢળ્યું છે,
તારે એની પળપળ પ્રભુ! ભાળ લેવી ઘટે છે;
તારે ચિંતા મુજ બહુ હશે; તોય અજ્ઞાન તે હું
-વારે વારે હરઘડી તને મૂર્ખ ટોક્યા કરું છું.

ચિંતા છોડી પળ પળ રહું ચિંત્વને મગ્ન તું-માં,
ને કૈં બીજું કશું જગતનું ભાન રે' ના પ્રભુ! ત્યાં;
એવું મારે પ્રભુ! બનવું છે; માગું તારી કૃપા ત્યાં;
રૂડાં વાનાં સહુ મુજ થશે ધ્યેય એવું સધાતાં.

સંતોના મેં ચરણકમળો બાપ! સેવ્યા જરી છે;
તેથી છોરું મરણભયથી મુક્ત તારું થયું છે;
સંતોષે ના પ્રભુ! રહી શકું એટલાથી કદી હું;
તારી પાસે પળ પળ ગમે રે'વું, એ દે મને તું.

• • •

**મંદાક્રાન્તા**

યત્નો તો મેં ભગીરથ કર્યાં તોય કૈં ના વળ્યું છે;
સંતોની એ પદરજ થકી બુદ્ધિ પાદે ઠરી છે;
તેઓના મેં પદકમળની સ્હેજ સેવા કરી છે,
આવું રૂડું પ્રભુ! ફળ મળ્યું બાપ! તેનું મને છે.
જ્યાં ત્યાં હું તો હરિજનતણો સંગ શોધી લઉં છું.

ગોઝારાં એ મુજ પતિતનાં પાપ, ભાળી રડયો છું
-ધ્રુસ્કે, ધ્રુસ્કે પ્રભુ! કૂટી કૂટી શીર્ષ, છાતી વળી હું;
તેથી મારું હૃદય હળવું છે થયું ને હવે હું
તારા બાપુ! ચરણ ચૂમવા ભાગ્યશાળી થયો છું.

● ● ●

**મંદાક્રાન્તા**

તારે પાયે રડી રડી બહુ બાળ થાક્યું હવે છે;
એને તારે હૃદય રમવા કોડ જાગ્યા પ્રભુ! છે;
જોજે! એની પ્રભુ! ન કરતો ભંગ આશા જરીકે
જોને તારા પ્રભુ! વળીવળી પાદપદ્મો ચૂમે તે.

ટૂંકું મારું પ્રભુ! ગરીબનું કર્મ છે તે કરું શું?
જ્યાંથી ત્યાંથી પ્રભુજી! તવ હું બાળ પાછું પડું છું;
મારે માથે કરકમળ જો તાત! તારા મૂકે તું
તો છોરું હું ત્રિભુવન તણા રાજ્યને તુચ્છ માનું.

• • •

### મંદાક્રાન્તા

કહેવું મારું પ્રભુ! ગરીબનું બાપ! શેં ના સૂણે છે?
શું એવું તે મુજ થકી થઈ છે ગયું? બાપ! કહે તે.
ને જો હોયે કદીય બન્યું કૈં, બાપ! અજ્ઞાની હું છું,
જાણી એવું પ્રભુ! હૃદયથી માફી દેજે મને તું

કીધું જે જે બનતું મુજથી, કૈં મણા રાખી ના છે,
તોયે મારું દુઃખ નવ ફિટે બાપ! હું શું કરું? કહે;
મૂકી માથે કર ગરીબ હું બેસી કેમે રહું છું,
નિરાશાથી નથી જ વદતો શબ્દ એકે પ્રભુ! હું.

મારે તારે ચરણયુગલે લિન રે'વું સદા છે;
જ્યાંથી મારું મન નવ ખસે ખેસવ્યુંયે કદીયે.
એવી મારા પર કરી કૃપા પ્રેમથી ભીંજવીને,
પ્રાર્થું છું હું તવ તનયને★ ધન્ય પૂરો કરી દે.

● ● ●

★ તનય=બાળક

**મંદાક્રાન્તા**

ક્યાં સુધી આ પ્રભુ! રખડવું કર્મ મારે લખ્યું છે?
પ્રારબ્ધે જે પ્રભુ! મુજ પડ્યા લેખ ના શું ભુસાશે?
ધારે જો તું, કરમ ઉપરે મેખ મારી શકે છે;
હું માં છે શું? શ્રમ નહિ મળે આટલોયે પ્રભુ! તે.

નિત્યે તારે પ્રભુ! હૃદયથી પાદપદ્મે નમું છું.
ને તેને હું સ્મરણપટમાં પ્રેમથી સાચવું છું;
મૂડી મારા ગરીબ જનની એટલી એ પ્રભુ! છે,
જ્યાં ત્યાં એને જીવની નિજના જેમ હું જાળવું છું.

આ સંસારે પ્રભુ! ગરીબનું ના સગું કોઈ થાયે;
સૌયે તેને હડધૂત કરી વેગળો માત્ર રાખે;
કો ના જેનું અવર જગમાં તે તણો તું પ્રભુ! છે;
જાણી એ મેં તુજ શરણ મ્હેં પ્રેમભાવે ગ્રહ્યું છે.

• • •

**મંદાક્રાન્તા**

તારાથી શું મુજ ગરીબનું કૈં અજાણ્યું પ્રભુ! છે?
તો પીડાવા તવ તનયને તાત! તે કેમ દે છે?
તારાં કાર્યો મહીં પ્રભુ! નહીં ક્યાંય અન્યાય હોયે,
તેથી જેવું ઘટતું, કરતો બાપ! તેવું હશે તું.

તારે મારે જુગ જુગ જૂની પ્રીતડી ઉદ્દભવી છે;
નિભાવી જે, નિજ જીવનમાં બાળ તેને રહ્યું છે;
ઊંડો મારે ઉર ઉમળકો નિત્ય સ્ફુર્યા કરે કે
છોરું તારે મન વસી રહું શું કર્યે બાપ! હું તે.

• • •

### મંદાક્રાન્તા

આવે છે જ્યાં સ્વજન ઘરનું જે ગયેલું વિદેશે,
સ્નેહીઓ સૌ હરખથી ભર્યા વીંટળાઈ વળે છે;
ને તે તેને ઉર-ઉમળકે જેમ સત્કાર દે છે,
આવ્યો છું હું તવ પ્રભુ! ઘટે તું મને તેમ જોજે.

મૂંઝાતી ને વિરહિણી પ્રિયા બ્હાવરી શી ફરે છે!
હૈયે એને કળ નવ પડે ઝંખતી રે' પિયુને;
ક્યાંયે એને પ્રિય ન વિણ કો ચેન અર્પી શકે છે,
તેવી મારા પ્રભુ! ગરીબની શાંતિનું મૂળ તું છે.

જે અર્પ્યું છે દુઃખ ગરીબને તે મહીંયે હું ભાળું
-ઊંડો ઊંડો, મુજ ઉપરનો પ્રેમ તારો પ્રભુ! હું;
શ્રદ્ધા સાથે સહન કરવે ધૈર્ય આપ્યું વળી છે;
એવી ભારે મુજ પર કૃપા વર્તી તારી રહી છે.

• • •

### મંદાક્રાન્તા

વિશ્વે સ્વાર્થી જન પ્રભુ! બધાં કોઈ નિઃસ્વાર્થી ના છે;
કોઈ કોનું દુઃખ જરીય ના બાપ! ઓછું કરે છે;
ખાવા સૌયે પ્રભુજી! ગીધની જેમ ટોળે મળે છે;
ઈર્ષ્યાગ્નિથી સુખ અવરનું જોઈને સૌ બળે છે.

જોની સામું! કરુણ સ્વરથી બાળ તારું રડે છે;
કોઈ છે ના સ્વજન અહીં, જે ફેરવે હાથ માથે;
હૈયું તારું કરુણ ઝરણે ઉભરાતું સદા રે',
ડૂબાડીને તુજ શિશુ તહીં શાંત બાપુ! કરી દે.

સંધ્યા છાઈ સહુ જગતને મુગ્ધ કેવી બનાવે!
મોહી ત્યારે ભ્રમર કમળે જેમ પૂરાઈ રે' છે;
એમાં રે'તા મરણ પણ એ બાપ! સ્વીકારી લે છે,
મારે તારા હૃદયકમળે એમ રે'વું સદા છે.

• • •

### મંદાક્રાન્તા

નિરાશાના જળનિધિ મહીં બાળ તારું ડૂબ્યું' તું-
ત્યાં આશાનું પ્રભુ!! ગરીબને નાવડું એક દીધું;
એની સ્હાયે પ્રભુ! તરી જવા બાળ ઈચ્છા ધરે છે,
સુકાની તું થઈ મદદ દે ને ઉગારી મને લે.

સંભારી હું, પ્રભુ! મુજ ઘણાં પાપ, અશ્રુ વહાવું;
એથી તારા ચરણકમળો નિત્ય તે ભીંજવું હું;
સ્પર્શી તારા પદકમળને ગંગ-પાણી બને તે
નાહી એમાં નિત નિત પ્રભુ! ધન્ય પાપી બને છે

આણું છું ના જરીય મનમાં દોષ બીજા તણો હું;
એવું કૈં જો મુજ મન સૂઝે દોષ મારો જ માનું;
એ દ્રષ્ટિએ નીરખું મુજને, દોષ ત્યારે જડે છે;
ખોટું કૈંયે નહિતર પ્રભુ! ક્યાંય વિશ્વે નહિ છે.

• • •

## મંદાક્રાન્તા

મૂળ ક્યાં છે સુખતણું, પ્રભુ! મેં વિમાસ્યું ઘણું તે
નિદ્રા ત્યાગી હરનિશ વળી મંથનો કૈં કર્યાં મેં;
કોટિ યત્ને પણ નવ મળ્યું જે, મળ્યું રાંકને તે
સત્સંગેથી; પદરજતણી એ પ્રસાદી મળી છે.

હોળી હૈયે સળગી; પ્રભુ! કો બૂઝવી ના શકે,
થાતું શું શું મુજ હૃદયમાં સૂઝ તે ના પડે છે;
તારે કાજે હૃદય તલસે, શોધમાં તે બળે છે
હૈયે લેને, નહિ બળતરા એ વિના શાંત થાશે.

હૈયે મારે પ્રભુ! નવ રહે મૂર્તિ નાચંતી નિત્યે;
આંખો સામે મુજ ગરીબની હું નિહાળ્યા કરું તે;
ઇંદ્રિયોના વિષય સઘળા સર્વ તુંમાં શમે ને,
આનંદે હું પળ પળ રહું મસ્ત એ વાંછના છે.

• • •

**મંદાક્રાન્તા**

ભેદે એવું તવ હૃદયને આર્તનાદે રડું છું;
તોયે તારું દિલ ન પીગળે; શેં હશે એમ થાતું?
જાણું તારો ગરીબ પરનો ક્રોધ ના ઊતર્યો છે,
તેથી મારું પ્રભુ! કર્યું બધું વ્યર્થ જાતું દીસે છે.

પેઢી તારી પર મૂરખ હું બાપ બેઠો પ્રભુ! છું;
જોજે કૈં ના જરીય પણ હું વેતરી મારું ઊંધું;
જો ના જોશે, સવળું અવળું રંકથી કૈં થશે; ને
તારે એને સહુ ઠીક કરી બાપ! દેવાનું રે'શે.

જ્યાં ત્યાં છોરું અણસમજણું ભાગતું તે ફરે છે;
માતા ત્યાં ત્યાં પૂંઠળ પળતી; ને નિહાળ્યા કરે છે;
રસ્તે તેને અડચણ કરે આવતું હોય એવું,
ખેંચી લે મા તહીંથી, કરજે તેમ મારું પ્રભુ! તું.

• • •

**મંદાક્રાન્તા**

ફાવે તેવો નિજ તનય હો, માત તેને ચહે છે;
દોષો એના જરીય મનમાં માત ના કૈં જ આણે;
ને જો દે મા કદીય ઠપકો, પ્રેમથી તે કહે છે,
મારી સાથે પ્રભુ! ગરીબની વર્તતો એમ રે'જે.

ના કૈં લે છે મુજ ગરીબની પ્રાર્થના ધ્યાનમાં તું
હું તો જે કૈં પ્રભુ! રીઝવવા, થઈ શકે તે કરું છું.
સાચી જ્યાં છે, પ્રભુ! પ્રીત તહીં સર્વ સ્હેવું રહ્યું છે;
જાણ્યું છે મેં સહન કરવું એકલું તેથી નિત્યે.

છોરું તારે ચરણકમળે તાત! તારું ઢળ્યું છે;
એવાની તું પ્રભુ! જગતમાં બાપ! સંભાળ લેજે;
તારે હાથે મુજ ગરીબની લાજ બાપુ! રહી છે;
મારું જાશે પ્રભુ! નહિ કશું, નામ તારું લજાશે.

• • •

**મંદાક્રાન્તા**

જ્યાં જાઉં ત્યાં કરમ ડગલાં આગળે બે રહે છે;
ધારેલું જે, પ્રભુ! નવ બને યત્ન કોટિ થકીયે;
મારાથી જે બની શકતું, તે સૌ કરી જોયું તોયે-
-ધાર્યું મારું પણ નવ બન્યું; છોડયું તારા પરે મેં.

જ્યાં જ્યાં જેવું પ્રભુ! ગરીબને પ્રેરશે, ત્યાં જવાશે;
દેશે જેવી પ્રભુ! મતિ મને તેમ હું-થી કરાશે;
ધાર્યું જેવું મુજ ગરીબનું તેં હશે, તેમ થાશે;
તેથી ચિંતા જરી ન ધરું કૈં તું ધણી જ્યાં શિરે છે;

મારા જેવો પ્રભુ! ગરીબ તે છૂટશે ના કદી શું?
કંટાળ્યો છું જકડઈ રહી દુઃખથી મુક્તિ દે તું;
નિત્યે અર્પું ચરણકમળે અંજલિ, અશ્રુની હું;
આવી જૉઈ મુજ દીન દશા રંકની તું શકે શું?

• • •

**મંદાક્રાન્તા**

અશ્રુ-મોતી નયનસરથી નિત્ય લાવું પ્રભુ! તે
અર્પું તારે, મુજ ગરીબની ભેટ હું, પદ્મપાદ;
નિત્યે તારા પદકમળમાં શીશ નામી પ્રભુ! હું
-વંદી પ્રાર્થું લળી લળી તને બાળને ઉર લે તું.

સ્નેહોર્મિઓ હૃદયસરમાં નિત્ય ઊંડી સ્ફુરે છે;
આવી તારા પદકમળના તે કિનારે ઠરે છે;
આકર્ષોને કમળ સમ જે ભાવ ખીલે સરે તે;
મારી ઊર્મિતણી ચરણમાં ભેટ સ્વીકારી લેજે.

'હું છું તારો; મુજ ગરીબનો નાથ તું છે' કર્યું છે
-નક્કી એવું મનમહીં અને બાળ પાયે પડ્યું છે;
મારે હૈયે દ્રઢ તવ પ્રભુ! આશરો એકલાનો,
પ્રાર્થું છું હું કરગરી તને તોડ તું લાવ એનો.

• • •

**મંદાક્રાન્તા**

આશા હાવાં મુજ ગરીબને એકલી એક તું છે;
સેવામાં ને સમય સઘળો હું વિતાવું છું નિત્યે;
વાળ્યું મારું મન ચરણમાં રાંકનું બાપ! તેં છે,
એવી ભારે મુજ પર કૃપા બાપ! તેં તો કરી છે.

બૂરું કોનું કદીય મનમાં લાવતો ના જરી હું;
સર્વેનું હો જગ મહીં ભલું એમ ચાહ્યા કરું છું;
તેથી વિશ્વે તવ ચરણને હું રહ્યો છું જ સેવી;
ઉપાધિઓ નહિતર મને ઝંપવા ના જ દેતી.

દાતોની મેં હરિસમ ગણી બાપ! સેવા કરી છે;
પૂર્વેનાં કો પ્રભુ! ફળ થકી લાભ એવો મળ્યો છે;
એ સ્પર્શેથી નિરમળ થયું ચિત્ત મારું પ્રભુ!! છે,
તેને લીધે મુજ મન ઢળી છે શક્યું પદ્મપાદે.

• • •

**મંદાક્રાન્તા**

તારું છોરું થઈ ગળગળું ઢીંચણે તે ઢળ્યું છે;
હૈયું એનું ગદ્‌ગદ્‌ બની પ્રાર્થનાઓ કરે છે;
કાલા વાલા બહુ કરગરી એ તને જો કરે છે,
હૈયે એવા પ્રભુ! ગરીબને પ્રેમભાવે હવે લે.

ના કૈં પાસે મુજ ગરીબની ભેટ મૂકું પદે જે,
આંસુ આંખે ડળક ડળકે; હાર અર્પું તને એ;
હૈયું મારું પ્રભુ! તુજ કને બાપ! હું ઠાલવું છું;
એ વિના શું દુઃખી જન કને હોય બીજું? કહે તું.

ઊંડી હૈયે મુજ રહી વ્યથા એકલો તે તું જાણે,-
કે બીજો હું; અવર નહીં કો બાપ! જાણી શકે તે;
તેથી તારી વિણ પ્રભુ! કહે, આગળે કોની હું તે
-ખુલ્લું હૈયું મુજ કરી શકું? વાત છાની કહું ને.

● ● ●

**મંદાક્રાન્તા**

તું-વિના કો અવર જનને લાગણી મારી ના છે;
વિશ્વે મારું સ્વજન પ્રભુ! તું; કોઈ બીજું નહીં છે;
તેથી મેં તો પ્રભુ! તવ કને હૈયું ખુલ્લું કર્યું છે;
હાવા મારું પ્રભુ! તું કરજે ગોઠતું હો તને જે.

મારી પાસે નથી રહ્યું કશું, જે ધરું પાદપદ્મે;
જે કૈં હોયે મુજ ગરીબનું બાપ! સર્વસ્વ તું છે;
તોયે નિત્યે મુજ હૃદયથી ભાવ-પુષ્પો ચૂંટી હું
પ્રીતિ-દોરી થકી પ્રભુ! ગૂંથી હાર, અર્પું તને હું.

પાપો મારાં પ્રભુ! ચૂકવવા પૂરી શિક્ષા સહી છે;
કંટાળ્યો છું સહન કરતાં દુઃખ ના હું જરી તે;
આશીર્વાદો પ્રભુ! તવ ગણી સર્વ પ્રેમે સહ્યું છે;
તેથી હાવાં તુજ ચરણમાં ચિત્ત મારું ઢળ્યું છે.

● ● ●

**મંદાક્રાન્તા**

હૈયે તારું સ્મરણ કરતો બાળ નિત્યે રહું છું;
ને ઝંખું છું મુખ નીરખવા હું પ્રભુ! નિત્ય ઊંડું;
આશા ઊંડી પ્રભુ! શું કરશે ભંગ આ બાળની તું?
છોરું તારું વલવલી તને બાપ! પ્રાર્થી મરું છું.

છોરું છું હું તુજ; પણ તને શું નથી બાપ! વ્હાલું?
શાને કહેને મુજ ગરીબનું સાંભળે ના કંઈ તું?
પાયે તારે પડી પડી પ્રભુ! હું તને વીનવું છું,
નિત્યે ઊંડું પ્રભુ! હૃદયથી બાળ પ્રાર્થ્યા કરું છું.

હા! જાણ્યું મેં, બહુ અટપટી રીત તો પ્રીતની છે
પીડા દે છે અતિશય પ્રભુ! તોય ના તે ઘટે છે;
દે કો રીતે કળ ન પડવા, ને છૂટી ના છૂટે છે;
ભુસાવાની કદિય પણ ના, પ્રાણ જાશે ભલેને.

● ● ●

## મંદાક્રાન્તા

પાખંડી ને પતિત પ્રભુ! હું, ને કુકર્મી વળી છું;
દુ:સંગી ને પ્રભુ! અધમ છું, દોષથી ને ભર્યો છું;
દ્રષ્ટિ મારી નિરમળ નથી, કામી ને ક્રોધી હું છું;
એવો હું જે, શિર શરણમાં મૂકીને હું ઢળ્યો છું.

સત્સંગે, આ મન ગળી રહો! પ્રીત ના હો પ્રપંચે;
ઊંડી ઊંડી મુજ હૃદયમાં સ્નેહભક્તિ મને દે;
બુદ્ધિ મારી શુભ પ્રભુ! કરી આપને પાય રાખો;
બેઉ જોડી કર, નમું પ્રભો! રંકને માગ્યું એ દો.

માયા-ઘંટી મહીં પ્રભુ! નકી જે પડે, ના બચે તે;
રે' પાસે જે નિત પ્રભુ! તણા આશ્રયે, તે જીવે છે;
ને તેયે હા! કદીય જરીયે જો ખસે, તોય દાઝે
-એવું જોયું; ચરણ તુજ ના તેથી આ રંક છોડે.

• • •

**મંદાક્રાન્તા**

શા માટે ક્હે, ગરીબ જનને વિસર્યો છેક તેં છે?
હૈયું તારું, કઠણ સરિખું આમ ક્હેં શેં બન્યું છે?
એવું ક્હેવું જરીય પણ કૈં શોભતું ના મને છે,
કર્મો જેવાં મુજ, ફળ મળે; દોષ મારો જ ત્યાં છે.

મારાથી શું પ્રભુ! બની શકે? સર્વ તુંથી બને છે;
તેથી કાર્યો શુભ તવ પ્રભો! પ્રેરણાથી જ થાયે;
હંમેશા તું પળ પળ મને પ્રેરતો એમ રે'જે;
ઊંડી મારા પ્રભુ! હૃદયની પ્રાર્થના એ તને છે.

જાણે છે તું સઘળી જ પ્રભુ! વાત મારી, પછી શેં?
-આવી રીતે મુજ ગરીબને બાપ! તું રીબવે છે?
જો રાજી તું પ્રભુ! રીબવતાં રાંકને, હો ભલે તે;
જે જે કૈં છે પ્રિય પ્રભુ! તને, પ્રિય તે સૌ મને છે.

• • •

**મંદાક્રાન્તા**

મારો એવો પ્રભુ! ગરીબનો વાંક તે શો થયો છે,
કે તું ના લે જરીય મનમાં વાત મારી? કહે તે;
ના, ના; જેમાં મુજ ગરીબનું શ્રેય, તે તું કરાવે
-મારી પાસે; મુજ કડવી સૌ વાણીની માફી દેજે.

જે કો કૈં કહે, મુજ ગરીબથી માની લેવાય સાચું;
તેવું કહેતાં પણ અવરને બાળ જૂઠો પડું છું;
છો કૂટાઉં, ધરું ન પરવા, રાખું વિશ્વાસ તેથી;
કિંતુ, માગું, નહિ અવરને માનું જૂઠા કદાપિ.

મારું હૈયું મૂળ, મુખ અને પાદ તારા, નદીએ
-રેલાવી છે રડી રડી પ્રભુ! ખૂબ પસ્તાઈને મેં;
એ સંબંધે પ્રભુ! જળનિધિ! આપનો સ્પર્શ થાયે
તેથી નિત્યે પળ પળ મને ઊર્મિઓ ઉદ્‌ભવે છે.

• • •

**મંદાક્રાન્તા**

તારે હૈયે પ્રભુ! ગરીબને સ્થાન શું ના કંઈ છે,
કે તું એને, પ્રભુ! રવડતો આમ જોઈ શકે છે?
'માડી! માડી!' બહુ પ્રભુ! તને બૂમ મારું છતાંયે,
શાને તું તો બધિર સરખો કાંઈ ના સાંભળે છે?

ફાવ્યું જેવું મનમહીં બધું તેવું મેં તો કર્યું છે,
સ્વચ્છંદી તે પ્રભુ! તવ કહ્યે ના કદી હું રહ્યો છું,
હોયે તેનાં ફળ જ કડવાં; બાપ! તે ભોગવું છું;
જેથી સ્હેજે મુજ પર દયા દાખવે ના હવે તું,

જ્યાં ત્યાં હું તો બહુ જ રખડયો; મેળવી શાંતિ ના કૈં;
ક્યાંયે તારો પ્રભુ! નહિ જરી બાળ બેઠો ઠરીને;
મેં જાણ્યું કે સહુ સુખતણું મૂળ તું એકલો છે;
મારે તારે ઘર પ્રભુ! નકી બાપ! રે'વું હવે છે.

• • •

**મંદાક્રાન્તા**

આવ્યો છું હું તવ ઘર હવે, બાપ! ધકકેલશે તું,
તો મારે કો સ્થળ રહ્યું નથી જ્યાં જઈને ઠરું હું;
આશા ઊંડી બહુ મન ધરી બાપ! આવ્યો ઘરે છું,
મારી આશા પ્રભુ! ન કરતો ભગ્ન, પ્રાર્થું તને હું.

જેમાં તેમાં પ્રભુ! ગરીબને બાપ છે એકલો તું;
સ્નેહી, બંધુ, ઘરજન, પિતા, માત, મારું બધું તું;
લક્ષ્મી, વિદ્યા મુજ ગરીબનાં બાપ! સૌ કૈં પ્રભુ! તું
આશા તારી પછી ન ધરું જો, કોની તો, કહે, ધરું હું?

ક્યાંયે મારું દિલ નવ ઠર્યું, પાય તારે ઢળ્યું છે,
આશા મારે પ્રભુ! તવ હવે એકલાની રહી છે;
વિશ્વાસે જે પ્રભુ! તવ રહે, છેહ દેવો ઘટે શું?
જીવું છું હું તુજ પર પ્રભુ! માગું તારી દયા હું.

• • •

## મંદાક્રાન્તા

જે કૈં લાધ્યું મુજ ગરીબને, લાધ્યું સત્સંગથી તે;
એથી મારા જીવનભરનો ભાર ઓછો થયો છે;
સાચા એવા મનહૃદયથી સંત મેં ઓળખ્યા છે;
દૃષ્ટિ એવી પ્રભુ! કરી કૃપા બાળને અર્પી છે તે.

જાણ્યું છે મેં, પ્રભુ! હૃદયથી પ્રાર્થના જે કરે છે,
કેમે એની અફળ બનતી પ્રાર્થના ના કદીયે;
તેથી તારા પદકમળમાં શીશનામી પ્રભુ! હું
નિત્યે ઊંડું સ્તવન હૃદથી બાપ! તારું કરું છું.

મારે ચિત્તે પળ પળ રમી તું રહે એ જ ઈચ્છું,
ઈંદ્રિયોનાં વિષય સુખ તે આગળે તુચ્છ માનું;
ક્યારે એવું મુજ ગરીબને તું કૃપામૃત પાશે,
કે જેથી આ દળદર ફીટે રાંકનું, પ્રાર્થના એ.

• • •

## શાર્દૂલવિક્રીડિત

દીધું ના ન પડાય તોય અધૂરું, તેને પ્રભુ, શું કરું?
એવું બાપ, દીધા થકી નવ દીધું જો હોત, મારે ભલું;
આથી આતુરતા વધી હૃદયમાં, જે ના ખમાતી પ્રભુ,
ક્યારે આ ઉકળાટ શાંત કરશે હું-રાંકનો, હે પ્રભુ!

જેના જીવનનો પ્રભુ, તુજ પરે આધાર સર્વસ્વ છે,
એવાને રહી દૂર દે દુઃખ જહીં, તો બાળ શેં જીવશે?
ક્યારે ઉપર લૈ મને સુખ ઊંડું આરામ તું આપશે?
આનંદે તરબોળ મસ્ત કરશે ક્યારે મને તું રસે.

જ્યાં ત્યાં જો! ભટક્યાં કર્યું ન સુખ કૈં મેં ધામનું મેળવ્યું,
મેં તો શ્વાનની પેઠ બાપ, ટુકડા વીણ્યાં કર્યાં છે પ્રભુ!
હાવાં ભાન થતાં જવા ઘર મને બુદ્ધિ સૂઝી છે પ્રભુ!
તો તું દોરવી લૈ જજે ઘર મને એ પ્રાર્થના છે પ્રભુ!

મોટા! તને પ્રાર્થના.

• • •

## શાર્દૂલવિક્રીડિત

સંભાળ્યું ઘર ઉર મેં કદીય ના, વાળ્યું ન ઝૂડ્યું, પ્રભુ,
ક્યાંયે સ્વચ્છ રહ્યું નહીં જહિ તહિં જાળાં જ બાઝ્યાં, પ્રભુ!
ર્‌હેવાનુંય થતું નથી મન મને એવું બગાડી મૂક્યું,
હાવાં હું કરું યત્ન સાફ કરવા ઉદ્યોગ, દે ખંત, તું.

હું અજ્ઞાન હઠાવવા બહુ મથું, ને યત્ન કોટિ કરું,
તારી પૂર્ણ કૃપા વિના નવ પૂરો કેમેય ફાવી શકું;
હું તો હાથ ઘસી મરું મુજ કર્યું થાશે નહીં કૈં, પ્રભુ!
શ્રદ્ધા, યજ્ઞ પૂરો થશે મુજ થકી તારો કરાવ્યો પ્રભુ!

આશીર્વાદ ઉતારશે મુજ શિરે ના જ્યાં સુધી તું પ્રભુ!
મારું આગળ કામ કાંઈ ધપશે ના ત્યાં સુધી હે પ્રભુ!
તારે પાય પડી તને કરગરું, જો રાંક સામું પ્રભુ!
આવી દીનની સ્‌હાય કામ કરજે મારું પૂરું તું પ્રભુ!

• • •

## માલિની

થઈ જનક પ્રભુ, તું પાળશે બાળ ના શું
પછી જગ ઠરવાનું ઠામ ક્યાં મેળવું હું?
'મુજ' કહી શકું એવો રાંકને એક છે તું,
નહિ, નહિ, કદીયે ના છોડી દેતો મને તું.

જગ ગરીબતણી કો વાત ના સાંભળે છે,
પ્રભુ, તુજ વિણ ના કો દીનનું વિશ્વમાં છે;
'હડધૂત કરતાં સૌ આ જગે' એમ જોઈ
ચરણ-શરણ શોધ્યું પાળજે તું પ્રીતેથી.

તુજ પદ ઢળતા જે, તે સુએ છે સુખે ને
કંઈ જ શિર ઉપાધિ એમને ના રહે છે;
બધીય તરફથી તે મુક્ત ચિંતાથી ર્હે છે,
તુજ પદ પકડ્યા મેં બાપ, છે એ જ આશે.

• • •

## મંદાક્રાન્તા

અંધારાએ મુજ હૃદયને છેક ઘેરી લીધું છે,
શોકાગ્નિથી ઝળ ઝળ બળી સર્વ અંગો જતાં ને;
મારા પ્રાણો, મન, ચિત્ત, મતિ, ઈન્દ્રિયો ગ્લાનિ માંહે,
ડૂબ્યાં, ત્યાંયે તુજ સ્મૃતિ મને હાય! રંજાડતી ર્‌હે!

રુચે ના કૈં કશુંય કરવું કયાંય ઉલ્લાસ ના છે,
શોકે હૈયે ઘર બનવી ત્યાં વાસ તેણે કર્યો છે;
ને ફેલાવ્યો નસ, નસ, રગે બિંદુયે બિંદુમાં ને
અંગે અંગે જરૂર સઘળે તેનું સામ્રાજ્ય તેણે.

આંસુઓથી જળનિધિ પૂરો જો! ભરાઈ ગયો ને,
તેથી ખારો બહુ બની ગયો શાપ તેણે દીધો કે,
‘જેને માટે ઉર ઊંડું ઊંડું ઝંખતો નિત્ય તું ર્‌હે,
તારી ચિંતા જરી ન કરશે, શોક હૈયે રહેશે.’

• • •

**મંદાક્રાન્તા**

પૃથ્વી, અગ્નિ, જળ, પવન ને સર્વ આકાશ તેયે
મારા કાજે અરિ સમ બન્યા કેમ ના હોય જાણે;
રંજાડે છે જહિં તહિં મને શ્વાસ લેવાય ના દે,
ઠોયા જેવા જહિં જઉં તહિં આગળે કર્મમાં તે.

એકે આશા-તણું કિરણ તો ક્યાંય ના ભાસતું ને
જયાં જયાં જાઉં ત્યાં મુજ કરમમાં રે! નિરાશા ઊભી છે;
જયાં ત્યાંથી છે હૃદય મળતો હાયે! જાકાર કેવો!
તુંયે કેવો પ્રભુ, કરગતાં એકનો બે ન થાતો!

તારા જેવો અવર પ્રભુ, કો ઘાતકી ના દીઠો મેં,
તારાથી તો હૃદયમહિં કૈં હા! કસાઈ ભલો છે;
તેને હૈયે વસતી જ હશે સ્હેજ કૈંયે દયા ને
કેમે તું તો નવ પીગળતો પ્રાણ છો જાય તોયે.

• • •

**મંદાક્રાન્તા**

કૈં દિનોથી કગરી મરતો, તોય ના કૈં જ કીધી,
હાવાં મારે જરૂર નહિ છે કૈં જ તારી દયાની;
તું-માં હોયે બળ બધું ભલે વાપરી નાખજે તું,
જોજે! સ્હેજે કંઈ અચકતો, સામને જો! ઊભો છું.

સર્વે તારું સહન કર્યું છે આજ પર્યંતનું મેં,
તોયે તારો પણ હજુ સુધી તોર ના ઊતર્યો છે;
હાવાં તુંથી જરી પણ કંઈ હું બીવાનો નથી ને,
તારાથી જે થતુંય સઘળું જા! કરી બાપ, જોજે.

જયારે ત્યારે પજવી મુજને તેં દુભાવ્યા કર્યો છે,
ને હૈયાનું દરદ ઊલટું તેં વધાર્યા કર્યું છે;
દ્રષ્ટિ તારી મહિં પ્રભુ, નરી ક્રૂરતા વર્ષતી ને
જયાં ત્યાં ફેલું નડતું તુજ ર્‌હે, ક્યાં જઉં હું હવે તે?

• • •

## શિખરિણી

શકાશે સંબંધે છૂટી જઈ ન બંધાઈ જ હવે,
પડ્યાં પાનાં સાથે મુજ મૂરખની જે, નિભવજે;
કરી તારું મોટું હૃદય મુજ તું વાંક સહજે,
ન માનું તારું જો જરૂર પ્રભુ, શિક્ષા તું કરજે.

મને મુક્યો છે શેં પ્રભુ, અધવચે તેં લટકતો?
જવાતું આમે ના વળી જઈ નથી તેમ શકતો;
ત્રિશંકુ જેવી તેં પ્રભુ, કરી મૂકી છે મુજ દશા,
દયા શેં ના'વે કેં? કરગરી કહું છું, કર કૃપા.

પ્રભુ, સારો દ્‌હાડો ફર ફર કરી હું વીતવું છું,
કશા ઊંડા ખ્યાલો પળ પણ ધરું ના મન પ્રભુ!
ઘૂમું છું જ્યાં ત્યાં હું, નિજ મન મને જ્યાં ગમતું ને
વળી ચિંતા મારે જગત વ્યવહારોની નહિ છે.

• • •

## શિખરિણી

કર્યાં કોઈએ હો બહુ જ અપમાનો મુજ ભલે,
હૃદે મારે તેની કંઈપણ સ્મૃતિયે નવ રહે;
પડે લાતો તોયે વળી પણ બધી ભૂલી જઉં છું,
સ્વભાવે તો એવો જરૂર પ્રભુ, હું શ્વાન સમ છું.

ખરે! નાટારંગે પ્રભુ, તું નચવે સર્વ જનને,
અને એકે દોરે તુજ મરજીની જેમ ચલવે;
બધાની ચાવી તું જરૂર પ્રભુ, રાખે તુજ કરે,
શકે ના કો જાણી તુજ અટપટા ખેલ પ્રભુ, જે.

અહાહા! જાણું છું નટખટ પૂરો તું જરૂર છે,
ન કોની તું જેવી મળતી કહીંયે ચાલ પ્રભુ, છે;
વળી ફેંક્યા પાસા તુજ કળી જવાને કઠિન છે,
ખરે! તારી લીલા બહુ જ દિસતી અદ્‌ભુત મને.

• • •

## શિખરિણી

સુખી સ્વપ્નેયે હું  પ્રભુ, નથી થયો બાળ  તુજ જે
અરે! એવું શું કૈં મુજ નસીબ દુર્ભાગી પ્રભુ, છે;
ગમે તેવું હોયે મુજ કરમનું ચિત્રપટ તે,
કૃપા-પીંછી કેરા તુજ લસરકે ઉત્તમ થશે.

પ્રભુ, જન્મારાનો મુજ સમ દુખી કોઈ નહિ છે,
દુઃખી જન્મ્યો છું ને મરવું પ્રભુ, શું તેમ પડશે?
થવાનું જેવું હો ત્યમ પ્રભુ, ભલે બાપ, બનજો,
કહ્યું મારું ના કૈં કદી બનતું, ઈચ્છ્યું તુજ થજો.

રહેજે યંત્રી તું પળપળ કરી યંત્ર મુજને,
રહ્યે તું-આધારે પળપળ બધાં કાર્ય સરશે;
ભરોસો છે જેણે કર મુજ ગ્રહ્યો તે જ કરશે
બધાં કાર્યો પૂરાં, મુજ હૃદય પૂરું ઠરવશે.

• • •

## શાર્દૂલવિક્રીડિત

દેવોના પણ દેવ! શ્રેષ્ઠ કરજે કલ્યાણ મારું પ્રભુ!
હે વિશ્વંભર! ભાવથી જ ભરજે તું ઉર મારું પ્રભુ!
દોરે જ્યાં પ્રભુ, વિશ્વ, ભાર પડશે શું એકલાનો વધુ?
ના બોજારૂપ હું બનીશ મુજને લે પંથ તારે પ્રભુ!

મારી વૃત્તિ બહિર્મુખી હૃદયમાં સંકેલી લેવા પ્રભુ!
એ અંતર્મુખ પૂરી થાય કરવા હું એમ યત્નો કરું;
કીડી તે વળી કેટલાં ડગ ભરી, ક્હે, પંથ શો કાપશે?
હુંથી કૈં બનશે નહિ પ્રભુ, મને જો હામ ના પ્રેરશે.
આપશે

આકાશે ઊડવા, વિહાર કરવા દે પાંખ પ્રાર્થું પ્રભુ!
પૃથ્વીની પર ના મૂકું ડગ પછી એવું કરી દે, પ્રભુ!
તારી મેળવવા કૃપા બહુ મથું, બાકી ન રાખું કશું,
જે કૈં માનવથી બને બધું પ્રભુ, તે તે કર્યા હું કરું.

● ● ●

## શાર્દૂલવિક્રીડિત

હું પીંછી, પ્રભુ, ચિત્રકાર મુજ તું, તું દોરજે હું-થકી
એવું ચિત્ર રૂપાળું જે રસભર્યું સર્વાંગ સૌંદર્યથી
ક્યાંયે કાંઈ મણા ન ર્‌હે પ્રભુ, પડે વિશ્વે અનોખું વળી
તેમાં વાપરી નાખજે તુજ કળા હોયે બધી જેટલી.

શું મારા પુરુષાર્થથી નહિ જશે પ્રારબ્ધ ફીટી બધું?
રે! શું ભોગવવું જ બાપ, પડશે? ના શું છુટાશે પ્રભુ?
શું અદ્રશ્ય ન કર્મથી, પણ થશે જ કર્મથી છે બન્યું?
'કર્મે કર્મ બળી જશે' હૃદયમાં વિશ્વાસ એવો પ્રભુ.

જાણે ના ઉર-વેદના તુજ વિના કોઈ બીજું, હે પ્રભુ!
જીવી કેમ રહ્યો હઈશ સમજું એ હું જરી ના, પ્રભુ!
તારી આશતણું પ્રલોભન મને છે શ્રેષ્ઠ, જીવાડ તું,
શ્વાસેશ્વાસ હું રાહ બાપ, નીરખું હંમેશ તારી પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

સોંપી જાત દીધી તને મુજ હવે જે યોગ્ય લાગે તને
તેવું કામ કરાવજે  પ્રભુ, ભલે હો નાનું કે મોટું તે;
સ્હેજેયે નવરો કદી વળી મને ના રાખજે તું પ્રભુ!
લેવાયે પ્રભુ! જેટલું મુજ થકી તે કામ લે તું બધું.

પશ્ચાત્તાપ કરી કરી હૃદયથી ને રોઈ રોઈ ઘણું
અશ્રુથી કમળો સમા તુજ પદો મેં ભીંજવ્યા છે પ્રભુ!
હંમેશાં વીનવ્યા કરું કરગરી પાયે પડી હું પ્રભુ!
સામું બાપ, નિહાળજે મુજ ભણી તું પ્રેમ લાવી પ્રભુ!

જે પામ્યા સુખ તેમણે તુજ કથા છે સંભળાવી બધી,
ને સાક્ષી પણ છે હજી તુજથી જે આનંદ પામ્યા હરિ!
તારી જાત છુપાવી તું નહિ શકે હુંથી હવાં, હે પ્રભુ!
તો આવ્યો શરણે મને સુખ પૂરું દે રંકને, માગું હું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

હૈયે જે દુઃખ થાય છે ક્યમ કરી તે વર્ણવી હું શકું?
જોઈ શું શકતો નથી ઉરથી જે નિઃશ્વાસ નાખું, પ્રભુ!
મારું તું જ વિરામનું સ્થળ છતાં આરામ દે ના પ્રભુ!
આવો નિષ્ઠુર તું હઈશ નવ મેં સ્વપ્નેય ધાર્યું હતું.

તું મારો પ્રભુ, સૂત્રધાર, તુજ હું છું પૂતળી, હે પ્રભુ!
જેવો નાચ ગમે તને, નચવજે તેવું મને તું, પ્રભુ!
હું મારો નિજ પાઠ યોગ્ય ભજવું સોંપેલ તારો, પ્રભુ!
એમાં લક્ષ રહે, પડે ભૂલ નહિ, એવું કરી દે, પ્રભુ!

ડૂબું મધ્ય સમુદ્ર, ના ઊગરવા ઉપાય એકે પ્રભુ!
આવ્યું જે તવ નામરૂપી તરણું, તેને ગ્રહી મેં લીધું;
હાવાં પાર તરીશ કે મરીશ હું, ચિંતા ન તેની ધરું,
શ્રધ્ધા છે બળ પ્રેરશે તરી જવા પેલે કિનારે પ્રભુ!

• • •

## શિખરિણી

મને માગ્યું મારું મથી મથી મરું તોય ન તું દે,
અને તું તો કાઢે દમ ઉપરથી જો! મુજ બહુ;
વળી હૈયું મારું તપવી તપવી ખાખ તું કરે,
હજી તોયે ના'વે દિવસ સુખનો હાય! પ્રભુ શું!

રહેશે ક્યાં સુધી પ્રભુ, કરમને ભોગવવું હા!
અરે! ભૂસાશે શું નહિ જ ભૂંડી રેખા કરમ આ!
કૃપા તારી થાતાં બધુંય પ્રભુ, તે ભસ્મ બનશે,
અહા! કયારે જોવા દિવસ મળશે તે પ્રભુ, મને!

થવાનું તે થાશે જરી પણ નહિ ફેર પડશે,
અને કર્મો જેવો મુજ થકી પુરુષાર્થ બનશે;
વિચારો તેથી ના કંઈ પણ કશાના મન કરું,
દીધું છે મેં છોડી, જરૂર મુજ તારી પર બધું.

• • •

## શિખરિણી

‘નકામું લે છે તું જરૂર પ્રભુનું નામ અમથું,
લવ્યે મોંઢે એવું તુજ ન સરશે કારજ કશું;’
મને બ્રહ્માંડેથી ઊતરી કદી કો એમ કથશે,
ખરે! તોયે હુંથી મુજ મન મનાશે જ નહિ તે.

કશા કો કર્તવ્યે જરીય કદી જો આશ ધરું હું,
ઊંધું વાળી દે છે બહુ જ મુજ ધાર્યું જરૂર તું,
કશામાં તેથી ના કંઈ પણ ધરું આશ કદી હું,
થતું જેવું હોયે જયમ પ્રભુ, થવા તેમ દઉં છું.

મને આંખો દેની નિરખી શકવા હેતુ તુજ જે
પ્રભુ, એથી મારું બકવું બધું આ બંધ પડશે;
અને તો તો છોરું તુજ જરૂર સંપૂર્ણ બનશે,
અરે! હું માગું છું પણ વગર વિચાર્યું બધું તે.

• • •

## શિખરિણી

પ્રભુ, ઈચ્છાઓ જે મુજ હૃદય ભારે વસી હતી,
પ્રભુના પાદોની પ્રણય નદીમાં તે વહી ગઈ;
હવાં તો તારાં એ ચરણકમળે આશ મુજ છે,
વિના કો તે બીજી મુજ હૃદયમાં આશ નહિ છે.

ખરે! તારી રીતિ સહુ પર સદા પ્રીત કરવી
છતાં તેંયે તે શેં ગરીબ તરછોડયો હૃદયથી?
ભલે! હું સંભાર્યા કરીશ જ તને પ્રીતથી ઉરે,
તને છાજે તેવું ઘટતું મુજ સંગે વરતજે.

રહ્યો છે દેતો તું મુજ ગરીબને હામ હૃદયે!
અને સ્હેવા દુઃખો ધીરજ મુજને દીધી પણ તેં;
જીવું છું સંસારે પ્રભુ, તુજ કૃપાથી જરૂર હું,
મને શ્રદ્ધા છે કે જરૂર કરશે કામ મુજ તું.

• • •

## મંદાક્રાન્તા

ક્યાંયે મારે મન, હૃદયમાં ચેન ના કૈં વળે છે,
ડૂબ્યો જાણે અરણવ મહીં એમ લાગ્યા કરે છે;
નાખ્યા મારા પણ પ્રભુ, અરે! ક્યાંય ના પહોંચતા જો!
તોયે બુદ્ધિ મનહૃદય આ, આશ તારી ન છોડે.

બેઠો છું હું પ્રભુ, મરી જવા જો! જરા બાપ, જો! તું,
બાપુ, સ્હેજે જે તુજ હૃદયમાં લાવની કૈં દયા તું,
જોને! તારા ચરણકમળો નિત્ય હું ભીંજવું છું!
તોયે ધ્યાને મુજ ગરીબનું લે નહિ શેં પ્રભુ, તું?

ઊંડી ઊંડી લગન તુજ જો! લાગી હૈયે રહી છે,
પ્રેમે તારા મન, ચિત્ત પ્રભુ, જો! અજંપા જપે છે;
ધ્યાને કેવું મુજ હૃદય જો! એકધારું થયું છે,
સર્વાંગો જો! તુજ રસબસે મસ્ત કેવાં થયાં છે!

• • •

**મંદાક્રાન્તા**

નોંધાણાં છે મુજ નયનના તારલા તું પરે ને,
સંધાણા છે મુજ હૃદયના તાર તું-સંગમાં તે;
પ્રાણે, ચિતે, મન, હૃદય ને ઓજસે વ્યાપ્ત ર્‌હે છે,
અંગે અંગે કંઈ અવનવી ચેતનાઓ સ્ફુરે છે.

આશાનાયે મુજ દિન બધા ક્યાંય ચાલ્યા ગયા છે!
શોકે વાસો જળ સ્થળ વિષે કાજ મારે કર્યો છે;
કયાંયે હાવાં મુજ હૃદયમાં સૂ્‌હેજ આરામ ના છે,
કર્મે મારે સ્મરી સ્મરી તને માત્ર રોવું રહ્યું છે.

રે! આ તે જો! મલયગિરિની લ્‌હેર મીઠી હશે શું!?
જાતે વાયુ હિમગિરી મને ઢોળતો કે હશે શું!?
શાથી મારે મન, ચિત્ત હૃદે હાશ, શાંતિ વળે છે?!
હા! હા! તારું સ્મિત મલકતું, એની આ શી ખૂબી છે!

• • •

## મંદાક્રાન્તા

સ્હેજે દેખે મુજ તરફ જો સ્નિગ્ધ-દ્રષ્ટી થકી તું,
જો હું-પ્રત્યે સ્મિત મલકતું તારું રાખે જરી તું,
વર્ષાવી ર્‌હે રજ તુજ કૃપા હું-પરે નિત્ય જો તું,
કોટી જન્મો ફરી ફરી લઉં કાજ તારે પ્રભુ, હું.

શંભુ નિત્યે તુજ સ્મિત થકી તાંડવે લગ્ન ર્‌હે છે,
બ્રહ્મા, દેવો ગરક જ થતા છેક આશ્ચર્યમાં તે;
બ્રહ્માંડેયે પણ પ્રભુ, મહા વ્યાપ્ત આનંદથી ર્‌હે
તેવા તારા સ્મિત કિરણથી હૈયું મારું ભરી દે.

જો! હૈડે જો! પ્રભુ, કરી કૃપા છેક ઊંડું તહીં જો!
શા શા ભાવો ઉર રમી રહ્યા છે, જણાશે તને તો;
ને જો! ખોટો તહિં કદી દીસું કોઈ કાળેય બાપુ!
તો જા! મારી પર કરીશ ના દ્રષ્ટિ તારી પ્રભુ, તું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

આવેશે ઘણી વેળ યુક્ત થઈને ભૂલો કર્યા હું કરું,
એનું ભાન રહે નહિ હૃદયમાં કે શું કરું છું, પ્રભુ!
તેથી માર્ગ અસત્યમાં જઉં કદી હું દોરવાઈ પ્રભુ,
તો તું જાળવજે મને ઝીણવટે હું-મૂર્ખને હે પ્રભુ!

પ્હોચું ઠેઠ ન જ્યાં સુધી, નવ ઠરી બેસીશ હું ત્યાં સુધી,
મારું કામ કર્યા કરીશ, કદીયે જંપીશ ના હું જરી;
અંગે અંગ થકી લઈશ સઘળું હું કામ તેવું પ્રભુ,
ને જે કામ થતું, તને ચરણમાં નિત્યે સમર્પીશ હું.

ખેંચીને, લલચાવી જાળ મહિં તેં ફેંક્યો મને કાં પ્રભુ?
ફાંસો નાંખી ગળે મને રીબવતો પૂરો ફસાવી પ્રભુ!
છાનું છે કંઈ ના કશું, તવ બધી ચાલાકી જાણું, પ્રભુ!
કાં તું છેવટનું મને સુખ બધું ના આપતો? ક્હે, પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

પ્રેમે તું વશ થાય, તે પણ મળે છાંટો ન હુંમાં, પ્રભુ!
ને હૈયે નથી રાગ તીવ્ર પ્રગટ્યો તારા પ્રતિ, હે પ્રભુ!
તારે કેળવવો જ બાપ, પડશે, ના છૂટકો છે પ્રભુ!
તારે પાલવ હું પડયો, ગરીબને છોડી ન દેતો પ્રભુ!

ક્યારે બાપ, થશે પ્રસન્ન ઉરથી મારી પરે તું! પ્રભુ!
શેં તું બાળકની પરે હૃદયનો ના પ્રેમ ઢોળે, પ્રભુ!
શાને કારણ હું થયો ગરીબ જે-એવો અકારો, પ્રભુ!
જો તું આમ રહે, ક્હે મુજ થકી જીવ્યું જશે શેં પ્રભુ!

જોની! ડાલમડોલ નાવ દરિયે મારું થતું, શું કરું?
સ્હેજેયે ડગતું નથી, બળ ઘણું માર્યા હલેસાં કરું;
શું મિથ્યા જ જશે મહેનત બધી મારી કરેલી? પ્રભુ!
હેતુથી શુભ આદરેલ કદીયે ના કૈં નકામું જતું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

તારી પાસ ધરી ઊંડી હૃદયમાં હું આશ આવ્યો પ્રભુ!
તો શું તું જ નિરાશ આમ કરશે હું-બાળને? હે પ્રભુ!
હાવાં પ્રાણ ટકાવવા ક્યમ કરી? આશે કઈ? ક્હે પ્રભો!
જીવું બાપ, મર્યા સમો, મુજ ભણી ફેંકો કૃપાદ્રષ્ટિ તો.

આદેશો તવ સિદ્ધિએ લઈ જવા-ને પ્રેરણા આપજે,
હૈયે હામ મને થવા સફળ તું કાર્યો મહીં પ્રેરજે;
હું આજ્ઞાંકિત થૈશ ચાલીશ વળી હું તે પ્રમાણે પ્રભુ!
જા! શિક્ષા પણ આપજે, કદીય હું આડો જઉં જો, પ્રભુ!

તારા જોર પરે કૂદું બળ કશું હુંમાં મળે ના પ્રભુ!
જેવી ચાલ ચલાવશે વળી મને, ચાલીશ તેવું જ હું;
બુદ્ધિનો ઉપયોગ કાંઈ કરવો છોડી દીધો છે, પ્રભુ!
છોની મૂર્ખ ગણે મને જન બધાં, તેવું થવું છે પૂરું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

ક્યારે વાત લઈશ ધ્યાન મહિં તું હું-રાંકની? હે પ્રભુ!
ક્યારે શાંત કરીશ કામ પતવી મારું બધું તું? પ્રભુ!
ક્યારે પંથ કપાવીને લઈ જશે આ બાળને ઘેર તું?
પ્રેમાનંદ રસે મને ડૂબવશે ક્યારે પૂરો? હે પ્રભુ!

આકર્ષી તવ પાસ બાળ પ્રભુ, શેં દે છે હવાં દુઃખ તું?
જોયું છે સગી આંખથી સુખ દીધું બીજા ઘણાને પ્રભુ!
આવું છેતરતો હશે પ્રભુ, મને શા કારણે, તું ક્‌હે-
ચાલાકી ચલવીશ ના તુજ, નથી હુંથી અજાણ્યું કશું.

ર્‌હે જે કૈં પણ યત્નશીલ પ્રભુ, તું કલ્યાણ તેનું કરે
એવો ઉર મહીં મને તુજ પરે વિશ્વાસ બેઠો, પ્રભુ!
એથી તો પુરુષાર્થ ના અટકતો મારો કદીયે પ્રભુ!
ને ર્‌હે આશ અખંડ પ્‌હોંચીશ નકી ત્યાં ધામ તારે પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

ક્યારે સન્મુખ તું ઊભો ગરીબની મારી રહેશે? પ્રભુ!
ક્યારે તે ઘડી આવશે હૃદયના સંતોષની? હે પ્રભુ!
ક્યારે હૈયું થશે છલોછલ રસે આનંદ-તૃપ્તિ થકી?
ક્યારે દેખીશ ધન્ય એ પળ પ્રભુ, સંપૂર્ણ આરામની?

કોટિ દોષ છતાં ઢળ્યો શરણ છું હું પાય તારે પ્રભુ!
લેજે તું મુજ ભાળ રાંક જનની જોજે રખે, વીસરું;
ને મારી પર રાખજે સતત તું દ્રષ્ટિ કૃપાની પ્રભુ!
હંમેશાં જ પ્રયત્નશીલ મુજને તું રાખજે, હે પ્રભુ!

કોટિ કોટિ જશે નિરર્થક બધા યત્નો કરેલા જ શું?
ને વેઠયા નવ માસ જે ઉદરમાં તેયે જશે વ્યર્થ શું?
મારે આખર ધૂળ ધૂળની અરે! કર્મે લખી શું? પ્રભુ!
કેમેય પણ ના કદી થઈશ શું હું ભાગ્યશાળી? પ્રભુ!

• • •

## શિખરિણી

ગમે તેવી હોયેં દુઃખદ સ્થિતિ તોયે-જરીય કૈં
પ્રભો! શ્રદ્ધા તારા પરની ઉરથી ના ખસતી ને
જિવાતું ર્‌હેવાતું મુજથી અહિંયા તેથી કરીને
કૃપા એવી ભારે મુજ પર કરી છે બહુ જ તેં.

પ્રભો! ક્યાં સુધી આ સહન કરવું કર્મ પડશે?
મને ક્યાં સુધી તું અરર! નચવ્યા બાપ, કરશે?
ક્‌હે, ક્યારે મારા પ્રભુ, હૃદયની આશ ફળશે?
પ્રભો! ખોળે ક્યારે તુજ લઈ મને ધન્ય કરશે?

ઉપાયો તો કોટિ મથી મથી મરું, હું કરી પ્રભો!
છતાં બોજો મારા શિર પરથી ના કેમ ખસતો?
કર્યેથી શું એવું પ્રભુ, મુજ બધું કામ સરશે?
કૃપા તારી થાતાં સઘળી મુજ ગૂંચો ઊકલશે.

• • •

## શિખરિણી

મને જ્યાં સુધી તું દઈશ નહિ માગ્યું મુજ કશું,
ઠરી, જંપી, બેસી, રહીશ નહિ કેમે જરીય હું;
નિરાશાની જ્વાળા ફરી વળી બધે છો ભભૂકશે,
છતાં તેને હું તો હૃદય ગણકારીશ નહિ કૈં;

તને, થાક્યો હું તો, ફરી ફરી પ્રભો! જો કહી કહી,
છતાં લે ના ધ્યાને મુજ ગરીબની વાત મન તું;
હવે કોને ક્‌હેવી મૂંઝવણ જઈ મારી ઉરની?
થઈ પોતાનો તું અરર! દમશે આમ પ્રભુ, શું?

ઉપાધિ કેમે ના જરીય ગમતી છે પ્રભુ, મને,
સુખે, નિશ્ચિંતેથી પળપળ રહેવું બહુ ગમે;
તને યાચી યાચી ગરીબ મરતો હું નિશદિને,
હવે સામું જોને કરગરી કહું છું પ્રભુ, તને.

• • •

## શિખરિણી

કૃતઘ્ની હે લોકો! હૃદય ચૂસવું જો મુજ ગમે,
તમોને અર્પું છું પ્રિય જન ગણી તે ઉમળકે;
રહો રાજી તેવું જરૂર કરજો સર્વ મુજનું
તમે નાચો, કૂદો, દિલ હરખજો લોહી મુજથી.

તમે લોકો દેખો નહિ જ સવળું, શું પ્રભુ કરે?
તમો જેવા, તેવા અવર જન માપો ઉર વિષે;
તમારી આંખોનો તમ હૃદયનો રોગ તમને
બીજામાં તે જોઈ વધુ ઉર ભરો ઝેર વળી શેં?

તમે લોકો ના કૈં મુજ હૃદય-ઉદ્દેશ સમજો,
તમોને યાચું છું, કંઈ સમજવા યત્ન કરજો;
છતાં જો ના માનો, તમ ઉપર કૈં જોર નહિ કે
તમોને ફાવે તે સમજી કરવા સર્વ છૂટ છે.

● ● ●

## માલિની

ખટપટ મન કેમે મારું કૈં ના તજે છે,
વળી વળી બહુ વારું, તોય ના માનતું તે;
પ્રભુ, તુજ પદ એને બાંધવા હું મથું છું,
વીનવું તુજ કૃપાના પાશથી બાંધી લે તું.

પ્રભુ, મુજ બનવાને હાંકનારો તને હું.
નિશદિન વિનવ્યા જો! બાપ, નિત્યે કરું છું;
મુજ કરગરવું તું આટલું ધ્યાન લેજે,
કરી પ્રભુ, મુજને તું યંત્ર, યંત્રી ર્‌હેજે.

જળ, જળ, જળ ચારે પાસ જોઈ રહ્યો છું,
તસુ પણ નહિ ભૂમિ ક્યાંય ભાળું પ્રભુ, હું;
તરવું અઘરું ભારે, હામ તોયે ભીડી છે,
કરગરું પ્રભુ, મારા બાહુમાં જોર દેજે.

• • •

## માલિની

જલનિધિ મુજથી શું ના તરીને જવાશે?
મદદ તુજ લીધી છે, તેથી આ બાળકે મેં;
શરણ તુજ ઢળ્યાને સ્હાય દેશે નહિ જો,
અરર! મુજ દશા શી કોણ જાણે થશે તો.

અધવચ લટકી જો! બાળ તારું રહ્યું હું,
ઉપર નહિ જવાતું, ઊડવા હું મથું છું;
બહુ બહુ ફફડાવી પાંખ પહોળી કરું છું,
પણ પ્રભુ જરીયે ના ફાવતો, શું કરું હું!?

મુજ મહીં પ્રભુ, જે કૈં જોર છે તેટલું હું
બધુંય ખરચી નાખું, કામમાં બાપ, પૂરું;
જરીય તદપિ ઊંચો ના દીસે આવતો હું,
જરૂર મુજ હશે કૈં ખામી, તો શક્તિ દે તું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

ક્યારે ધન્ય બનાવશે શિર કૃપા વર્ષાવી મારે? પ્રભુ!
ક્યારે યોગ્ય કરી મને તુજ કને બોલાવી લેશે? પ્રભુ!
ક્યારે ફોરમ ફૂલની ઉરતણા મ્હેંકાવશે તું પ્રભુ!
ક્યારે જીવન બાપ, સાર્થ કરશે મારું પ્રભુ, રાંકનું?

અંધારા ખસતાં નથી નયનથી ક્હે, શાં ઉપાયો કરું?
મારો અંતરનો કદીય પડદો ના તૂટશે શું? પ્રભુ!
રહેવાનું મુજ કર્મમાં ગરીબને શું અંધનું અંધ છે?
કાં તારો ન પ્રકાશ દે તું મુજને ને દેખતો ના કરે?

બુદ્ધિ ને મન, પ્રાણ ચિત્ત, સઘળાં એકાગ્ર એ ના થતાં,
મારું બાપ, ગરીબનું કથળતું તેથી બધું કામ આ;
મારે હાથ જ હોત જો બધું, કીધું તો હોત મેં ક્યારનું,
બૂમો પાડત આટલી નહિ તને, તો લે જરી ધ્યાન તું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

જો! છોરું તવ પાયમાં ટળવળ્યા કૈં વેળથી હું કરું,
વારંવાર નમાવી શીશ મુજ હું વંદ્યા કરું છું, પ્રભુ!
હૈયે ઉત્કટ વાંછના તુજમહીં, 'ક્યારે ભળાશે?' પ્રભુ!
આકાંક્ષા મુજ એ ઊંડી હૃદયની પૂરીશ ક્યારે પ્રભુ!

થાશે બાળક ઓતપ્રોત તુજમાં ક્હે, એક ક્યારે? પ્રભુ!
એવું જીવન ગાળવા થઈશ, ક્હે, હું ભાગ્યશાળી ન શું?
શ્રદ્ધા ઉર અમાપ ને અચળ છે તેથી જિવાતું, પ્રભુ!
બાકી તો મરવું ભલું જ અદકું આવું જીવ્યાથી, પ્રભુ!

સંગાથે તુજ પ્રીતડી ઉર ઊંડી બંધાઈ એને, પ્રભુ!
ઊંડું દર્દ થતાં છતાં પણ નહીં કેમેય છોડી શકું;
ને દાઝ્યા પર ડામ તું ઉપરથી દે છે વળી શેં પ્રભુ!
જાણું આમ હતે ન પ્રેમ તુજથી બાંધ્યો હતે તો પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

ધાર્યું કાંઈ થતું હતે પણ જરી મારું કદી જો, પ્રભુ!
તો સ્હેજે નવ રાખી હોત પરવા તારી કદીયે, પ્રભુ!
આ તો પાસ મહીં મને જકડી તેં બાંધી લીધો છે, પ્રભુ!
તું કૈં ના મુજ ચાલવા જ જહીં દે, પોકાર પાડયા કરું.

મારું ચંચળ છે પ્રભુ, સ્થિર કરો એ ચિત્ત તારા પદે,
મારે એક જ એટલું બસ, પ્રભુ, તારી કને કામ છે;
વ્હાલા તાત, મને પ્રભુ, ચલવજે તું નીતિપંથે સદા,
બુદ્ધિ, સદ્ગુણ પ્રેરજે મુજ પરે વર્ષાવી તારી કૃપા.

જાણું હું નવ રાજમાર્ગ પ્રભુ એ, શી રીત ત્યાં પહોંચવું?
જાવા જે નીકળ્યો, હવે નહિ કરું પાછો ફરી પૂંઠ હું,
છે વિશ્વાસ મને પૂરો તુજ પરે, તું ઠેઠ પ્હોંચાડશે
કૂટાઉં, અથડાઉં, તે પણ ભલે ભૂલો પડું તોય હું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

યુદ્ધે તું મુજ છે ધનુર્ધર અને હું બાણ તારું, પ્રભુ!
ને તું નાવિક સિંધુ મધ્ય મુજ છું, તારું હલેસું હું છું;
વિશ્વે વાદક તું પ્રભુ, મુજ વળી, વેણુ પ્રભુ, તારી હું,
એવા હે મુજ નાથ! પાર કરજે આ જીવને તું પ્રભુ!

માગ્યું મેળવવા રડી મરું અરે! કૈં વેળથી બાળ હું,
ને કલ્પાંત કર્યા કરીશ મુજ જો માગ્યું ન આપે, પ્રભુ!
'લેવું' નિશ્ચય એ કર્યો મન મહીં કોટી ઉપાયે પ્રભુ!
કાં તો ત્યાગીશ પ્રાણ, કાર્ય અથવા સાધીશ ધાર્યું પ્રભુ!

છાનું કૈં નવ રાખતો તુજથી હું, કર્તવ્ય જે જે કરું,
અર્પું સર્વ વિચાર હું તવ પદે ને કલ્પના જે સ્ફુરે
હંમેશાં તુજને નિવેદન બધું મારું કર્યા હું કરું,
થાવાં એમ પૂરું સમર્પણ પદે હું સર્વ રીતે મથું.

• • •

## શિખરિણી

ગુન્હા ભારે તારા કરી  છટકી ના હું જઈ શકું,
સહી એની શિક્ષા લઉં તહિં સુધી મુક્ત ન બનું;
વધારે તેથી હું દુઃખ પર દુઃખો માગી લઉં છું,
પ્રભુ, છેડો આવે જલદી દુઃખનો એમ કર તું.

તને વારે વારે બહુ ભૂલી જવાનું, ક્યમ કરું?
સ્મૃતિ હૈયે તારી પળ પળ રહે ના નિત પ્રભુ!
હજી રૂંવે રૂંવે પ્રણય પ્રગટ્યો ના તુજ પ્રભુ!
તહીં સુધી કાચું ગણીશ નકી આ કામ મુજ હું.

પૂરું મંડયો ર્‌હેવા સતત મુજને દે બળ પ્રભુ!
નિરાશાની છેલ્લી પળ સુધી નભું, પ્રેર ત્યમ તું;
કદી ધ્યેયેથી કૈં મુજ નજર ના જાય દૂર તે
પ્રભુ! જોતો ર્‌હેજે હૃદય પૂરજે સ્‌હે તું મુજને.

• • •

+ સ્‌હે = હિમ્મત, શોર્ય

## શિખરિણી

પુરુષાર્થે નક્કી લઈશ મુજ ચાહ્યું ઉરતણું,
ઠરી જંપી કેમે તહીં સુધી ન બેસીશ પ્રભુ, હું;
અરે! ભૂલ્યો મારા થકી તૃણ સમુંયે ન બનશે
કૃપા તારી મારે શિર વરસતાં સર્વ ફળશે.

નિવારી કો રીતે મરણ શકું ના હું મુજ પ્રભુ!
મથું તૈયારીમાં સતત ઉરમાં તેની પ્રભુ, હું;
વડાં વાતોનાં હું કરું, મુજથી ભારે ન બનશે,
ઉગારી લેજે તું પ્રભુ, કરી કૃપા એથી મુજને.

દીધાં દુઃખો કાજે ઉપકૃત થયો હું તુજ પ્રભુ!
શીખ્યો તેથી બાકી હત ન પ્રભુ, આ વૃત્તિ મહીં હું;
વધારે માગું છું હજીય દુઃખ આપ્યાં તું કરની,
નિવેડો આવે કે સુખરૂપ બની જાઉં જલદી.

● ● ●

★ ઉપકૃત=આભારી

## શિખરિણી

કૃપાદ્રષ્ટિ તારી પર જ પ્રભુ, આધાર મુજ છે,
વિના તે કો બીજું પ્રભુ, મુજ કને શસ્ત્ર નહિ છે;
કૃપાની આકાંક્ષા હૃદયમહીં રાખ્યા નિત કરું,
તરાશે શ્રદ્ધા છે, જળનિધિ કૃપાથી તુજ પ્રભુ!

મથું ર્‌હેવા નોખો પ્રભુ, જગતના લોક થકી હું,
ન તે આવે આડે મુજ જીવનની તેમ વરતું;
તને ઉદ્દેશીને જીવનમહીં કર્તવ્ય કરું હું,
ભૂલું, ચૂકું જો તો મુજ ખબર લેજે જરૂર તું.

વિપત્તિને માની લઉં હૃદય સંપત્તિરૂપ હું,
ભલે તો એ આવે હૃદયથી વધાવી લઈશ હું;
લગારે તેથી કૈં હૃદય ગભરાઈશ નહિ હું;
મને શ્રદ્ધા, મારું જરૂર કરશે તે હિત પ્રભુ!

• • •

### શિખરિણી

નિરાશા આશાની અધવચ પ્રભુ, બાળ લટકું,
કફોડી કેવી છે પ્રભુ, મુજ દશા જો! નીરખી તું;
પછી જો આવે કૈં તુજ ઉર દયા મારી તુજને,
પ્રભુ! ઊંચે લેજે જમીન થકી આકાશ મુજને.

પ્રભુ! મારું તારી પર જીવન છે નિર્ભર બધું,
બધી વાતે તેથી હૃદય પ્રભુ, નિશ્ચિંત રહું હું;
થવાનું જેવું હો ત્યમ પ્રભુ, ભલેને મુજ બને,
ઉરે તેની કૈં યે રજ ન પરવા છે પ્રભુ, મને.

મને જો કૈં હોયે, પ્રભુ, તુજ કૃપાની જરૂર છે,
બીજી કોઈ મારે હૃદય-અભિલાષા જ નહિ છે;
પડયો તારે દ્વારે મુજ પર કૃપા જો ન કરશે,
કદી તો ત્યાંથી હું ખસીશ ડગલું એક પણ ના.

• • •

## શાર્દૂલવિક્રીડિત

હારી હામ જતાં તને કરગરું પાયે પડી બાપ, હું,
સામું કૈં જરી જો પ્રભુ, ચરણમાં હું રાંક રોયા કરું;
શું તું બાળકની પરે જરીય કૈં ના હેત લાવે? પ્રભુ!
ધાર્યું છે રવડાવવું પ્રભુ, મને તે ક્યાં સુધી આમ ક્હે.

મારી અંદરનો કીડો, શું કરવું, ભારે સતાવે મને,
હૈયે દે વળવા ન જંપ પણ કૈં એવું પ્રભુ, એ દમે;
ને તે દે કરી ધૂળ સૌ મુજ કર્યું ને કારવ્યું જે હરિ!
મારે તો ફરી માંડવું જ પડતું, જો! એકડે એકથી.

પાસેનું નિજનું સગું સ્વજન છે હું રાંકનું એક તું,
મારે આશ્રયનું કહીં સ્થળ જગે જો હોય તો બાપ, તું;
તેથી હું ઉર ઠાલવું તુજ કને મારું હમેશાં પ્રભુ!
ધ્યાને લૈ મુજ વાત યોગ્ય કરજે, પાયે પડી હું કહું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

તારે પાય પડયા છતાં, મુજ પ્રભુ, દારિદ્ર ના ફીટશે?
'ઉધ્ધારે પ્રભુ, છે સમર્થ,' તુજને, ક્હે, કો પછી લેખશે?
ધારો કે નવ યોગ્ય છું કદી છતાં તું સર્વ-કર્તા પ્રભુ!
સ્પર્શે માત્ર કૃપાતણા તવ કરે, તો ધન્ય પૂરો બનું.

હું છું બાળ અનાથ, હાથ તુજ તું મારે શિરે રાખજે,
ને લાવી પ્રભુ કૈં દયા મુજ પરે તું સ્હેમ વર્ષાવજે;
છોરું નિર્બળ છું, કરું તુજ કને હું આવવા યત્ન શું!
તોયે ઘૂંટણીયે કરી ડગ ભરું, પ્હોંચીશ શેં એમ હું!

હૈયું નિર્મળ, ચિત્ત શુદ્ધ કરજે સંપૂર્ણ મારાં પ્રભુ!
ને મારું મન રાખજે ચરણમાં હંમેશ ભાવે ભીનું;
હાવાં બાપ, સતાવવું ગરીબને છોડી જ દેજે પ્રભુ!
ને વર્ષાવ કૃપા, કહું કરગરી, યત્ને તું મારા પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

સ્વામી હાથ હજારનો સબળ તું મારે શિરે છે પ્રભુ!
તું મારું કરશે ભલું, હૃદ મહિં વિશ્વાસ એવો પ્રભુ!
ચિંતા નાહકની પછી નવ ધરું મારા વિષેની કંઈ,
સોંપ્યો ભાર તને બધો મુજ હવે સંભાળ લેજે હરિ!
મોટા! તું સંભાળજે.

જ્યાં ત્યાં મેં રખડયા કરી મુજ બધું મેં તો બગાડયું, પ્રભુ!
તારી બાપ, કૃપાથકી હૃદ ઊંડું કૈં ભાન આવ્યું, પ્રભુ!
છોડી આથડવું હાવાં શરણમાં તેથી હું આવ્યો પ્રભુ!
બોલાવી ઘર લે હવે, બહુ થયું, ખાઈ દયા કૈં પ્રભુ!

મારી ગૌ નવ લાવતો ઘર ભણી તું કેમ, ક્હે, હે પ્રભુ!
તું ગોવાળ સમર્થ જાણી મુજ, મેં સોંપી તને ગૌ પ્રભુ!
જ્યાં ત્યાં તું ચરવા જવા ક્યમ જ દે, રાખે ન શેં ભાળ તું.
તારે ર્‌હે વશ ના, મનાય મુજથી એ તો ન કેમે પ્રભુ!

• • •

**મંદાક્રાન્તા**

હાવાં મારી પ્રભુ, ગરીબની ભાળ લેશે નહીં શું?
દ્રષ્ટિ તારી અમીમય હવે ફેંકશે ના કદી શું?
ફેંકી રાખી અહીં જ કરશે ના કૃપા સ્હેજ કૈં શું?
હંમેશા શું અરર! બળવા બાપ, દેશે મને તું?

ઈચ્છા જેવી પ્રભુ, તુજ હશે તેમ ર્‌હેવાનું મારે,
તેથી તો કૈં નથી જ કરતો હું ઉધામાય ભારે;
ઠંડા પેટે જરૂર પ્રભુ, હું નિત્ય બેસી રહું છું,
કો કો વેળા કકળી ઊઠું છું જ્યાં સહી ના શકાતું.

કર્મેથી આ પ્રભુ દુઃખ નહીં શું ભુસાશે કદીયે?
ર્‌હેવું તારે શરણ ઢળી તે વ્યર્થ શું બાપ જાશે?
ના, ના, એવું કદીય ન બને કોઈ રીતેય હૈયે
શ્રદ્ધા એવી તુજ પર રહી, જે જિવાડે મને છે.

• • •

**મંદાક્રાન્તા**

પ્રેમે અર્પું તુજ ચરણમાં નિત્ય શ્રદ્ધાંજલિ હું
હૈયાના જે નિત નિત નવા ભાવથી હું પૂજું છુ
ને તું-કાજે 'હૃદય કંઈ કૈં' 'શું કરી નાખું એવું
કે તું રીઝે' સતત ઉરનું એમ ર્‌હે ઉભરાવું.

દુઃખો તારી નજર પડતાં ક્યાંય અદ્રશ્ય થાશે,
ને અંધારું મુજ રહ્યું સહ્યું સર્વ તે ફીટી જાશે;
ત્યારે હૈયે મુજ કંઈ કશું વાંછવાનું ન ર્‌હેશે,
ક્યારે એવી પ્રભુ, તુજ કૃપા બાપ, હુંથી પમાશે?

ચારે બાજુ ધસમસી રહ્યાં અભ્ર કાળા દીસે ને
જોને! ખાલી કશું રહ્યું નથી સ્‌હેજ આકાશ ક્યાંયે;
અંધારાનું જગ પર બધે ઘોર સામ્રાજ્ય વ્યાપ્યું,
ત્યાંયે આશા-વીજ ચમકતી ભાળી સંતોષ પામું.

• • •

## મંદાક્રાન્તા

કાળાં અભ્રો પર પણ કદી હોય છે શ્વેત રેખા,
છૂપી આશા ત્યમ વસી રહી છે નિરાશા-પળોમાં,
જેથી શ્રદ્ધા કદી હૃદયથી ના જરીયે ખસે છે,
ર્‌હેવાયું છે મુજ ગરીબથી જીવતું તેથી આજે.

તારી હું તો પ્રભુ, મરજી હો તેમ નિત્યે રહું છું,
સ્‌હેતાં રોતાં કદી પણ જરી જો! વરાળે ન કાઢું;
જૂનું તોયે મુજ ઉપરનું વેર તે વાળતો શું?
જા! ત્યારે જા! રીસ કરી કહું, થાય તે લે કરી તું.

તે લીધો છે પ્રભુ, કસી મને દુઃખના પ્‌હાડ નાખી,
તોયે માથે મુજ હજુ રહ્યું વીતવાનું શું બાકી?
હું કાર્યોથી તુજ પ્રભુ, નકી કૈં અને કૈં શીખ્યો છું,
ને હા! જાણ્યું નિત શીખવતો એવી રીતે નવું તું.

• • •

## માલિની

જલનિધિ તરવાને હામ તો મેં ભીડી છે,
પણ ખડક ઊભા છે, માર્ગને રોકતા જે;
વળી ગિરિ સમ મોજાં ઊછળી જો! રહ્યાં છે,
પ્રભુ, કંઈ ધપવાને દે હલેસાં કૃપાનાં.

મુજ વિષય વિકારો બાળી દેની બધા તું,
સ્મરણથી કરવા હું દૂર તેને મથું છું;
મુજ થકી બનતા સૌ યત્ન બીજા કરું છું,
મદદ મહીં રહેવા મારી યાચું તને હું

દુઃખ બહુ, અટવાઈ અંધકારે હું યાચું,
પથ કહીંય દિસે ના, શું કરું હે પ્રભુ! હું?
અહિંતહિં રખડીને જો કુટાઈ મરું છું,
પ્રભુ, કરી કરુણા કૈં માર્ગ દેખાડી દે તું.

• • •

## માલિની

મુજ હૃદયમહીં છે મેલ જે, તે બધો હું,
દૂર પ્રભુ, કરી દેવા યત્ન ભારે કરું છું;
સુઘડ કરવું મારે સ્વચ્છ, સારું, રૂપાળું,
ઘર તું રહી શકે જ્યાં પૂર્ણ આનંદ સાથે.

પ્રભુ ભવ-અટવીમાં બાળ ભૂલો પડયો છું,
બહુ બહુ ઘીચ ઝાડી કયાંય ના માર્ગ ભાળું;
કિરણ પણ શકે ના સૂર્યનું જ્યાં પ્રવેશી,
તિમિરમહીંથી એવા બ્હાર કાઢો કૃપાથી.

દળદર મુજ કયારે તું ફિટાડીશ, બાપુ!
ચરણ શરણ મેં તો એટલા કાજ શોધ્યું;
કશું અફળ જતું ના શુદ્ધ ભાવે કરેલું;
ઉર વસી રહી શ્રદ્ધા એવી, તેથી જીવું છું.

• • •

## માલિની

મન પર જરી લેની પ્રાર્થના મારી બાપુ!
હરનિશ તુજને જો! રાંક યાચી મરું છું;
નહિ, નહિ, પ્રભુ, ભૂલ્યો, તું બધું ધ્યાન રાખે,
ફળ ઋતુ જ્યમ આવ્યે પાકતાં, તેમ દેશે.

અરર! મુજ ઘણા છે દોષ લાખો, કરોડો
નહિ કદી ગણતાંયે આવશે પાર તેનો
થઈ ગયું મુજથી જે, તે ભણી ના નિહાળી
મુજ પર અમીદ્રષ્ટિ રાખજે બાપ, તારી.

જરી પણ પ્રભુ, ભક્તિ તારી ના મેં કરી છે,
તુજ ગુણ હૃદ-ભાવે કૈં જ ગાયા નથી મેં
વળી જગજન સેવા કાંઈ હુંથી બની ના,
ક્યમ કરી વળશે દી બાપ, એવાતણો હા.

• • •

**મંદાક્રાન્તા**

પાઠો કૈં કૈં મુજ ગરીબને તેં પઢાવ્યા કર્યા છે,
હૈયેથી જે કદીય પણ જો! ના ભુસાઈ જતા ને,
એ તો મારા પ્રભુજીવનની મંત્રરક્ષા બન્યા છે,
ને હું ક્યાંયે કદીય ભૂલું જો, તું મને ચેતવે છે.

જંજાળોથી જગતની મને મુક્ત કૈં તે કર્યો છે,
એ બાજુનું દિલ કઠણ કૈં છે બનાવ્યું પ્રભુ, તેં;
એવી રીતે અઢળક કૃપા હું-પરે દાખવી છે,
તોયે લેખે નવ ગણું કશા, હું કૃતઘ્ની તને જે.

કર્તવ્યો કૈં પ્રભુ, મુજ કરું દોરવે જેમ તું તે,
કે માની હું મનથી લઉં છું એમ ને એમ શું તે?
કો કો વેળા હૃદય મહીં કરી આત્મવિશ્લેષણ કૈં
જોયું છે તો ભરમ સઘળો ભાંગી મારો ગયો છે.

• • •

**મંદાક્રાન્તા**

ધ્યેયે મારે હજી સુધી પ્રભુ, કેમ પહોંચાતું ના? ને
એવો શો છે મુજ હૃદયમાં દોષ કે જે નડે છે?!
હોયે કૈં જો, તુજ રહમથી ધોઈ તે નાખને તું,
કેવું હૈયું તલસી રહ્યું છે! લાવ તેની દયા તું.

અંતર્યામી તુજ સમ ધણી છે જ સાક્ષાત માથે,
પ્રત્યક્ષે તો કંઈ પછી તને શું ક્‌હેવાનું ર્‌હે છે?
જાણે છે તું મુજ હૃદયની વાંછના શી ઊંડી છે,
તેથી જ્યારે તુજ મન ગમે, આશ સંતોષજે તે.

હૈયે મારે અમૂંઝણ ઊંડી બાપ, કૈં થાય છે, ને
કૈંયે સ્‌હેજે હૃદયમહિં ના ચેન ક્યાંયે વળે છે;
ના જાણું હું, રસહીન બન્યું છેક શેં આમ હૈયું!
આવું જ્યારે બનતું મુજને ગૂંગળાઈ મરું છું.

• • •

**મંદાક્રાન્તા**

મારે રોયા કરવું પડશે કયાં સુધી આમ તે શું?
રે! રે! આરો મુજ ગરીબનો આવશે ના પ્રભુ શું?
રે! ચાલ્યું જો મુજ કંઈ હતે, આત્મઘાતે કરીને
છૂટો નક્કી હત થઈ ગયો, લાગતે શાપ તુંને
શાપયે આપી તુંને.

ગાળો દેવી રીસ થકી તને યોગ્ય ના છે મને તે,
જાણું છું તે, પણ મુજ થકી તેમ જાયે થઈ રે!
કાળે જ્યારે તુજ પર પ્રભુ, હું ભરાઈ જ જાઉં,
હૈયે ત્યારે સુધબુધ રહે કૈં કશી ના, કરું શું?!

જાગી તારાં નયન-પલકો જો ઉઘાડી જરા તું,
કયાંયે વીતી રજની ગઈ ને વાયું છે રમ્ય વ્હાણું!
ધાર્યા કેવા ઉર અવનવા ભાવ-રંગો ઉષાએ!
તારું હૈયું પ્રભુ, રીઝવવા બાળ જો! આ ઊભો છે.

• • •

**મંદાક્રાન્તા**

પંકે કેવું, કમળ જનમી ઊર્ધ્વ આકાશમાં તે
હંમેશાંયે સતત નિજની દ્રષ્ટિ રાખ્યાં કરે છે!
તેવી મારાં મન, હૃદય ને ચિત્ત ને પ્રાણની તે
દ્રષ્ટિ નિત્યે તુજ તરફ ર્‌હે એમ બાપુ, કરી દે.

રીતિ છે કે પ્રણયી જનની, પ્રેમીનું શ્રેય જે કૈં
થાતું હોયે, કરવું ઘટતું કોટિ કોટિ ઉપાયે;
તો તેં શાથી મુજ ગરીબનું કામ મૂક્યું અધૂરું?
કે મેં તારો હજુ સુધી પૂરો પ્રેમ ના મેળવ્યો શું?

હૈયે ઊંડું તુજ સ્મરણ જો! સ્‌હેજ યે થાય ના ને
કોરા કોરા મુજ દિવસ જો! સર્વ વીતી જતા ર્‌હે;
જાશે મારું જીવન પલકે જો! વહી છેક એળે,
ચેતી જાને! કરમ નહિ તો કૂટવાનું જ ર્‌હેશે.

• • •

## શાર્દૂલવિક્રીડિત

હું જો! યત્ન કર્યા કરું રિઝવવા પ્રેમે તને, હે પ્રભુ!
તોયે મેળવવા કૃપા નહિ જ શું હું ભાગ્યશાળી બનું?
ના, ના, છે મુજમાં મને અચળ કૈં શ્રદ્ધા પ્રભુ, જે થકી
મારું આ ટકવી રહ્યો જીવન હું વિશ્વાસથી શ્રીહરિ!

મારું જીવન મેં સમર્પણ કર્યું સર્વસ્વ તારે પદે
ફાવે તે ઉપયોગ બાપ, કરજે લાગે તને યોગ્ય જે;
નિત્યે બાપ, નવું નવું શીખવજે ને ગૂઢ વિદ્યા પ્રભુ!
આપી બાપ, બનાવજે ગરીબને તું ધન્ય પૂરો પ્રભુ!

તું રાખીશ ન બાપ, રૂખડ મને, જો! હું પૂરો મૂર્ખ છું,
પ્રાર્થું દક્ષ બનાવજે ગરીબને તું સર્વ વાતે પ્રભુ!
જોજે! તું શિખવાડતાં કંઈ રખે કંટાળતો! હે પ્રભુ!
દેજે માફી મને મહેનત તને ભારે કરાવીશ હું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

જાણું છું, અડબોથ છું, ચરણમાં એવો પડયો હું પ્રભુ!
તો પાલે પડ્યું હોંશિયાર કરજે હું મૂર્ખ છોરું પ્રભુ!
જો ના તેમ બનાવશે, મુજ કશી ના લાજ જાશે પ્રભુ!
તારે પાય પડયા છતાં રહીશ હું, ક્હે, એમનો એમ શું?

દેવું તો રહ્યું દૂર હું કયાં! ઉપરથી તું શેં દમે છે, પ્રભુ!
લાવી આમ સકંચમાં જ પીડવું છે યોગ્ય એ શું? પ્રભુ!
જે તારે ઘર આવિયો સુખથી કૈં આરામ લેવાં પ્રભુ!
બેસાડયો દળવા તહીં ગરીબને શા કારણે, હે પ્રભુ!

શું તારે ઘર ખોટ કાંઈ પડશે આપી દીધાથી જરી?
રસ્તામાં નવ છે પડયું મળવું કૈં, એ સ્હેલ એવું નથી;
જાણું છું પ્રભુ, એમ હું ત્યમ છતાં ભાંડું તને શ્રીહરિ!
મારો એ અપરાધ માફ કરજે મૂર્ખો જ જાણી હરિ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

તું વિદ્વાન બનાવતો ચરણમાં જે મૂર્ખ આવે પ્રભુ!
તો રાખે અપવાદ એક મુજનો શા કારણે તું પ્રભુ!
કર્મેથી વચને, મને શરણ શું હુંથી ઢળાયું નથી?
જો એવું પણ હોય, લક્ષ હરજે બીજી ભણીનું બધું.
દિશાનું

ક્‌હે, હું શેં તવ ધામમાં જઈ ઠરું? યત્નો વળી શા કરું?
એવું શું નડતું હશે કંઈ મને, પ્હોંચી ન જેથી શકું?
રાખે દૂર તું વેગળો તુજ થકી શા કારણે? ક્‌હે, પ્રભુ!
કેવો હું તલસી રહ્યો ઉર મહીં તું જો કરી ડોકિયું.

હૈયે આતુરતા વધે જ્યમ વધુ શેં દૂર ર્‌હે તેમ તું?!
ને આકર્ષણ તું-ભણી બહુ થતું એથી કરી, હે પ્રભુ!
આવી રીત ચલાવશે કહીં સુધી મારી પ્રતિ હે, પ્રભુ!
કૈં તો દાખવની દયા, કરગરું તારે ઢળી પાય હું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

થાકયો છું કથની કહી કહી બધી મારી તને હું પ્રભુ!
આંખોથી પણ રોદણાં રડી રડી આંસુ સુકાયાં, પ્રભુ!
વારંવાર નમાવવાથી શિર જો! કેવું ઘસાયું! પ્રભુ!
તોયે શેં નવ કાઢતો ખબર તું મારી જરીયે, પ્રભુ!

વાંકું જ્યાં નિજ કર્મ છે, અવરનો શો દોષ કાઢું પછી?
ભૂંડાં કર્મથી હું છૂટીશ પ્રભુ, ના કેમે કરી શું કદી?
શાથી બંધનમુકત હું થઈશ? ક્‌હે, ઉપાય તે હું કરું,
હું મારા પુરુષાર્થમાં નવ કશી રાખીશ બાકી, પ્રભુ!

લેવી ભાળ ઘટે હવે શરણમાં જે રંક આવ્યો, પ્રભુ!
જો રક્ષા નવ તું કરે પતિતની તો કયાં હું જાઉં પ્રભુ!
જાણી દુશ્મનથી સમર્થ મુજને તું રક્ષવા છું પ્રભુ!
હું છું પાય ઢળ્યો, પીડે ફરી ન એ, જોતો તું ર્‌હેજે પ્રભુ!

● ● ●

### શિખરિણી

પ્રભુ, તારે માટે મુજ જીવન મારે વીતવવું,
કરી દેવું છે તે તુજ ચરણ ન્યોછાવર પૂરું;
હજી શુદ્ધિ એની પદ ન ધરવા યોગ્ય થઈ છે,
પદે એને જ્યારે ધરી દઈશ તું લાયક થશે.

રહું ઘેરાયેલો પ્રભુ, ગરીબ હું ચોતરફથી;
જવા મારે એકે દિશ, કહિંય બારી છૂટી નથી;
દશા કેદી જેવી જરૂર મુજ છે જો પ્રભુ, અહીં.
મને યાચું છુટ્ટો પ્રભુ કરવજે બંધન થકી.

હશે પ્રારબ્ધે જે સહન કરવું સર્વ પડશે,
છુટાયું ના એથી જગત ભરમાં કોઈ થકીયે;
ભલે માથે વર્ષે દુઃખ ઝડી છતાં ના ડરી જઉં;
સહી લેવાને તે મુજ હૃદય દેજે બળ પૂરું.

• • •

## શિખરિણી

તમે કલ્પો જે કંઈ, સઘળું ખરું છે, તેમ ન ગણો,
તમારી બુદ્ધિને હદ વગરની ના સમજશો;
બીજાંની ખોડોને કંઈ નીરખવાથી ન મળશે,
ખરે! ઉલ્ટું તેથી તમ હૃદયમાં દુર્ગુણ ઠરે.

પ્રભુ અંધારામાં ભટકી તુજ હું બાળ મરતો,
ઘણાં ફાંફાં મારું પણ પથ જડે ક્યાંય ન સીધો;
છતાં તે માટે જે કંઈ કંઈ પ્રભુ યત્ન કરું હું,
મને શ્રદ્ધા છે કે મદદ કરશે અર્પી બળ તું.

શકું ઉકેલી ના પ્રભુ, જગતના પ્રશ્ન કંઈ હું,
ખરા ખોટાની કૈં વળી ન તુલના હું કરી શકું;
ખરે; સાચે હું તો જડ ભરત જેવો મૂરખ છું,
મને સાચી દેજે સમજણ, ગણી બાળ તુજ તું.

• • •

## શિખરિણી

કરું એવું શું કે મુજ હૃદય આ નિર્મળ બને?
સધાશે એ તો, જો કરી શકું કૃપા પ્રાપ્ત તુજ હું;
હશે યત્નો સાચા તુજ જરૂર તો કાર્ય સરશે;
મને શ્રદ્ધા તેથી પ્રભુ, વિજય દી કોક મળશે.

રડું છું હંમેશા શિરથી કરવા ભાર હલકો,
અને તેથી પામું હૃદયમહીં આશ્વાસન પ્રભો!
ખરે! પસ્તાવામાં વિપુલ બળ અદ્‌ભુત દીઠું મેં
અને તે જોરે હું તુજ પદ ઢળ્યો છું, શરણ દે.

પ્રભુ, સાચો તારો બહુ જ અપરાધી જરૂર છું,
મને જેવી શિક્ષા કરવી ઘટતી યોગ્ય કર તું;
ઘણા આનંદે જે, સહીશ, શિર નાખીશ પ્રભુ, તું,
મૂંગી એવી રીતે કરીશ તુજને રાજી પ્રભુ, હું.

• • •

### શિખરિણી

ચઢી બેઠો છે જો! મુજ મુનીમ મારે શિર પ્રભુ!
વળી મારું કૈં તે જરી ન ગણકારે, ક્યમ કરું?
અને મૂડી શી છે ખબર પણ એની નથી મને,
મહા મૂર્ખો એવો મુજ સમ પ્રભુ; કયાંય ન હશે.

મને જેવો તેવો તુજ શરણનો દાસ ગણજે,
તને યાચી માગું, બસ તુજ કને માત્ર પ્રભુ, એ;
અરે! એ વાંછા મુજ કરી શકું સિદ્ધ ક્યમ હું?
ઘણું એ માટે હું હરનિશ કર્યા ચિંત્વન કરું.

ગણી છોરું તારું ભૂલચૂક બધી માફ કરજે,
અને જે જે હોયે મુજ હૃદયમાં દોષ હરજે;
વળી હૈયું મારું સ્ફટિક મણિ જેવું તું કરજે,
તને વ્હાલાં જે, તે પ્રભુ, મુજથી કામો કરવજે.

• • •

## શિખરિણી

તને થાઉં વ્હાલો, ત્યમ જીવન મારે વીતવવું,
ઘણું વાંછું તારો પ્રણય કરવા પ્રાપ્ત પ્રભુ, હું;
બધા યત્નો મારા વિણ તુજ કૃપા નિષ્ફળ જશે,
પ્રભુ, સામું જોઈ મુજ ગરીબની આશ પૂરજે.

પ્રભુ, મારામાં જે ઘર કરી રહી શત્રુ વસતા,
હંમેશાં પીડે છે, બહુ જ મુજને વિઘ્ન કરતા;
થશે પૂરો એનો જહિં સુધી ન ઉચ્છેદ સમૂળો
નિરાંતે જંપાશે મુજથી નહિ, દે સ્હાય પ્રભુ, તો.

'પદે રોકી રાખું મન હૃદય આઠે પ્રહર હું,
કરું ને તેઓને રસબસ થકી લીન' હું ચહું;
છતાંયે ઠેકાણે મુજથી નવ ર્‌હેતાં, બહુ મથું
ભલે તો તે જાતાં, પણ સ્મરણ ચૂકું ન તુજ હું.

• • •

## માલિની

દુઃખ બહુ અટવાઈ અંધકારે, હું પામું,
પથ કહિંય દીસે ના, શું કરું હે પ્રભુ! હું?!
અહિં તહિં રખડીને જો! કુટાઈ મરું હું,
પ્રભુ, કરી કરુણા કૈં માર્ગ દેખાડી દે તું.

તુજ ગમ પ્રભુ દોડી આવતો મૂઠી વાળી,
પણ કદીય ન આવે અંત હું જાઉં થાકી;
જરી જહીં પ્રભુ જો હું, ચોટ મારી ચૂકું છું,
વળગી પડતી ત્યાં તો કૈં બલાઓ કરું શું!?

હરનિશ પ્રભુ 'હું' ને છેતર્યા હું કરું છું,
ત્યહીં ક્યમ વળશે દી, આંધળો શેં રહું છું!
સ્વરૂપ સમજી લેઈ આપ પોતાતણું તું,
ડગ પછી ભરશે જો પામશે સિદ્ધિ તો તું.

• • •

## માલિની

મન ચરણસરોજે રાખજે લગ્ન મારું,
પ્રભુ! કરી કરુણા દે એટલી હું પરે તું;
અવર નહિ જ કાંઈ એ વિના વાંછના છે
કરગરી વીનવું છું પૂર તું આશને એ.

નયન થકી વિકારો ના જતા, શું કરું હું!?
હરનિશ શિર મારું હું કૂટયા જો! કરું છું;
તદપિ જય શકું ના મેળવી હું હજીયે,
તુજ રહમથી મારું ભાંગશે દુઃખ નિશ્ચે.

મુજથી દૂર હજીયે મોહ થૈ ના શકયો છે,
હ્રદય મહિં વળી કૈં લાલસાઓ રહી છે;
ક્યમ કરી બધી બાળી વાસનાઓ શકું હું!?
પ્રખર તુજ પ્રભુ દે તેજ એ કાજ, યાચું.

• • •

## માલિની

પ્રભુ કમર કસીને યુદ્ધ માંડયું વિચારી,
બહુ બળ કરું તોયે ના ધપાતું અગાડી;
અરિ મુજ જબરા છે, સ્હેલ ના જીતવા એ,
મદદ તુજ વિના તે ના જિતાશે, કૃપા દે.

મતિ મુજ નવ ચાલે સાવ બુઠ્ઠી થઈ છે,
કહીં થઈ જવું આગે સૂઝ ના તે પડે છે;
જહિં તહિં પ્રભુ હું તો પંથ પૂછયા કરું છું,
પણ અનુભવી કયાંયે ના મળે કો, કરું શું!?

અરણવ તરી મારે પાર સામે જવું છે
મુજમહીં પણ એવું જોર ભારે નહીં છે;
તદપિ તરી જવા મેં હામ હૈયે ધરી છે,
મદદ કરીશ એવી ઊંડી શ્રદ્ધા ઉરે છે.

• • •

## માલિની

રહ્યું શિશુ મથી ભારે આવવા પાસ બાપ!
પણ હજી પ્રભુ એને ચાલતાં આવડે ના;
જ્યમ ત્યમ કરી તોયે ઘૂંટણીએ ધપું છું,
કર તુજ કરી લાંબા પાસ લૈ લે મને તું.

સતત નજર તારી રાખજે હું-પરે તું,
મુજ શિર પ્રભુ, તારો રાખજે હાથ, યાચું;
કદી પ્રભુ જઈ આડો ભૂલતો હોઉં જો હું,
જરૂર ચલવજે તો દંડ તારો તહીં તું.

હૃદય તુજ વિના ક્યાં ઠાલવું, ક્હે બીજે હું?
કરગરી વીનવું છું, આશરે રાખજે તું;
તુજ વિણ મુજને કો શાંત ના પાડનારું,
ચરણશરણ ભાવે તેથી હું જો! ઢળ્યો છું.

• • •

## માલિની

મુજ મન વ્યવસાયે ચોંટતું ના, કરું શું!?
ક્યમ કરી વ્યવહારો તો ચલાવી શકું હું!?
પણ ઉર મહીં શ્રદ્ધા પાળશે, પોષશે તું,
જરૂર તું મુજ કાજે જે હશે, આપશે તું.

શરણ રખડતાને તું-વિના કોણ લેશે?!
તુજ સમ કરુણાથી આશરો કોણ દેશે?!
મુજ પર પ્રભુ, તારો પ્રેમ વર્ષાવજે તું,
હૃદયકમળ તારે સ્થાન દેજે મને તું.

મુજ પર કરુણાની દ્રષ્ટિ રાખી સદાયે,
ભૂલચૂક કરતો જો હોઉં તો માફી દેજે
અણસમજણું જાણી દોરવી માર્ગ સીધે
જરૂર જહીં જવાનું છે, તહીં લેઈ જાજે.

• • •

## માલિની

કટક★ પ્રભુ, ચઢેલું બાપ! જો! હું-પરે તું,
ક્યમ કરી પ્રભુ એને ક્હે નિવારી શકું હું;
મુજ ગજ પ્રભુ, નાખ્યા પ્હોંચતા ના, કરું શું!?
કરગરું પ્રભુ તારું જોશ દેની મને તું.

દુઃખ બધું સહી લેવા હામ દેની મને તું,
ડરી જઈશ કદાપિ ના પ્રભુ એ થકી હું;
કરમ વિણ સહ્યાં તો દૂર ના કૈં થવાનું,
હૃદય સમજી એવું સર્વ પ્રેમે સહું છું.

તુજ સમ પ્રભુ, કયાંયે કો દયાળુ નહીં છે,
ગરીબ જન મરું હું યાચી, કાં તોય ના દે?
પરમ તુજ કૃપાનો ભાગ્યશાળી મને તું,
બનવીશ પ્રભુ, કયારે?! પાય જો! હું ઢળ્યો છું.

● ● ●

---

★ કટક=દુશ્મન સૈન્ય

## મંદાક્રાન્તા

ભાળીને હું ડરી નથી ગયો પર્વતો માર્ગના જે
હૈયે મારે તુજ રહમથી હાશ ઊંડી હતી ને
તોયે લાગ્યા વિણ અસર ના છે રહી, એ નિહાળું,
માથે ધાતો તુજ કર હતો જે થકી છે બચાયું.

જાણ્યું'તું મેં તુજ સમ બીજો કો દયાળુ નહીં છે;
એવું ધારી મન તુજ વિષે આવિયો દ્વાર તારે;
લીધો જ્યારે અનુભવ બીજુ રૂપ તારું જણાયું,
તારા જેવું કૃપણ પ્રભુ, રે! કો ત્રિલોકે ન દીઠું.

મારા જેવા ગરીબ જનને તું કરી ન્યાલ દેશે
લીધું તારું શરણ ઉરમાં એવી શ્રદ્ધા થકી મેં;
ને હંમેશા પળશી★ જ કર્યા હું કરું તાહરી જો!
તોયે મારું કંઈ ન વળતું કૈં કરી સામું તો જો.

● ● ●

★ પળશી= ખુશામત

**મંદાક્રાન્તા**

પાપો મારાં પ્રભુ, તું હરજે જન્મ-જન્માંતરોનાં,
જેથી મારે જનમવું પડે ના ફરી વિશ્વમાં આ;
કોટિ કોટિ મુજ ગરીબના દોષની તું ક્ષમા દે.
છોરું તારું ઘડી ઘડી પ્રભુ, ભૂલતું, તો જવા દે.

રાખે મોઢું સૂરજમુખી, જે બાજુએ સૂર્ય જાયે,
જોતાં વેંતે પ્રિયતમ પ્રભુ, હર્ષથી તે ખીલે છે;
તેવું મારું ઉર તુજ પ્રતિ નિત્ય જોયા કરે છે,
એવું મારા પ્રભુ, નસીબનું ખૂલશે પાનું ક્યારે?!

મૂર્ખો જે હું મતિ વગરનો તે કરી કૈં શકું શું!
ગર્જું છું હું પ્રભુ, તુજ બળે જોર હુંમાં મળે શું?!
જે કૈં થાતું ગરીબ થકી ત્યાં કારણે તું ઊંડો છે
ભૂલુંચૂકું કદીય પ્રભુ, જો, દોરજે માર્ગ સીધે.

• • •

## મંદાક્રાન્તા

ભારે જોની! કમળ જળમાં પંકથી કેવું યુકત!
તોયે એનું ડીલ★ પીગળતું સર્વ સૌંદર્યયુકત;
તેવું મારું હૃદય બનજો એટલી પ્રાર્થના છે,
હંમેશાંની મુજ ગરીબની તાહરા પાદપદ્મે.

મારે તારા વિણ અવર કો કયાંય ના વિશ્વમાં છે,
જેની હૂંફે જીવન વીતવી જીરવી હું શકું કૈં;
તું જો હાવાં જરૂર સમયે સાથ ઊભો ન ર્‌હેશે
મારાથી તો કશું ન બનશે હામ જો તું ન દેશે.

સ્‌હેજે બેઠો નથી હું નવરો હાશ હૈયે કરી હું,
કૈં કૈં માથે જરીક ઠરતા ઝાંખરાં નાખતો તું;
શું નિશ્ચિંતે હૃદય ઠરીને ઝંપવા તું ન દેશે?!
ખંડાવાનું મુજ કરમમાં કયાં સુધી આમ ર્‌હેશે?!

● ● ●

★ ડીલ= શરીર

**મંદાક્રાન્તા**

મારો ઊંડો ઉર-વસવસો ના શમે છે પ્રભુ, ને
તે માટે હું કરગરી મરું, તોય ના ધ્યાન લે શેં?
તારે તે શું મુજ પ્રભુ કદી આણવો અંત ના છે?
તો ત્યારે જા! બસ કર પૂરું ચાલતું સર્વ તુંયે.

ક્યાં કોઈ ના દરદ દિલને સૂણનારું મળ્યું છે,
હૈયાભીની નજર કદીયે કોઈએ ના કરી છે.
આંસુ મારા પ્રભુ, ગરીબનાં કોઈએ ના લૂછયાં છે,
તુંયે તે શું દૂર જ કરશે એકલી આશ છું જે?

ક્હેવું મારું તુજ નજરમાં આવતું કૈં નથી ને,
કેમેયે તું કરગરી મરું ધ્યાન ના તોય લે છે;
જાણી બૂજી પ્રભુ, પીઠ કરી શું ઊભો તું રહ્યો છે?
હૈયુ તારું અરર! પ્રભુ, રે કેમ ના પીગળે છે?!

• • •

## શાર્દૂલવિક્રીડિત

રક્ષા જો નવ તું કરે મુજ, પ્રભુ, તો તો ડૂબેલો જ છું,
છે ના કોઈ ત્રિલોકમાં સબળ જે તારી શકે રાંકને;
પાપીનું પણ લે સ્વીકારી શરણું જો પાસ એ આવશે,
મૂર્તિમંત દયા તું છે, બિરદ ના ચૂકીશ એ તારું તું.

તું-જેવો ભવસાગરે પ્રભુ, મને કાબેલ ટંડેલ★ છું,
તોયે શેં અફળાવવા મુજ પ્રભુ જ્યાં ત્યાં તું દે નાવડું?!
સોંપ્યું બાપ! સુકાન પાર કરશે આશે તને એ પ્રભુ!
તો શેં નાવ ઉતારતો ન જલદી સીધું કિનારે પ્રભુ!

ના છે કો પરદુઃખભંજન બીજો તારા વિના ક્યાંય તે,
હૈયે નિશ્ચય છે ઠસ્યો શરણમાં જેથી ઢળ્યો છું હવે;
તો માથા પરનો બધો મુજ પ્રભુ, તું ભાર ઉતારજે,
તું નિશ્ચિંત બનાવજે, ચરણમાં આ બાળને રાખજે.

● ● ●

★ ટંડેલ= નાવિક,સુકાની

## શાર્દૂલવિક્રીડિત

પાપી છે તવ બાળ, કોમળ છતાં છે હૈયું તારું પ્રભુ!
મારા દોષ નિવારવા શરણમાં પાયે ઢળ્યો તેથી હું;
પશ્ચાતાપ થકી રડી રડી ઘણું પ્રાર્થ્યા કરું છું, પ્રભુ!
વ્હારે ધા ઝટ બાપ, રાંક જનને ઉદ્ધારવા તો પ્રભુ!

ક્યારે ઉપર આણશે ગરીબને તું હાથ ઝાલી? પ્રભુ!
ક્યારે, છું શરણે હું તો તું કરશે ઉદ્ધાર મારો? પ્રભુ!
ને ક્યારે પ્રભુ, ક્હે, કરીશ મુજને જંજાળથી મુક્ત તું?
મારી એટલી પ્રાર્થના હૃદયની હંમેશની છે પ્રભુ!

હૈયામાં પ્રભુ આવવા તુજ કને ઉત્કંઠ છું બાળ હું,
સામો તેમ જવાબ ના તારી ગમથી ના કૈં મળે છે પ્રભુ!
મારી હું વલખાં રહ્યો નવ બીજો ઉપાય કૈં હાથ છે,
પ્રાર્થું કૈં કરતાંય દીન જનની સામું જરી જો હવે.

• • •

## શાર્દૂલવિક્રીડિત

હૈયે ઉત્કટ વાંછના, ક્યમ કરી હું પાસ આવી પ્રભુ!
તારા પ્રેમ રસે ડૂબી ઉર રહું આનંદથી મસ્ત હું;
ક્યારે પ્રાપ્ત કરાવશે સુપળ એ આ રાંકને? હે પ્રભુ!
ક્યારે ધન્ય બનાવશે તવ કૃપા વર્ષાવી પૂરી? પ્રભુ!

જો તું પ્રેમ ન દાખવે મુજ પરે મારું પ્રભુ, શું થશે!?
આવેલું મુજ વ્‌હાણ છેક થડમાં તે શું પ્રભુ, ડૂબશે!?
આપી આશ મને પ્રભુ, હૃદયમાં શું છેહ દેવો ઘટે!?
ના, ના, છેતરશે નહીં જ મુજને વિશ્વાસ છે તું-પરે.

જાણું, વાંક-ગુન્હા તણો ગરીબના ના પાર કૈંયે પ્રભુ!
તું માફી પણ આપશે ઉર ધરી એ આશ આવ્યો પ્રભુ!
તું-જેવો ન ઉદાર કો સહન તું સૌનું કરે છે, પ્રભુ!
લેશે તું શરણે મને હૃદયમાં વિશ્વાસ ઊંડો પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

મારું તું દુઃખ જાણતો, ત્યમ છતાં શેં દૂર તે ના કરે?
એળે જીવન જાય, ના રસ પડે આવું જીવ્યામાં મને;
તારી માણવી છે સુવાસ પણ કૈં લે દાદ કાને ન તું,
કે ઘ્રાણેંદ્રિય★ કેળવાઈ ન હશે મારી હજી શું પ્રભુ!

હું આક્રંદ કરી કરી શિર કુટી ધાર્યું જ લેવા ચહું,
પ્રાણાંતે પણ હે પ્રભુ! મમત એ મૂકીશ મારો ન હું;
હૈયું એક દિને નકી પીગળશે તારું દયાથી પ્રભુ!
જાણું છું મુજ દુઃખ બાપ, તુજથી જોયું જશે ના પ્રભુ!

એવું શું મુજ બાળમાં બળ રહ્યું કે એકલે હાથ હું,
આ ભારે ભવસિંધુને તરી શકી, પેલે કિનારે જઉં?
તોયે જે બનતી મહેનત બધી હંમેશ હું તો કરું,
મારે એક રહ્યો હવે તુજ પરે આધાર બાકી પ્રભુ!

● ● ●

★ ઘ્રાણેંદ્રિય=નાક

## મંદાક્રાન્તા

જ્વાળાગ્નિ છે પ્રણયપથ એ એમ જાણ્યા છતાંયે,
કૂદે તેમાં, ભડભડ બળે અંગ તેનાં બધાંયે;
તોયે સ્હેજે મન ન હઠતું તે થકી તેમનું ને,
એનાં દુઃખો મહિં સુખ ઊંડાં સર્વ માણ્યાં કરે તે.

આવેલા જે કરમ ભજવી પાઠ મારા પ્રભુ, હું,
તે તે કાજે મુજથી બનતી ભાળ રાખ્યાં કરીશ;
ને હું કૈં કૈં મુજ મહિં કળા જે હશે, વાપરીશ,
એ રીતે હું પ્રભુ, રીઝવવા યત્ન સર્વે કરીશ.

ઊંડા ઊંડા ઉર-ઉમળકે પુષ્પ-હૈયું ધર્યું છે,
પાયે તારે મુજ ગરીબની ભેટ લેખે તને મેં;
હાવાં એનું ઘટતું કરજે હોય જે યોગ્ય સૌ તે,
મારે એમાં કંઈ પણ તને ના ક્હેવાનું ર્‌હે છે.

• • •

**મંદાક્રાન્તા**

મારા જેવો અવર જગમાં કો દરિદ્રી ન ભાસે,
એને ઊંડા જડમૂળ થકી કાઢવા હું મથું ને;
જોને! કેવો શ્રમ કરી કરી થાઉં હું લોથપોથ,
તોયે હું તો હજુ સુધી રહ્યો ત્યાંયનો ત્યાંય બાપ!

ઊંડું ઊંડું દરદ દિલમાં થાય છે, ના શમે તે,
તોયે મારી પર ચલવતો તું હશે દોર શેં? ક્‌હે
ક્‌હેવાયે છે જળનિધિ કૃપાનો ભરેલો પ્રભુ, તું
તો ક્યાં ચાલી તુજ ગઈ કૃપા? કાજ મારે ખૂટી શું?

ઊંડી ઊંડી મુજ ઉર પ્રભુ, આશ પ્રેરી રહ્યો છે,
તેથી હાવાં મુજ હૃદયમાં હામ ઊંડી રહી છે;
કોઈ વાતે પ્રભુ, ડર જરી માહરે ના હવે છે,
થૈ નિશ્ચિંતે સ્મરી શકું તને એ કૃપા તું મને દે.

• • •

## મંદાક્રાન્તા

કો કો વેળા રીસ જ ચઢતાં 'નામ તારું ન લેવું
કોઈયે દી પણ ભૂલચૂકે' નિશ્ચયે એ રહું છું;
ના જાણું શેં પણ ઉર જરી રીસ એ ના ટકે છે,
ને એ મારું કથવું સઘળું ધૂળ ભેગું મળે છે.

હૈયે મારે રીસ તુજ પ્રતિ જો ટકી ર્‌હેતી હોતે,
તારી સામું પણ નીરખવું હોત છોડી દીધું મેં;
તો હૈયેથી ભૂંસી હત શકયો નામનિશાન તારું,
તારી સામે જરૂર જગવ્યું હોત મેં બંડ ખુલ્લું.

આશા હૈયે પ્રભુ, તુજ વિષે ઊંડી મારે ઉરે છે,
સંતોષાતી નથી ક્યમ કરી, દુઃખ છે એકલું તે;
કોરાયેલી મુજ ઉરમહીં મૂર્તિ જેવી રહેતી,
ને ત્યાં તારું સ્મરણ જગવી નિત્ય સંતાપ દેતી.

• • •

**મંદાક્રાન્તા**

શત્રુ કોટિ નિત ઝઝૂમતા શીશ મારે ભલે હો,
તોયે સૂહેજે પણ નવ ડરું, હામ એવી મને દો;
સંદેહો જે હૃદય ઊઠતા સાવ નિર્મળ થાજો
શ્રદ્ધા હોજો સતત ઉરમાં ને ભરોસો પૂરો હો;

તારે ખોળે પવનસુત! હું શીશ મૂકી સ્તવું છું;
ને હું તારી ઉરમહિં ઊંડી પ્રાર્થના જો! કરું છું;
દેજે દેજે બળ તુજ મને, આગ્રહી વૃત્તિ એવી
કે પ્રાણાન્તે પણ નવ હઠું કોઈ દી નિશ્ચયેથી.

હુંકારેથી મુજ હૃદયના બીક પ્રત્યેક ક્યાંયે
ભાગી જાયે, વળી દમી શકે ના મને કોઈયે તે;
એવું મારે હૃદય બળ તું અંજનીપુત્ર દેજે
ને ઓળંગી ભવનિધિ જવા શકિત તારી મને દે.

● ● ●

---

★ પવનસુત, અંજનીપુત્ર = હનુમાનજી

## મંદાક્રાન્તા

પાપોને તું મુજ તુજ કૃપાદ્રષ્ટિથી ખાખ કરજે,
હું તારે છું શરણ, ઉરમાં રાંકને તું ગ્રહી લે;
નિશ્ચે તારા ચરણકમળો ધામ છે સૌ સુખોનું,
ત્યાં રાખીને સુખ કરગરી નિત્યનું માગું, દે તું.

આવ્યો છું જ્યાં શરણ તુજ કૈં આશ ઊંડી ધરી હું,
કો જાણીને સમરથ પૂરો બાળ સંતોષવા તું;
તો પાછો હું તુજ ચરણથી શું ફરીશ નિરાશ?
'ના' ક્હેતો ના જરૂર નિજનો તું કરી લેની રાંક.

જૂઠો છું હું, મુજ ગરીબની લાજ રાખ્યેથી ર્‌હેશે,
પ્રેમે મારા તરફ પ્રભુ, તું નિત્ય જોતો ર્‌હેજે;
આંખોને જો જ્યમ વિણ કહ્યા પાંપણો સાચવે છે,
તેવી રીતે જરૂર મુજ તું કાઢતો ભાળ ર્‌હેજે.

• • •

**મંદાક્રાન્તા**

ઊંડી ઊંડી મુજ હૃદયમાં વાસનાઓ હજી છે,
કેમે તે ના હઠતી બધું હું વાપરું જોર તોયે;
યત્નો મારા પ્રભુ, ન ફળતા, તોય ના ધ્યાન તું દે,
'નાખી ખાડે ગરીબ મૂકવો' એમ શું તેં ચહ્યું છે?

થાકી તારે ચરણકમળે જો! નિસાસા મૂકું છું,
ને હૈયાની છૂપી ઊંડી વ્યથા વ્યક્ત પાયે કરું છું;
તારી સામું ટગર નયને નિત્ય જોયા કરું હું,
આશાથી કે મુજ ગરીબની આણશે કૈં દયા તું.

રાખે છે તું જ્યમ પ્રભુ, રહું તેમ, શું તોય પીડે?
ને નાખે છે શિર બધું સૂહુ , તોય શું ધ્યાન ના લે?
જેવો તેવો પણ શરણ હું તાહરે, બાપ, જો! તું,
સેવ્યા તારા ચરણ કરતો, કૈં કરી ભાળ લે તું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

નિશ્ચે જીવિત છે અનિત્ય શરણે એ જાણી આવ્યો પ્રભુ!
લેજે બાપ ઉગારી દીન જનને એ પ્રાર્થના છે પ્રભુ!
ભારે રોગ ગળે પડયો ભવ તણો આ જન્મમૃત્યુ તણો,
એથી મુકત કરાવવા તવ કૃપા તું સિંચજે, હે પ્રભો!

આઠે પ્હોર વિચારશીલ મુજને તું રાખજે હે પ્રભુ!
વ્યાપારે મન વ્યગ્ર રાખ સઘળું તું-એકલામાં પ્રભુ!
બાંધી લે મતિ, પ્રાણ, ચિત્ત, હૃદ આ તારે પદે હે પ્રભુ!
ને તારે વશ એમને કર પ્રભુ, એ પ્રાર્થના હું કરું.

ઊંડી બાપ, વ્યથા થતી હૃદયમાં, કેમે શમે ના પ્રભુ!
એનો માત્ર ઉપાય છે તુજ કને, લે લક્ષ શેં ના? પ્રભુ!
તો મારે કરવું હવાં ક્યમ પ્રભુ? શેં હું ઠરું? કયાં જઈ?
કોટિ વાર નિરાશ થાઉં પણ હું ના પાય મૂકું કદી.

• • •

## શાર્દૂલવિક્રીડિત

વાંકી છે કરણી બધી મુજ છતાં પાયે ઢળ્યો શ્રીહરિ!
જાણી બાપ, સુધારશે જ મુજને કોટિ ઉપાય કરી;
દેવો દંડ ઘટે જહિં, ત્યમ કરી કે પ્રેમથી, હે પ્રભુ!
સીધો બાળ, બનાવજે, કરગરું બે હાથ જોડી પ્રભુ!

રક્ષા કાજ જ આત્મની તુજ કને આવ્યો પ્રભુ, બાળ હું,
તો તું સાચવતો બરાબર મને ર્‌હેજે હંમેશાં પ્રભુ!
લેજે બાપ, બધાં જ યોગ્ય પગલાં લેવાં ઘટે જે, પ્રભુ!
ર્‌હેવા જાગૃત હું કરીશ સઘળું હુંથી થશે જેટલું.

દ્રષ્ટિ મંગળકારી જે તવ પ્રભુ, મારી પરે રાખજે,
તું ચારે કર તાહરા મુજ શિરે, પ્રાર્થું, પ્રભુ, રાખજે;
ચિંતામાં પ્રભુ, તત્વની નિશદિને ડૂબેલ તું રાખજે,
ને ત્યાં કાયમનું પ્રભુ, સ્થળ મને પાદાંબુજે આપજે.

• • •

## શાર્દૂલવિક્રીડિત

મારો દોષ વસ્યો હ્દે શરણમાં તેથી ઢળ્યો હું પ્રભુ,
હાવાં તો મનથી થતાં પ્રભુ, બધાં કર્મો જણાવ્યા કરું;
ને ખોટું જ થઈ જતાં કંઈ પ્રભુ, તારી ક્ષમા યાચતો
જ્યાં જ્યાં જાઉં હું દ્રષ્ટિ ત્યાં તવ બધે તું ફેંકજે, હે પ્રભો!

પાસે ફૂલ ગુલાબ છે, ત્યમ છતાં શેં પાસ ના પારખું?
ક્યારે મેળવવા સુવાસ મળશે સંજોગ એવા!? પ્રભુ!
તારો કોમળ સ્પર્શ મેં અનુભવ્યો, ઉત્કંઠ હૈયું બન્યું
મારું ત્યારથી, શું કરું? ગમ મને ક્યાંયે પડે ના, પ્રભુ!

આકાશે પડઘા ઊઠે ત્યમ ઊંડા હું જો! નિસાસા મૂકું,
ઊંડી અંતરવેદના નવ સહી કેમે જતી, શું કરું!?
બૂઝાતી નથી લ્હાય, દુઃખ જઈ હું, ક્હે, ક્યાં સમાવું બધું!?
પ્રાર્થું, સાંભળી આર્તનાદ ઉરના સંતોષજે બાળ તું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

પશ્ચાતાપથી જે ઢળે શરણમાં ઉદ્ધાર તેનો કરે,
રાખે હિંમત જે જરૂર મદદે તું તેની આવ્યા કરે;
એવી આશ હૃદે ઊંડી તવ ધરી મેં ઝંપલાવ્યું પ્રભુ!
મારું નાવ ઉતારજે કરી કૃપા તું પાર, પ્રાર્થું, પ્રભુ!

બેઠો'તો બધું હારી છેક નિજનું માથે મૂકી હાથ હું,
ક્યાંયે ઉપર આવવા નવ હતી આશા મને તો પ્રભુ!
ડૂબ્યો'તો પ્રભુ, સિંધુમાં ગરીબ હું એવા નિરાશા તણા!
ત્યાંથી તેં ઉર હામ પ્રેરી મુજને ઊંચે લીધે પ્રાર્થતાં.

મોજાં જેમ સમુદ્રમાં ઊછળતાં, તેવા હૃદેથી પ્રભો!
ભાવો નિત્ય નવા સ્ફૂરી ચરણને તારા પખાળે, જુઓ!
હૈયે 'થાય પ્રસન્ન તું' બસ રહી એ એકલી આશ છે,
હોમી પ્રાણ દઈશ યજ્ઞમહિં એ, શક્તિ વળી સર્વ જે.

● ● ●

## શાર્દૂલવિક્રીડિત

ચોકીદાર પ્રભુ, તું બાપ, વીનવું ર્‌હેજે શિરે સર્વદા,
ચિંતાઓથી ઉતારજે વળી મને જ્યારે પડે આપદા;
છોરું છેક નઠોર છું, પણ મને સંભાળજે બાપ, તું,
હૈયે રાખી ફર્યા કરું જહિં તહિં વિશ્વાસ તારો પ્રભુ!

તારા વાંક અનેક મેં પ્રભુ, કર્યા, શિક્ષા સહેતાં છતાં
આરોયે નવ આવશે મુજ કદી, તો રાખજે તું દયા;
તારા ન્યાય મહીં દયા જરૂર છે, તેથી રહ્યો છુ ઊભો,
નર્કાગાર મહીં જ બાકી સડતો હું હોત નિશ્ચે પ્રભો!

વાંકો, મૂર્ખ બધે રહું, પણ પ્રભુ-દ્વારે હું સીધો રહું
એવી સાપની ચાલ જેમ જગમાં વર્ત્યા કરું છું પ્રભુ!
જેથી કો નવ પારખી જ શકતું, છૂપો રહી હું શકું,
ને કર્મો નવ આડખીલી બનતાં, માર્ગે થતાં જે, પ્રભુ!

• • •

### શાર્દૂલવિક્રીડિત

તારું નામ જપ્યા થકી તુજ પરે વિશ્વાસ શ્રદ્ધા હૃદે
ઊગ્યા આથમશે નહીં કદીય જે, છોને વિપત્તિ પડે;
વિઘ્નો સર્વ વિદારશે★, મદદ તું યત્ને મને આપશે,
એ આશ્વાસન તારું એક વસશે હંમેશ હૈયે મને.

આવ્યો છું તવ વાંકમાં પ્રભુ ઘણો, ભારે મને દંડ તું
દેજે કે ફરકી શકું કદી નહીં આડો ફરી કયાંય હું;
ના ખાતો જરિયે દયા મુજ પ્રભુ, નાનું હું છોરું ગણી,
એવા દે પ્રભુ, ડામ, જેની ઉર રહે હંમેશ યાદી ઊંડી.

તારી એક કૃપા થકી હૃદ મને રહે ભાન, કયાં કયાં પડું,
ને ઊંડું બળ આવવા ઉપર તું દે છે દયાળુ, પ્રભુ!
જેની હામની હૂંફ રહે, શરણ મેં એવાનું હૈયે લીધું,
ને તેથી છૂટશે હવે કદીય તે કેમે ન હુંથી પ્રભુ!

● ● ●

★ વિદારશે= દૂર કરશે

## શાર્દૂલવિક્રીડિત

તારું બાળક સાવ છેક પ્રભુ, છું ઘેલું હું *લેલા સમું,
પ્રાર્થું, સાચવજે મને કરી દયા, જ્યાં ત્યાં ઊડયા હું કરું;
ક્યાંયે હું ન ફસાઉં જાળમહિં એ જોતો રહેજે પ્રભુ!
શ્રદ્ધા 'રક્ષણ બાપ, તું જ કરશે આ રાંકનું' એ પ્રભુ!

દેજે આ તવ બાળને કરી કૃપા બુદ્ધિ રૂપાળી પ્રભુ!
દેજે સદ્‌ગુણ તું વળી ઉર મને, ઉદ્યોગ દેજે પ્રભુ!
દેજે આગ્રહ, ખંત બાપ, દ્રઢ તું, ઉત્સાહ તેવો પ્રભુ!
દેજે તું મુજ કામ પાર કરવા શ્રદ્ધા ઊંડી, હે પ્રભુ!

તારું હું અપરાધી બાળ પ્રભુ, છું પ્રાર્થું, ક્ષમા આપ તું,
સામું જોઈશ ના પ્રભુ, ગરીબના દોષો ભણી બાપ, તું;
તારે પાય ઢળી બહુ કરગરું, લે ભાળ મારી પ્રભુ!
વારંવાર પ્રણામ બાપ, તુજને ભાવે કર્યા હું કરું.

● ● ●

---

* લેલા=પક્ષી

**શાર્દૂલવિક્રીડિત**

જાણું ના ક્યમ વર્તવું, વળી પ્રભુ, અજ્ઞાની ને મૂર્ખ છું,
એવાને પણ પ્રેમથી તવ ગણી સૂઝાડજે રાહ તું;
ને કર્તવ્ય ચૂકું ન હું મુજ કદી, તું એટલું ભાળજે,
ર્‌હેવા જાગૃત હું મથીશ બનતું, તું સદ્‌ગુણો આપજે.

તું સામર્થ્ય અપાર ઉર ભરજે ને દીર્ઘ દ્રષ્ટિ પ્રભુ!
હૈયે તું નરી ભાવના જ ભરજે, વિશ્વાસ તેવો પ્રભુ!
શ્વાસે શ્વાસ ઉમંગ બાપ, ભરજે કર્તવ્યનિષ્ઠા પ્રભુ!
પ્રાણાધાર, હૃદે તું પ્રાણ ભરજે, શ્રદ્ધા વળી દે પ્રભુ!

મારી હે પ્રભુ, રાખજે વીનવું હું, તું શુદ્ધ બુદ્ધિ પ્રભુ!
ને તું નિર્મળ રાખજે ગરીબનું હૈયું હંમેશા, પ્રભુ!
સંસારે દ્રઢ રાખજે વલણ તું મારું સ્વધર્મે પ્રભુ!
સત્કર્મે મન રાખજે, હૃદયની છે પ્રાર્થના એ પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

છોરું છેક નઠોર છું, પણ મને દોષોતણું ભાન છે,
ને તે સર્વ હઠાવવા ઉર કરું યત્નો બધા હાથ જે;
ર્‌હેવા સાવધ નિત્ય હું નયન બે રાખું ઉઘાડાં પ્રભુ!
તોયે દોષ થઈ જતા, ક્યમ કરું? પક્ષે સદા ર્‌હે પ્રભુ!

તું-માં વ્યગ્ર જ રાખજે ચિત્ત બધું, મારા વળી પ્રાણ તું,
બુદ્ધિ ને મન રાખજે ચરણમાં તું ભાવભીનાં પ્રભુ!
આનંદે નિત રાખજે ગરીબનું તું મસ્ત હૈયું પ્રભુ!
છોરું છું ગણી રાખજે મુજ પરે તું પ્રેમ તારો પ્રભુ!

કર્તવ્યે નવ ભાન કાંઈ જ રહે, તો ક્‌હે, હવે શું કરું?
શેં આ ગૂંચ ઉકેલવી? નવ પડે કૈં સૂઝ હૈયે પ્રભુ!
બુદ્ધિ નિર્ણય લાવી ના પણ શકે ને ચિત્ત ચાલે નહીં,
એથી બાપ, ઉગાર તું, કરગરું, પાયે પડી શ્રીહરિ!

• • •

### શાર્દૂલવિક્રીડિત

કર્તવ્યે નવ દક્ષ હું રહી શકું, હૈયે નિરુત્સાહ છે,
પ્હોંચાશે પ્રભુ, રંકથી ક્યમ કરી! જાવાનું કયાં દૂર છે!
ભાંગ્યા છે પગ છેક તાત, મુજ, જો! જોયા કરે શું? પ્રભુ!
મારું હું વલખાં, મરું તરફડી, વ્હારે પ્રભુ, આવ તું.

છોરું ઢોર થકી નપાટ પણ છું, તોયે છતાં તારું છું
જાણી એમ કૃપા કરી પ્રભુ, ઘરે રાખી મને પોષ તું;
ખાવા ટેવ હરાયું જે ઉર રહી, તે કાઢવા હું મથું,
તેમાં સ્હાય સદા તું બાપ, કરજે, એ પ્રાર્થના છે, પ્રભુ!

બોળ્યું મેં તવ નામ, બાપ, તવ હું દેવાળિયો નીકળ્યો,
ખોઈ દીધી બધી જ મૂડી ઘરની મૂર્ખામીથી મેં પ્રભો!
ને ના'વ્યો ઉપયોગમાં વળી કશા તારા, હું જાણું બધું,
પાલે તોય પડયું, પ્રભુ, નિભવજે, પ્રાર્થું ઢળી પાય હું.

• • •

### શાર્દૂલવિક્રીડિત

તું મારે શિરછત્ર બાપ, પ્રભુ, છે, તેથી ઊંડી હામ છે,
તું નિષ્કંટક માર્ગ બાપ, કરશે મારો, મને આશ છે;
છે વિશ્વાસ પૂરો મને તુજ પરે, શ્રદ્ધા વળી છે પૂરી,
કર્તવ્યે મુજ તું ઉમંગ પૂરશે ને ખંત હૈયે વળી.

છોરું છેક ડફોળ મૂર્ખ તવ છું, મોભાગ્ર બુદ્ધિ જ છે,
ઝાઝી ના ઉર છે ગતાગમ કશી, કામે ન કૈં ઢંગ છે;
ઊંધું હું પ્રભુ વેતર્યા જ કરતો, જ્યાં ત્યાં બગાડી મૂકું,
એવો તેમ છતાંય છું હું શરણે, સંભાળજે બાપ, તું.

ઓઠું નામતણું લઈ તવ જગે વેપાર મેં માંડિયો,
જોજે! ખોટ ન જાય, બાપ, મુજ તું સૂહે પૂરજે, હે પ્રભો!
દેવાશે પડશે જ જેમ, ઉરમાં એવું ગણીને પ્રભુ;
હું વેપાર બધો જ એમ ચલવું, સંભાળ લેજે પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

પ્રાર્થું હું મુજ અંધકાર પ્રભુ, જે, ટાળી બધો નાખ તું,
માગ્યામાં પ્રભુ, એટલું જ તુજથી માગું, બીજું ના કશું;
મારે તું જ વિપત્તિના સમયમાં સાથી પ્રભુ એકલો,
એ વિશ્વાસ મને રહ્યો તુજ પરે ઊંડો રહ્યો છે પ્રભો!

દીનાનાથ દયાળ, હાથ મુજ તું મૂકી ન દેતો પ્રભુ!
જોજે! એકલડો રખે પ્રભુ મને ભૂલેચૂકે તું મૂકું;
ભારે સંકટને સમે મુજ પથે ર્‌હેજે ઊભો તું પ્રભુ,
ઝાલ્યું પાર ઉતારજે; અધવચે રાખીશ ના નાવ તું.

છે ના આવડ કૈં કશી મુજમહીં, તો કામ ક્‌હે, શું કરું?
ને કામો કરતાંય, એક પણ તે ના ઊતરે છે સીધું;
ર્‌હેવાતું નવ બેસી બાપ, મુજથી, ભારે ઉધામા કરું,
જ્યાં ત્યાંથી લઈ જાળવી ઘર મને પ્‌હોંચાડી દે તું પ્રભુ!

• • •

**મંદાક્રાન્તા**

સાચું તારું સગપણ મને અંતરે સ્હેજ લાધ્યું,
તેથી છોડી સઘળું ચરણે પ્રેમ જોડી રહ્યો છું;
હાવાં નામે તુજ પ્રભુ, કરું સર્વ વેપાર જે હું,
જોતો રહેજે જરૂર મુજને ના ઊંધું વાળું કૈ હું.

જ્યાં ત્યાં મારી મદદ સમયે આવી ઊભો રહે તું,
એવું મારું નજીકનું સગું એકલું એક છે તું;
જાણ્યું હાવાં મુજ જીવનનો એક આધાર છે તું;
એ શ્રદ્ધાથી ચરણશરણે હું રહી જો! શકયો છું.

હૂંફે તારી મુજ જીવન આ માહરે ગાળવું છે,
મારે તારા વિણ અવર કો પ્રાણ-આધાર ના છે;
ભાવો સાથે કૃતિ પણ પ્રભુ, હું થકી થાય, તેવી
હૈયે મારે કંઈ કરી કૃપા પ્રેરજે શકિત, બુદ્ધિ.

• • •

## મંદાક્રાન્તા

લજ્જા, તારે શરણ પ્રભુ, છું, રાખજે એની કૈં તું,
માયાના આ દળથી કરજે મુક્ત બાપુ, મને તું;
કોને ક્હેવું ઉર બળતું જે! શું ક્હેવાથી થાશે!
છાનો મારે મુજ હૃદયમાં માર, સ્હેવાય ના જે.

પાંચાળીનાં પટકૂળ પૂર્યાં, તેમ ભાવો નવા તું
હૈયે મારે જરૂર પૂરજે નિત્ય, હે દીનબંધુ!
બાપુ! ભાવો રવિણ કંઈ કૃતિ કામની ના કશી છે,
ભાવે ભીનું ઉર નર્યું રહે એવી તારી કૃપા દે.

પાયે તારે પ્રભુ, ગરીબ હું છું ઢળ્યો તોય શાને
કર્મે મારે રવડવું રહ્યું હું અભાગી હજી શેં
જેવો તેવો પણ હું તુજ છું ધ્યાન એ વાત લેજે
કાલાવાલા કરગરી કરું માગું આનંદ દેજે.

• • •

**મંદાક્રાન્તા**

ચાલી ક્યાં તે પ્રભુ ગયું હશે ભક્તવાત્સલ્ય તારું?
મારી સામી જરીય પણ કૈં દ્રષ્ટિ ના તું કરું છું;
જો હૈયેથી પ્રભુ, ઊઠી ગયા હોશ ને કોશ ક્યાંયે
આંખો ઊંડી ઊતરી ગઈ છે કૈંક તો સામું જોજે.

સર્વે શૌચોમહિં મનતણું શૌચ ઉત્કૃષ્ટ છે જે,
કોટિ યત્ને કદીય પણ રે! પ્રાપ્ત થાતું નથી તે;
પાયે કૈં કૈં રડી વીતવવા કારમા દી પડે છે,
વર્ષે જ્યારે શિર તુજ કૃપા તો સધાતું કંઈ ર્હે.

હૈયે ઊંડું નમી નમી તને જો! પ્રભુ હું સ્તવું છું,
સર્વે અંગો મુજ ઢળી રહ્યાં છે પ્રભુ જો! પ્રતિ તું;
સાષ્ટાંગે હું લળી લળી તને કૈં પ્રણામો કરું છું,
જેવું તેવું પદ હું ધરું તે લે સ્વીકારી પ્રભુ, તું.

● ● ●

### મંદાક્રાન્તા

બાપુ, ક્‌હે શું મુજ ગરીબનું દુ:ખ ના ભાંગશે તું?
બીજો વિશ્વે સમરથ નથી ક્યાંય કોઈ વિના તું;
જાણી એવું ચરણશરણું તારું મેં તો ગ્રહ્યું છે,
તો તું મારી અડચણ સમે શું ન ઊભો રહેશે?

હંમેશા હું સતત કરતો પ્રાર્થના બાપ, તારી,
મારી સામું કંઈક કરને સ્‌હેજ દ્રષ્ટિ કૃપાની
મારા જેવા ગરીબ જનનું તું-વિના કોણ બીજું?
એવું જાણી તુજ ચરણમાં બાળ જો હું ઢળ્યો છું.

છોરું તારું મતિ વગરનું બાપ, જો! છેક હું છું,
તેથી તો હું નિજ જનકને આમ ભૂલી જઉં છું;
ભૂલ્યો ત્યાંથી ફરી ડગ ભરી ચાલતાં હું શીખું છું,
પૂંઠેથી તું બળ પ્રભુ મને આપજે, એ જ યાચું.

● ● ●

**મંદાક્રાન્તા**

ભાવો મારે હૃદયમહિં છે એકલી એક મૂડી;
બીજુ કાંઈ દઈ નવ શકું છેક છું હું ભિખારી;
નિત્યે પ્રેમે ચરણકમળે ભેટ મારી ધરું એ,
જેવો તેવો સમજી નિજનો તે સ્વીકારી જ લેજે.

તારે કાને અરજી મુજ મેં નાખી છે, ધ્યાન લેજે,
શ્રદ્ધાથી જો મુજ જીવન આ હું ટકાવી રહ્યો જે.
વિશ્વે કોઈ ગરીબ જનનું કયાંય ના સાંભળ્યું છે
તેવું તારે તહીં પણ હશે? એમ ના સંભવે કૈં.

વિશ્વે કોઈ શિર કર મૂકી દે દિલાસો ન એવું,
તો હૈયાની વીતક-કથની આગળે કો રડું હું?!
જાણું છું કે દુઃખ કરી શકે તું-વિના કો ન ઓછું.
તેથી તારે ચરણકમળે સારું છું અશ્રુઓ હું.

• • •

### શાર્દૂલવિક્રીડિત

ભારે મેં મન સાથ ત્રેવડ કરી છે ઝંપલાવ્યું, પ્રભુ!
કેમેયે કટકા થતાં પણ કદી પાછો પ્રભુ, ના હઠું;
હાવાં તે કરતાં ભલું જ મરવું ભૂંડું જીવું શા સુખે?
કાં તો પ્રાપ્ત કરીશ ધ્યેય મુજ હું ત્યાગીશ હું પ્રાણ કે.

મારે તું જ વિપત્તિના સમયમાં સાચો પ્રભુ, સાથ છું,
જાણી એમ બધાં જ કામ મુજ હું માથે લઉં છું, પ્રભુ!
તારી બાપ, કૃપા થકી હૃદ મને ર્‌હે હામ પૂરી પ્રભુ!
છે વિશ્વાસ ઉતારશે જ મુજને સંસારથી પાર તું.

મારે સાવ ગુલામ છેક બનવું છો વિશ્વ મૂર્ખો ગણે,
મારે ડ્‌હાપણ ડોળવું મુજ નથી મેં સર્વ સોંપ્યું તને;
થાતું જેમ હશે, થવા ત્યમ દઉં વચ્ચે પ્રભુ ના પડું,
તારું યંત્ર પ્રભુ, મને બનવીને તું કામ લેજે પૂરું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

શેં અજ્ઞાન જશે ફીટી મુજ બધું? ક્યારે થશે બાપ, તે?
ને ક્યારે ગળશે જ ગાંઠ હૃદની હું મૂર્ખની? બાપ, ક્હે;
એકાકાર થઈશ બાપ, તુજમાં હું બાળ ક્યારે? પ્રભુ!
તું પ્રેમામૃત પાઈ બાળ કરશે ક્હે ધન્ય ક્યારે? પ્રભુ!

દેવો-દાનવ જેમ સાગર મથ્યા તેવું હૃદે યુદ્ધ જો!
ભારે બેઉ તણું મચી પ્રભુ, રહ્યું હૈયું વલોવાય, જો!
દેવો ત્યાં ઘડી જો જીતે ઘડી પછી જો! દાનવો જીતતા,
એવી આ ઘટમાળથી બચવજે, બાપ, કરી કૈં કૃપા.

જો તું બાપ વિસારશે પ્રભુ મને મારી વલે શી થશે?
ના! ના! એમ વિચારવું ઉચિત ના શું ધર્મ તું ચૂકશે?
જાણું એમ, વિતર્ક-તર્ક હૃદયે તોયે ઊઠે શેં? પ્રભુ!
તે મૂકે ગભરાવી બાપ, મુજને ખાલી નકામો પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

હૈયે શાશ્વત બાપ, એ સુખ મને ક્હે, પ્રાપ્ત ક્યારે થશે?
ને મારો વ્યવહાર બંધ પડશે ક્યારે બધો? બાપ, ક્હે;
થાકી લોથ ગયો છતાં પણ સૂવા આરામથી ના મળ્યું,
તો શું આમ કરાવશે કહીં સુધી મારી કને વૈતરું!

છેલ્લી વેળ ઉગારવાની મુજને જોજે! ચૂકે તું રખે!
પ્રાર્થું, આખર ફૂંકતો પ્રભુ કહીં ના શંખ જોજે! રખે!
ને તું સાગર હે કૃપામૃતતણા! સૂકાઈ જાતો રખે
હું કાજે ધરને દયા ઉર કંઈ તું એટલી, હે હરે!

અંધારે પ્રભુ, વ્યાપ્ત છેક ઉર છું તુંથી પડયો દૂર હું,
સૂઝે માર્ગ ન ઘોર આ રજનીમાં ગૂંચાઉં છું હું પ્રભુ!
તોયે આગળ જેમ તેમ કરી હું જાવા મથું છું પ્રભુ!
પ્રાર્થું, જીવનપંથ બાપ, મુજ તું ઉજાળજે તો પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

પહેલાં હામ ધરી હતી નિજ બળે હૈયે પ્રભુ, ચાલવા,
તે સર્વસ્વ ગયું જ જોર પ્રભુ, હું હાર્યો નકી છેક હા!
લેવો આખર છે પડયો તવ હવે આધાર મારે પ્રભુ!
તો આડંબર એ બહુ કરગરું, ધ્યાન ન લેતો પ્રભુ!

તારા ધામ થકી પડયો દૂર ઘણો, અંધાર ઘેરે, પ્રભુ!
ફાંફાં મારી રહ્યો જવા બહુ ત્યહીં, યત્ને ન ફાવું, પ્રભુ!
તારો બાપ, કૃપા-ઉજાસ મુજને દેજે પ્રભુ, જે વડે
ભાળી માર્ગ શકું વિના અડચણે એ પ્રાર્થના ધ્યાન લે.

પ્રેમે આજ લગી મને નિભવિયો તારા પ્રભાવે પ્રભુ!
શ્રદ્ધા ઉર, અપંગ છું પણ, મને પહોંચાડશે ઘેર તું;
ભીડી હામ રહ્યો પ્રભુ હૃદયમાં એથી કરી બાળ હું,
જોજે ભંગ ન આશ મારી કરતો પ્રાર્થું પડી પાય હું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

મારો પાલક, વિશ્વ ચાલક વળી તું એકલો બાપ, છું,
ને છું રક્ષક, બાપ, પોષક જગે હું-રાંકનો એક તું;
એ વિશ્વાસ ઊંડો હૃદે દ્રઢ મને તેં છે કરાવ્યો પ્રભુ!
જેથી દુર્ગમ પંથ આ પણ વળી હુંથી કપાતો પ્રભુ!

માગ્યા સ્હાય કરું, અપંગ પ્રભુ, છું, દેજે, દયા જાણી તું,
ને તું લાકડી હોય વૃદ્ધજનને છું તેમ મારે પ્રભુ!
એ ટેકા વિણ ક્યાંય હું ડગ પ્રભુ, એકકે ભરી ના શકું,
લૂલો ને વળી પાંગળો તુજ વિના હું તો હમેશાં પ્રભુ!

તારા હું પદપંકજે નિત નમી પ્રેમે પ્રણામો કરું
ને ગંગાજળ ભાવ નૌતમ થકી હું પાય ધોઉં પ્રભુ!
તારી ના રજનીય છું રજ પ્રભુ, એ પદ્મપાદો તણી
તો ત્યાં કાયમનું જ સ્થાન મુજને દેજે કૃપા તું કરી.

• • •

## શાર્દૂલવિક્રીડિત

લીધું નાવ તરી જવા ભવનિધિ તારા પ્રભુ, નામનું,
જે બેઠી તરી તે ગયું, જગ દીઠું, વિશ્વાસ બેઠો પ્રભુ!
તેથી તે ચલવી રહ્યો બળ થકી હોયે હૃદે જેટલું
મારો દી પણ આવશે, ઉર ઠરી બેસીશ ત્યારે પ્રભુ!

હું તો કૈં પડતાં પડયો, પણ હવાં ચાલે ન અંગો પ્રભુ!
થાક્યો, આગળ એક હું ડગ ભરી કેમે શકું ના પ્રભુ!
ને છે ધામ હજી ઘણું દૂર પ્રભુ, શેં હું જઉં ત્યાં તરી!?
મારો ના ગજ વાગશે, નહિ કૃપા વર્ષાવશે જો, હરિ!

મૂક્યું છે ભવસાગરે પડતું મેં તું-સ્હાયની આશથી,
મારી જો પડખે ન ર્હે, પ્રભુ, ક્યા જોરે રહું હું ટકી?
આવું જો કરવું હતું, શીદ મને પ્રેર્યો પહેલાં, પ્રભુ!
દર્શાવી ઉર આશચિહ્ન પળવું શું દૂર શોભે? વિભુ!

● ● ●

### શાર્દૂલવિક્રીડિત

મેં મૂર્ખે ઘણું છેતર્યો પ્રભુ, તને સ્હેજે થઈ ના 'અરે!',
તારી જ્યાં લપડાક મેં મુખ પરે ખાધી, સ્ફુર્યું ભાન કૈં;
પસ્તાઈ ઉરમાં ઘણું તવ કને પાયે પડી બાળ હું
વારંવાર લળી લળી કરગરી યાચું ક્ષમા, દે, પ્રભુ!

હું તો મૂર્ખ જ નીવડયો, વળી પ્રભુ, કામે ન કો દક્ષ છું,
ના કૈં ઢંગધડા મળે મુજમહીં, છું છેક એવો પ્રભુ!
એવો, તોય છતાં હું બાળ તવ છું પ્રભુ ના તું કહી ના શકે!
લેજે સાચવી તો મને, તવ પ્રભુ, આશે જીવું રંક જે.

ભારે હું પ્રભુ, શું પડયો તવ ગળે કે રાખતો ભાળ ના!
કે શું છું અળખામણો પ્રભુ, તને? એવા કર્યા શા ગુના?
ધારો, વાંક કર્યો જ હોય, પણ 'છું હું મૂર્ખ છોરું' ગણી
પ્રેમે અંક રમાડજે લઈ મને, એ પ્રાર્થના બાળની.

• • •

## શાર્દૂલવિક્રીડિત

ભાળ્યો પ્રેમ ન બાપનો હજી સુધી, ના ઓળખ્યો યે પ્રભુ!
એને યોગ્ય થતાં જરૂર મળશે આસ્વાદ પૂરો વિભુ!
થાવા લાયક હું મથી પણ રહ્યો તું પ્રેમ વર્ષાવજે,
એ કાજે જીવી હું રહ્યો, પ્રભુ, મને યત્ને કૃપા અર્પજે.

હૈયે 'હાય!' પુકારતાં તવ કને આવ્યો પ્રભુ, બાળ હું
કે ત્યાં પામીશ 'હાશ' મેં શરણ એ આશાથી તારું ગ્રહ્યું;
આવે પાર ન તોય શેં? દુખી ઘણો હૈયે થયા હું કરું,
આણી અંત જ દે હવે, ઉર સહ્યું ના દર્દ કેમે જતું.

ભારે સાગર, ક્હે, પ્રભુ, નિજ બળે ઓળંગી શેં હું શકું?
કોટિ કાળ મથ્યા કરું, પણ છતાં હુંથી બને ના પ્રભુ!
કાપ્યા પાણી કરું હંમેશ બનતાં મારી હલેસાં પ્રભુ!
પ્રાર્થું તારી કૃપાથી બાપ, કરી દે બેડો હવાં પાર તું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

મેં તો ગર્દભ પેઠ બોજ શિર જો! ભારે ઉપાડયો પ્રભુ!
બોચી બેસી ગઈ, ભરાય ડગલું એકે ન હું થી પ્રભુ!
રૂંધાય પ્રભુ, શ્વાસ જાય ઉર જો જાણે પ્રભુ, તૂટશે,
ના ર્‌હેવાય ઊભું, પ્રભુ, શિરથી તું તો ભાર ઉતારજે.

હૈયે નિશ્ચય છે જ મક્કમ ભલે જાયે છૂટી પ્રાણ છો,
તોયે કામ મૂકી દઈશ નહિ હું માથે લીધું જે પ્રભો!
કોટિ જન્મ લઈ લઈ પણ પ્રભુ, પાડીશ તે પાર હું,
તારો તું કર રાખજે મુજ શિરે હું તો ચહું એટલું.

જીવું ઢોરની જેમ જીવન ખરે! ઉત્કૃષ્ટ હૈયું પ્રભુ!
મારું તું કરજે, ગરીબ જનની એ પ્રાર્થના છે વિભુ!
તારો હાથ કૃપાતણો મુજ શિરે હંમેશ તું રાખજે,
એમાં સર્વ જતું સમાઈ, મુજને તું એટલું આપજે.

• • •

## શાર્દૂલવિક્રીડિત

હૈયાંથી ચૂંટી પ્રેમપુષ્પ ચરણે તારે ધરું છું પ્રભુ!
ગંગા-ભાવ-જળે ઊંડા ઉમળકે હું પાય ધોઉં વિભુ!
કાઢી પ્રાણતણો નિચોડ ચરણે તારે ધરું છું પ્રભુ!
ર્‌હેજે નિત્ય પ્રસન્ન તું, તવ કને માગું પ્રભુ, એટલું.

તારે હું પદપંકજે પ્રભુ, ઢળ્યો સંભાળ તું રાખજે,
ને દોરી પ્રભુ, ધામ તું લઈ જજે હું અંધ આ બાળને;
ફેરા બાપ, ફર્યા કર્યો પણ રહ્યો હું તો ત્યહીંનો ત્યહીં આપી
પાંખ કૃપા મને ઊડવજે જાવું ચહ્યું છે જહીં.

હૈયે દુઃખ-હુતાશની પ્રગટી છે, જ્વાળા ભભૂકે પ્રભુ!
રોમે રોમ બધે જ લ્‌હાય પ્રસરી સ્‌હેવાય છે ના પ્રભુ!
જાણી, તું ઉપચાર કૈંક કરશે, આવ્યો પ્રભુ, તું કને,
તું છે સર્વ સમર્થ મુક્ત કરશે પીડાથી એ બાળને.

• • •

**શાર્દૂલવિક્રીડિત**

જાણી દર્દ-પ્રકાર સર્વ ટળશે, તું-પાસ જે આવશે,
સાચો વિશ્વ સમસ્તમાં વળી પ્રભુ, તું વૈદ્ય વિખ્યાત છે;
કંટાળી બહુ રોગથી શરણ મેં તારું ઉરે છે ગ્રહ્યું,
મારો રોગ ક્‌હે, જશે હૃદયનો ક્યારે સમૂળો? પ્રભુ!

સેવા તારી બની નથી મુજથી કૈં, ને ના થશે કૈં પ્રભુ!
એવું છેક અપંગ, હું જ ઊલટું ભારે પડ્યું છું વિભુ!
છોરું પાલવવું જ બાપ, પડશે તારે હમેશાં પ્રભુ!
પાલે જે તવ છે પડ્યું, કંઈ બીજે ક્‌હે, ક્યાં જશે એ વિભુ!

વાંકો હું નથી આજનો, પણ અરે! છું જન્મથી હું પ્રભુ!
લાતો મેં ઘણી ખાધી, તોય જરીયે શીખ્યો નહિ હું વિભુ!
કેમેયે નવ હું થયો સમજણો આવી ન બુદ્ધિ પ્રભો!
જ્યાં તારો યમદંડ શીશ પડતાં હું તો બન્યો પાંશરો.

• • •

## શાર્દૂલવિક્રીડિત

તું છું મંગળ દેવતા, પ્રભુ, તને તેથી સ્મરું નિત્ય હું
હંમેશાં કરજે પ્રભુ, જગે સૌ શ્રેય ને પ્રેય તું;
દૈ બુદ્ધિ શુભ દોરજે વળી મને તું સત્ય પંથે પ્રભુ!
આશીર્વાદ ઉતારજે તવ પ્રભુ, મારા શિરે બાપ, તું.

આશા બાપ, ગળા સુધી તવ મને કે તારશે તું પ્રભુ!
એ વિશ્વાસ થકી રહ્યો જીવન હું મારું ટકાવી પ્રભુ!
ને શ્રદ્ધામય બાપ, આ ઉર રહે તારી કૃપાથી વિભુ!
ઠેકાણે મન, બુદ્ધિ, ચિત્ત વળી ર્‌હે જેથી કરી, હે વિભુ!

છોરું છેક અનાથ છું, જગ મહીં આધાર કોનો નથી,
ના કોઈ ધણીધોરી છે મુજ, વળી બીજું સગુંયે નથી;
સંબંધી જન કો નથી, નિકટનો કો મિત્ર મારે નથી,
મારે માત, પિતા, સગું, મુજ બધું જેમાં ગણું તું હરિ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

જાણું દીનતણો જ પક્ષ કરતો હંમેશ તું હે વિભુ!
ર્‌હેવા રાંક સ્વભાવથી બહુ મથું તેથી હૃદે બાળ હું;
કો વેળા પ્રભુ, તોયે ભૂત મુજમાં આવી જતું, શું કરું?!
મારા સર્વ ઉપાય બાપ, બનતા હું તો કરું, જો! પ્રભુ!

છોરું હું તવ બાપ, સાવ જગમાં પાક્યું નઠારું પ્રભો!
ના મેં સાચવી આબરૂ તવ કંઈ વેપાર ઊંધો કર્યો;
ભારે ખોટ જતાં હૃદે ચમકીને આવ્યો કને તારી હું,
ધીરી મૂડી વધારજે કરગરું તું શાખ મારી પ્રભુ!

મારી બાંય ગ્રહી હવે કદીય તું દેતો ન મૂકી પ્રભુ!
હું ચૂકું મુજ ટેક જો, બનવજે સીધો મને બાપ, તું;
તારે ર્‌હે વશ વિશ્વ, એક પ્રભુ, તો તાબે રહું હું ન શું?
ધારે તો કરવા સમર્થ સઘળું ચાહે ગમે બાપ, તું.

• • •

## શાર્દૂલવિક્રીડિત

પ્રેમે મસ્તક હું ધરી ચરણમાં ભાવે સ્તવું જો! વિભુ,
હંમેશાં વળી પ્રાર્થના કરી તને પ્રેમે સ્મરું હું પ્રભુ!
દેવોના પણ દેવ! તું મુજ સદા પક્ષે રહેજે પ્રભુ!
એ છે એક જ પ્રાર્થના હૃદયની તું ધ્યાન લેજે વિભુ!

જાણી સંકટ વેળ સાદ કરશે, મેં યુદ્ધ માંડયું પ્રભુ!
બાંધ્યા છે રણ-મોરચા વળી બધે મેં પાસ ચારે પ્રભુ!
ને હું કેસરિયાં કરી ઝઝૂમતો ભારે કટિબદ્ધ થૈ,
પ્રાર્થું પાર ઉતારજે પ્રભુ, મને યુદ્ધે તું પક્ષે રહી.

કર્મો નીચ કર્યાં, ન વર્ણવી શકું, લજ્જા ઘણી આવતી,
જાણે છે જ કહ્યા વિના મુજ બધું, તો દે ક્ષમા દોષની;
ઝાલે જો મુજ હાથ, તો જ ઊગરું, બાકી ડૂબ્યો છું પ્રભુ!
જો ચાહે, તું ઉગારજે, ચરણમાં તારે ઢળ્યો છું પ્રભુ!

● ● ●

★ છું=છે સમજવું

## શાર્દૂલવિક્રીડિત

કોટિ છે અપરાધ માફ કરજે હું-રાંકને બાપ, તું,
જો તું બાપ, ઉગારશે નહિ મને તો તો ડૂબ્યો છું પ્રભુ!
મારો હાથ ગ્રહી મને ઉપર લે આ ખાડમાંથી પ્રભુ!
એમાં બાળ સડી મરું, બચવજે દુર્ગંધથી તું પ્રભુ!

આકાશે ઉડવું કરી સતત ત્યાં રહેવા ચહું, બાળ હું,
કેમેયે નવ ફાવતો, જઈ તહીં પાછો પડું છું, પ્રભુ!
યત્નો હાથ હતા બધા, કરી કરી થાક્યો હવાં છેક હું,
ફાવે તે કરજે હવે, તુજ પરે છૂટું મૂક્યું મેં બધું.

તારો આશ્રય મેં લીધો ઊગરવા જો સ્હાય રહેશે ન તું,
યત્નો સર્વ કર્યા છતાં રહીશ તો ત્યાં ઠેરનો ઠેર હું;
તારા સાથ વિના ન એક ડગલું હુંથી ભરાશે કદી
તો ધીમો પ્રભુ, ચાલજે, કરગરું, હું-સંગ સાથે રહી.

• • •

## શાર્દૂલવિક્રીડિત

બાંધી સર્વ મદાર મેં તુજ પરે, નૌકા સમુદ્રે પ્રભુ!
મૂકી, ના સઢ છે, સુકાન નહિ છે, આધારમાં એક તું;
ચાહે તો પ્રભુ, પાર ઠેઠ કરજે ચાહે તું ડૂબાડજે,
માંડી મેં મીટ જે પ્રભુ, ધ્રુવ ભણી ના લક્ષ્ય તે છૂટશે.

ચાવી ઉન્નતગામી હું દ્રઢ રહું તોયે મળે ના પ્રભુ!
સીધો બાપ, રહું છતાં તવ કૃપા વર્ષાવતો શેં ન તું?
ખામી કૈં જ રહી હશે મુજમહીં જાણી ન જે હું શકું
તારી બાપ, કૃપા થતાં દૂર થશે અદશ્ય ક્યાંયે બધું.

જ્યાં છે પ્રેમ, નથી કશો નિયમ ત્યાં ર્‌હેતો, ગમે તેમ હું
તેથી નિત્ય કહ્યા કરું પ્રભુ, તને વિવેક ના જાળવું;
ખોટું કૈં ન લગાડતો મુજ પરે ક્‌હેવાઈ જાતાં વધુ
ગાંડુંઘેલું લવું, લઈશ નહિ તે ધ્યાને કશું, હે પ્રભુ!

• • •

## શાર્દૂલવિક્રીડિત

કેમે અંતરમાંથી સ્હેજ તુજને હું તો વિસારીશ ના,
જેનું ભાન થવુંય દુર્લભ ઘણું, તે કેમ છોડું હવાં?
કોટિ જન્મતણી મહેનત ફળી પ્રત્યક્ષ જયારે પ્રભુ,
તે કૈં વેડફી સ્હેજમાં દઉં હવે એવો નથી મૂર્ખ હું.

હુંમાં બાપ, હજી પ્રભુ, ઉર ઘણાં પાખંડ ને દંભ છે,
હૈયું છેક પૂરું ગરીબજનનું ના સાફ ને સ્વચ્છ છે;
એને બાપ, હઠાવવા ઉર રહ્યો ભારે મથી જો! પ્રભુ!
બાળી મૂળ જ નાશ તું કર હવે એનો સમૂળો પ્રભુ!

હૈયેથી હજી વાસના નવ જતી, ઘાલ્યાં ઊંડાં મૂળ છે,
છેદું તેમ, ઊંડાં જતાં, ક્યમ કરું? ના આવતો પાર કૈં;
ફૂટે છે ફણગા નવા અવનવા ફાવીશ ક્હે કેમ હું?
હારી હિંમત જાઉં છું, ધગશ દે યત્ને ઊંડી તું, પ્રભુ!

• • •

## માલિની

મરણ સમીપ જ્યારે હોય, ત્યારે પ્રભુ, તું,
મુજ નજીક રહેજે, એટલું યાચતો હું;
મન, ચિત્ત, ઉર મારાં પ્રાણ ક્યાંયે ભમે ના,
પદમહીં કર ર્‌હે તે લીન એવું કૃપાળા!

તુજ ચરણ રહું છું રાંક કે'વારનો હું,
નજર સરખીયે કાં તોય ના ફેંકતો તું?
રવડી જ મરવાનું કર્મ મારે લખ્યું શું?
સહન પણ કરી જા લૈશ ત્યારે બધું હું.

કસુર મુજ પ્રભુ, શી કે કૃપા ના કરે તું?
સમજણ પડતી ના શા ઉપાયો લઉં હું;
પ્રભુ, કરગરવાનું એકલું જાણતો હું,
તુજ પદ ઢળી તેથી સારું છું અશ્રુઓ હું.

• • •

## માલિની

અવગુણ મુજમાં શા બાપ, એવા ભર્યા છે,
મુજ પર પ્રભુ, કે તું પ્રેમ ના દાખવે છે?
લળી લળી તુજ પાદો બાળ ચૂમ્યા કરું છું,
કગરું મુજ દયા કૈં હે પ્રભુ! લાવજે તું.

પ્રભુ, દઈ ન શકે તું માફ એવા ગુનાઓ,
બહુબહુ કરી હાવાં મૂર્ખ પસ્તાઉં છું જો!
રડી મરવું હવાં કૈં કામ ન આવવાનું,
કરમ વિણ સહ્યા તે દૂર ના છે થવાનું.

મરણ સમયનું તે દુઃખ ભારે ઘણું હું,
સહી શકું પ્રભુ, એવી હામ દેજે મને તું,
બધી ભૂલી જઉં ત્યારે ભાન બાહ્યાંતરે હું,
મન રત પ્રભુ, તુંમાં રાખજે બાપ મારું.

● ● ●

## માલિની

હૃદયમહીં રહેલી ઉર્ધ્વગામી તમન્ના,
સતત નયન રાખે તું-ભણી નિત્ય મારા;
પણ રહી ગયું છૂપું ઊંડું જે કૈં ગયેલું,
બહુ દમતું મને તે દૂર ફેંકાવી દે તું.

મન, ચિત્ત, મતિ, હૈયું, પ્રાણ આધાર સર્વે,
તુજ ગમ ઢળતાં તે બાપ ર્‌હેજો સદાયે;
તુજ પદ નમતો જે હોય ના ભાગ એવો,
મુજમહીં અણુ એકે બાપ, બાકી ન ર્‌હેજો!

તિમિર ઘન પટેથી જો! છવાયો પ્રભુ, હું,
ડગ પણ ભરવું ક્યાં ના સૂઝે, હું મૂંઝાઉં;
પથ ક્યમ કરી કાપું? આગળે ના જવાતું,
તુજ કિરણ કૃપા દે, એટલું માત્ર, માંગુ.

• • •

## માલિની

તુજ શરણ છતાં શું હું અભાગી રહીશ?!
જનક મુજ છતાં શું પ્રેમ તું ના કરીશ?!
જગત રવડવા શું બાળ તારો દઈશ?!
કદીય પણ અરે! શું ઠામ હું ના ઠરીશ?!

મુજ વિષય વિકારો બાળી, ક્હે, શેં શકું હું?
ક્યમ કરી વળી એથી સાવ નિર્મૂળ થાઉં?
પ્રભુ, તુજ ચિનગારી જો કૃપાની મને દે,
જરૂર વન બળીને ખાખ થાશે બધુંયે.

પ્રભુ, વનવગડામાં ક્યાંક ભૂલો પડયો છું,
તહિં મુજ પ્રભુ, આશા એક આધાર છે તું;
જયમ ત્યમ કરી જ્યાં ત્યાં માર્ગ કાપ્યા કરું છું,
ઉર ધરી પ્રભુ, શ્રદ્ધા, રાહ દર્શાવશે તું?

• • •

## માલિની

જહીં સુધી બળી જાશે મૂળ ના વાસનાનાં,
તહીં સુધી મુજ નિશ્ચે કામ કાચું બધું હા!
તુજ અવતરી ર્‌હેશે પૂરી જ્યારે કૃપા તે,
મુજ પર પ્રભુ, ત્યારે મૂળ તે રાખ થાશે.

કદીય કર લીધેલું હું ન મૂકી દઈશ,
મરણ લગી કર્યા હું યત્ન સર્વે કરીશ;
કરી જ શકું પૂરું તે કામ મારું પ્રભુ, હું,
હૃદયમહિં જ એવી હામ દેજે કૃપાળુ!

ભવજલનિધિમાં હું બાળ ડૂબી રહ્યો છું;
પ્રભુ, ઊગરી જવા દે હાથ તારો મને તું;
શરણ તુજ પડી હું માંગતો એટલું એ,
જરૂર મદદમાં તું મારી ઊભો ર્‌હેજે.

• • •

## માલિની

તુજ વિણ મુજ કોઈ વિશ્વમાં બેલી ના છે,
મદદ ન કરશે જો કેમ પારે જવાશે?
વળી વળી તુજને હું સાદ પાડયા કરું છું,
ગરીબ જનની વ્હારે આવજે હે પ્રભુ! તું.

ઘુવડની જ્યમ હું તો અંધકારે પડ્યો છું,
નીકળી શકીશ ક્યારે, એ થકી બ્હાર શેં હું?
કર મુજ ગ્રહી જો તું લાવશે તો અવાશે,
નહિતર મુજ મેળે કામ કૈં ના સધાશે.

દુ:ખ જડમૂળથીયે પામશે નાશ, ધારી,
ચરણકમળ આવ્યો બાપ, હું પાસ તારી;
ફળવીશ પ્રભુ, ક્યારે આશ આ દીનની તું?!
જ્યમ ત્યમ કરી જીવી જો! પ્રભુ, હું રહ્યો છું.

• • •

## માલિની

ઉપકૃત ઉપકારે હું થયો છું તમારે,
મુજ થકી બદલો કૈં એહનો ના વળાશે;
મુજ ગરીબતણું છે એકલું ભાવ-નાણું,
તવ ચરણ ધરું શું એ વિના કો બીજું હું?

મરણથી બચવાને આશરો એક તારો,
અવર ન જબરો છે તું-વિના વિશ્વમાં કો;
સમરથ શરણું મેં નાથ તારું ગ્રહ્યું છે,
પતિતજન છતાં, છે આશ, ઉગારી લેશે.

ચરણકમળ તારે ચિત્ત ને પ્રાણ, બુદ્ધિ,
મરકટ મન રાખી દે ઉરે પ્રેમભક્તિ;
સતત નિત પ્રભુ, એ પ્રાર્થના હું કરું છું,
શ્રવણ★ તુજ પ્રભુ, લે દાદ આ દીનની તું.

● ● ●

★ શ્રવણ=કાને

## માલિની

મરણ સમય મારે બાપ, પ્રત્યક્ષ ર્‌હેજે,
સ્મરણ તવ મધુરું બાપ, જિવ્હાગ્ર દેજે;
દુઃખતણી કંઈ પીડા થાય ના એમ કીજે,
ચરણકમળ તારે પ્રેમ એવો તું દેજે.

જહીં તહીં અથડાઉં ને પડી જાઉં છું હું,
વળી ડગ ભરવાને થાઉં ઊભો ફરી હું;
પણ પ્રભુ, નહિ કેમે ફાવી હુંથી શકાતું,
પ્રભુ, તુજ કર તેથી આપને! બાળ યાચું.

નસીબ પર ધરીને આશ હૈયે કદી હું,
કર મુજ નહિ જોડી ઠાલી બેસી રહું છું;
મુજથી બનતું જે જે સર્વ તે હું કરું છું,
પણ હજુ પ્રભુ, તોયે ઠામ ના શેં પડાતું!?

• • •

## માલિની

ઘડી થકી પડતો ને થૈ કટિબદ્ધ પાછો,
પગ પર પ્રભુ, ઊભો તું કૃપાથી થઉં જો!
દગ★ મુજ પણ રાખ્યા હું કરું જ્યાં જવાનું,
હ્રદય મહિં જ શ્રદ્ધા કે પહોંચીશ ત્યાં હું.

જળનિધિ તરી જાવા નામનું નાવ લીધું;
ઉર મહિં ધરી શ્રદ્ધા કૈ જશે પાર લૈ તું;
દૂર કરી શકશે તે આવશે વિઘ્ન જે જે,
અતુલ તુજ કૃપામાં જોર એવું પ્રભુ, છે.

અરર! મુજ હજી ના બાપ, તૃષ્ણા મટી છે!
બહુ કૂટી મથું તોયે કેમયે ના જતી તે;
મુજ મહિં બળ છે જે તે બધું વાપરું છું,
કરગરી કહું જો તું દે કૃપા, તો જ ફાવું.

● ● ●

★ દગ=આંખો

## માલિની

પ્રભુ, મુજ કરશે તું સર્વ સારું હશે જે,
હૃદયમહિં જ એવી ઊંડી શ્રદ્ધા વસી છે,
શરણ રહી શકાતું બાળથી કારણે એ,
વળી મુજ મન શંકા તેથી કૈં ના ઉઠાવે.

સમૂળગું મુજ ક્યારે હું-પણું દૂર થાશે!
અગણિત મુજ યત્નો ના કદી તે સધાશે;
તદપિ બનતું જે જે સૌ કર્યા હું કરીશ,
રહમ વરસતાં હું તારી ફાવી શકીશ.

અરર! મુજ થવાનું શું હશે! હું ન જાણું,
કરમમહિં લખ્યું જે શેં ઉકેલી શકું હું!
પણ હૃદય સ્મર્યા હું નામ તારું કરીશ,
ત્યમ કરી પ્રભુ, હું તો સાવ નિશ્ચિંત થૈશ.

● ● ●

## માલિની

સુખ ચરણ તારે જ્યારથી કૈં નિહાળ્યું,
તહિંથી ઉર પડે ના ચેન કૈંયે, કરું શું!?
તલસી સુખ રહ્યો છું પૂરું લેવા બહુ તે,
બનવીશ પ્રભુ, ક્યારે ધન્ય એ પામવાને!!

સમજણ પ્રભુ, હુંમાં ના કશીયે બળી છે,
મુજ હિત પછી જાણી હું શકું કેવી રીતે?
તુજ પદમહિં મારું સર્વ સોંપ્યું તને મેં
જ્યમ મુજ કરવાનું હોય તું તેમ કીજે.

સતત પ્રભુ, રહેવા જાગતો હું મથું છું,
વળી બધી ગમથીયે સાવધે હું રહું છું;
તદપિ જ મન લુચ્ચું છેતરે છે, કરું શું?!
ક્યમ કરી વશ રાખું એહને? ક્હે, પ્રભુ તું.

• • •

## માલિની

વિષયમહિં જતું ર્‌હે ચિત્ત મારું, કરું શું?!
બહુ બહુ કરી ખાળું તોયે ના ઠામ ર્‌હેતું;
પણ ધીરજ ન મૂકું યાદ તારી ન ચૂકું,
તુજ રતિમહિં એને રંગી દેની પ્રભુ, તું.

નસીબ જ જહિં મારું ફૂટલું, કો કરે શું?
નહિતર શરણે છું તોય હું શેં ન પામું?!
કઠણ કરમ, છેડો ભોગવ્યા વિણ ના'વે,
સહું વિણ બબડ્યા તે તેથી પ્રેમે બધુંયે.

મરું છું હું અટવાઈ કામ ને વાસનાથી,
ક્યમ કરી બચી જાઉં એમના હુમલાથી;
ઘણું ઘણું ઘણું ભારે પથ્ય પાળ્યા કરું છું,
પણ ન દરદ ગાંઠે દે કૃપા, બાળ ફાવું!

• • •

## માલિની

અરરર! બહુ પીડાઉં બુદ્ધિના રોગથી હું!
સમરથ ગણી આવ્યો વૈદ તારી કને હું;
કરગરી વીનવીને પ્રાર્થના હું કરું છું,
દરદ દૂર કરી દે, મૂળ જેવો બનું હું

દળી દળી કુલડીમાં બાપ, ભેગું કર્યું મેં,
અચરજ બહુ પામ્યા હું કરું જોઈને તે;
મુજ જીવન વહ્યું તે જાય છે કેણી બાજુ,
અરરર! જરીય મેં ના આંખ ઉઘાડી જોયું.

ઘડીમહીં મન મારું આંધળું ભીંત થાતું,
ઘડીકમહીં રહેતું પાસરું દોર સીધું,
વળી ઝટ ચઢી બેસે ચાલતી ગાડીમાં તે
તુજ પદ મન એવું મુગ્ધ બાપુ, કરી દે.

• • •

## માલિની

હજુ મુજ મન કોરું સાવ બાપુ, રહ્યું છે,
બહુ બહુ કરતાંયે રંગ ના કૈં ચઢે છે;
હરનિશ મથું એને લાવવાને સકંચે,
છટકી જ પણ જાયે ખંધીલું યુક્તિથી તે.

મન મુજ સગી આંખે જોઉં કે ઊંધું જાયે,
પણ નવ પકડાતું, સાણસે તે ન આવે;
મનવતું પ્રભુ, પાછું 'ચાલું હું કેવું સીધું!'
કરી કરી પ્રભુ કૈં કૈં તર્ક પાખંડી એવું.

તુજ વગર મને ના સંઘરે કોઈ બીજું,
મુજ સમ બગડયાનો એક આધાર છે તું;
પરમ તુજ દયા એ પામવાને પ્રભુ, હું
ચરણ સતત તારે શીશ નામ્યા કરું છું.

● ● ●

## માલિની

સ્મરણ તુજ કરંતાં સંકટો ટાળતો તું,
વિકટ વિપદમાંયે અર્પતો હૂંફ બાપુ!
અનુભવ કંઈ એવો બાપ, હોવા છતાંયે
જીભ મુજ પટરાણી નામ લેતાં લજાયે.

ગરીબ જનતણી તું બાપ, સંભાળ લેજે,
તુજ વગર નથી કો એનું બેલી કહીંયે;
જહિં તહિં પ્રભુ, એને કર્મ ધપ્પા લખ્યા છે,
જગ મહિં ગણકારે કૈં જ ના કોઈ એને.

## શિખરિણી

લઉં ના ધ્યાને જે બનતું પછવાડે મુજ હશે,
અને આંખો સામે બનતું પ્રભુ! ના જોઉં કંઈ તે;
વળી એવી રીતે બધિર ત્યમ મૂગો પણ બનું,
બધી ઇંદ્રિયોને તુજ મહીં જ વાળો હું વીનવું.

• • •

## શિખરિણી

હું મારા દોષોનું સ્મરણ કરીને જાગૃત રહું,
દીધી દ્રષ્ટિ એવી ક્યમ કરી ભૂલું પાડ તુજ હું!
ભૂલું ક્યાં ક્યાં એવી હરનિશ પરીક્ષા ઉર કરું,
કૃપા ર્‌હેવા સીધો ગરીબ પર વર્ષાવ પ્રભુ, તું.

મને જીવાડી ર્‌હે તુજ તરફથી આશ પ્રભુ, જે,
સ્વીકાર્યું હર્ષેથી નહિતર હતે મૃત્યુ પ્રભુ, મેં;
મને તારે ખોળે લઈ ઉમળકે ધન્ય કરને
ક્‌હે ક્યારે એવો પરમ ધનભાગી થઈશ, તે.

હજી હૈયું મારું પરખી શકિયો શું ન પ્રભુ, તું?
મુકાયે ના એવો કદી તુજ પરે દોષ મુજથી;
ઊંડું એવું કાંઈ નકી છૂપું હશે કારણ ખરે!
ન જેથી ભાંગે તું મુજ હૃદયનું અંતર અરે!

• • •

## શિખરિણી

દયાથી દર્શાવ્યો મુજ ગરીબને રાહ પ્રભુ, તેં
કર્યાથી નિષ્કામે શુભ મતિ થતી કાર્ય સરવે;
કૃપાથી તારી હું ત્યમ કરી શકું, ને મુજ થકી
ઢળાયું છે તેથી ચરણ કમળે જો! શિર મૂકી.

હજી હૈયે શાંતિ મુજ હૃદયને જો! મળી નથી,
ઠરી હું ઠેકાણે હૃદય મન બેઠો હજી નથી;
તને ક્હેતાં કૂચો મુજ જીભતણો જો! થઈ ગયો,
ન તોયે ધ્યાને શેં મુજ ગરીબનું લે કંઈ પ્રભો!

તને ઓવાર્યાં છે હૃદય, મન, મેં પ્રાણ જ બધું,
વળી બુદ્ધિ, ચિત્તે પદકમળ સેવી તુજ રહું;
અને સોંપ્યું છે મેં પ્રભુ, જીવન-સર્વસ્વ ચરણે,
હવે તો શાંતિ દે પ્રભુ, ગરીબને રાખી શરણે.

• • •

## શિખરિણી

હૃદે આશા જેની બહુ જ ધરીએ, તે દૂર જતું,
અને તેથી વ્હાલું હૃદય બમણું તે થઈ જતું;
અરે! આકર્ષી લે નિજ તરફ તું એમ કરીને
ઘસાવામાં એવું અજબ બહુ મીઠાશ ભરી છે.

પ્રભુ, હૈયે મારે પળ પળ વસી ર્‌હો, અરજ એ,
તને પાયે લાગી પ્રણમી પ્રણમી માગી લઉં તે;
'કરું શી તૈયારી તુજ મન ગમે!' એમ હૃદયે
થતું કે કો વાતે દુઃખ નવ પડે ત્યાં જરી તને

સ્વીકારી જો ના દે મુજ પ્રણયને સ્થાન તું જરી,
પછી સંસારે શું રહ્યું જ કરવાનું કંઈ જીવી?
ફના તું-કાજે તો જીવન, ધન, મેં જોબન કીધું,
હવાં સૂઝે જેવું તુજ મનમહીં મારું કર તું.

• • •

## શિખરિણી

નહોતી બુદ્ધિ ને સમજણ ઊંડી કાંઈ ન હતી,
વળી ક્યાંયે મારું મન ભટકતું'તું જગમહીં!
અને એક્કે ન્હોતું મુજ હૃદયમાં બિંદુ રસનું,
કૃપા ત્યાં દીધી કૈં, ઉપકૃત થયો છું ગરીબ હું.

મહામાયા તારી ક્યમ કરી પ્રભુ, હું જીતી શકું?
મહા ભારે ભારે ઋષિજનતણું જ્યાં નહિ ગજું?
હિસાબે એ જોતાં જન પરમ હું પામર જ છું,
મને એની જાળે કદી નવ ફસાવા દઈશ તું.

તમારે કાજે કૈં પરમ જન ભારે મરી મથ્યા,
અને પોતાનાં જે જીવનધન, સર્વસ્વ અરપ્યાં;
છતાં તેવાઓની જરીય પરવા ના કરી તમે,
યુગો વીત્યા તોયે દિલ ન પીગળ્યા છો રજ તમે.

• • •

## શિખરિણી

સમુદ્રે સંસારે પ્રભુ, તરી જવા નાવ દૃઢ તું,
હૃદે ધારી એવું શરણ ગ્રહ્યું છે મેં તુજ પ્રભુ!
હવાં ચિંતા તેથી કંઈ મુજ વિષે ના હૃદય છે,
હશે શ્રદ્ધા સાચી જરૂર કરશે પાર મુજ તે.

પ્રભુ, દેવો મારે કંઈ ન ઘટતો દોષ તુજને,
હશે કર્મો જેવાં જરૂર ફળ દે તેમ મુજને;
રહેલી તેમાંયે તુજ રહમ છે, એમ હૃદયે
ગણી બાકીના દી' જયમ ત્યમ કરીને વીતવું જે.

તને કેવી રીતે પ્રભુ, રીઝવવો, હું ન સમજું,
નથી એવો ઊંડો પ્રણય ઉર જેથી જીતી શકું;
વળી સેવાયે કૈં તુજ બનતી છે ના મુજ થકી,
છતાં એવો તોયે શરણ સમજી લે કર ગ્રહી.

• • •

## શિખરિણી

સગું, વ્હાલું, સ્નેહી, સ્વજન બસ છે એક મુજ તું,
મને જેમાં તેમાં જગતમહીં આધાર પ્રભુ, તું;
ગળા સુધી તારો પ્રભુ, જરૂર વિશ્વાસ મુજને
'મને જયારે ત્યારે પણ ઠરવશે તું-તુજ પદે'.

ન કાને લે જો કૈં મુજ ગરીબની વાત પ્રભુ, તું;
પછી કોની પાસે જઈ હૃદયનું દર્દ રડવું?
ભલે લે ના ધ્યાને જરી નથી પડી, જા! કંઈ મને,
અરે! ના! ના! ભૂલ્યો મમ કથવું મૂર્ખાઈ બસ એ.

મહા પાપો મારાં તુજ વગર ધોશે અવર કો?
ઢળ્યો છું તેથી જો! ચરણ કમળે હું તુજ પ્રભો!
હૃદે નેડો લાગે પ્રભુ, તુજ વિષે એમ કરજે,
અને રોમે રોમે નસ નસમહીં પ્રેમ ભરજે.

● ● ●

---

★ નેડો=ઘેલું

## શિખરિણી

પ્રભુ, થાક્યો હું જો! કહી કહી હમેશાં જ તુજને,
વધારે શું ક્હેવું! સમજણ પડે ના કંઈ મને;
બધીયે જાણે છે મુજ હૃદયની વાત હૃદમાં,
બકાવે છે ત્યારે નિત નિત મને આમ પ્રભુ, કાં?!

મને ઊંડું પ્રભુ, હૃદયમાં કૈં કંઈ થતું,
તને કેમેય તે પ્રભુ, હું સમજાવી નવ શકું;
વળી તેથી ક્યાંયે જરી ન મુજને ચેન પડતું,
અને લાગે ભારે દિન વીતવવા, કેમ કરું હું!

નથી સંતોષાતી મુજ હૃદયની આશ, મુજને
વિના તે કો બીજું જગત મહિં કૈં દુઃખ નવ છે;
ક્હે, ક્યારે મારી પર પ્રભુ, કૃપાવૃષ્ટિ કરશે!?
ગણી તારો ક્યારે પ્રભુ, ગરીબને ધન્ય કરશે!?

• • •

## શિખરિણી

મહા અજ્ઞાની હું પ્રભુ, કરવું શું? શું ન કરવું?
મને એની ઊંડી સમજણ નથી, હું મૂરખ છું;
ગૂંચાયેલુ જે છે મુજ હૃદયનું કોકડું, પ્રભુ!
ઉકેલાયે જો દે અતિશય મને સૂક્ષ્મ મતિ તું.

મથું ર્‌હેવા નોખો જગત જન સંસર્ગ થકી હું,
ઝૂકેલો ર્‌હેવાને તુજ તરફ જો! યત્ન કરું હું;
છતાં ઇંદ્રિયો સૌ વિષયમહીં ર્‌હે છે રત પ્રભુ!
ક્‌હે, કેવી રીતે ચરણમહીં તે વાળી શકું હું?

ઉઠાવી લેવાને વિષયમહીંથી વૃત્તિ મથું હું,
ફવાયે ના કેમે, ફરી ઊઠી, કટિબદ્ધ બનું છું;
હું ભારે પીડાઉં મુજ હૃદય ઉદ્વેગથી પ્રભુ!
અરે! જોની સામું કંઈ કરી હવે તો, બહુ થયું.

કરી દેની હૈયું મુજ સરળ ને નિર્મળ પ્રભો!
તને ભાવે નિત્યે પદકમળ યાચી હું મરતો;
ઊંડા ભાવેથી જો વળી હૃદયના પ્રેમ થકી જે,
તને યાચે તેનું જરૂર પ્રભુ, તું કામ કરશે.

• • •

### શિખરિણી

ગુણો તારા ગાવા મુજ હૃદયમાં ભક્તિ પ્રભુ, દે,
ર્‌હે ચોંટી તેવી મન-હૃદય આસક્તિ પદ દે;
બીજી કો વાતોમાં જરીય પણ ર્‌હે લક્ષ મુજ ના,
કરી દેની એવું ગરીબની પરે તું કરી દયા.

પ્રભુ, મારા જેવો જગ અવર કો લંપટ ન છે,
છતાં તારો જાણી મુજ પર પ્રભુ, ર્‌હેમ કરજે;
પ્રભુ, ગુસ્સો તારો સહન કરવા શક્તિ મુજમાં
જરાયે કૈં ના છે, થરથરી મરાયે હૃદયમાં.

ત્રિતાપેથી ભારે ઉર બળી મરાયે, ઊગરવા
પ્રભુ, મેં એનાથી મુજ શિર મૂક્યું છે શરણમાં;
બચાવી લેવાનું તુજ કર વિષે છે પ્રભુ, હવે,
મને ઊંચે લેજે જમીન પરથી ઊર્ધ્વ ગતિએ.

• • •

## શિખરિણી

પ્રભુ, હુંમાં ભૂતો ઘર કરી વસેલાં, નિત મને
બહુ રંજાડે છે મુજ પર અરે! સ્વાર થઈને;
ન ચાલે છે મારું જરી કશું, ઘસી હાથ મરું હું,
ભગાડી દેની તે મુજ પર દયા રાખ પ્રભુ, તું.

અરે! હંમેશાનું દુઃખ ક્યમ સહેવાય કંઈ જે!
હવે કેવી રીતે ધીરજ હ્રદયે હું ધરી શકું!
તને મારો જાણી તુજ ચરણ હું નિત્ય રડતો,
અને એ રીતે કૈં મુજ હલકું હું હૈયું કરતો.

વ્યથા હૈયાની જે મુજ બકબકાટે ન મટશે,
શિરે મૂકી બેઉ કર બહુ રડયે કૈં ન વળશે;
તને ક્હેવાથી તું પણ ન કરશે ઓછું દુઃખને,
ગમે તેવું ભારે સહન કરવા શક્તિ ઉર દે.

• • •

### શિખરિણી

સૂના આ સંસારે મુજ જીવનનો પ્રાણ રસ તું,
મને નોધારાને જગતમહીં આધાર પ્રભુ, તું;
દીવાદાંડી મારી મુજ જીવનઉદ્દેશ્ય વળી તું,
તને યાચું મારો સફળ કરજે હેતુ પ્રભુ, તું.

હુંથી કેડો તારો મૂકી દઈ શકાશે નવ અને
મને તાળી આપી છટકી ન શકાશે તુજથીયે;
હજી ના! ના! ભૂલ્યો, હું જ મૂરખ તૈયાર નવ છું,
રહે તું તો નિત્યે પ્રણય કરવા તત્પર પ્રભુ!

પ્રભુ, શેં ચીરી હું મુજ હૃદય બતલાવી શકું તને!
જણાતે નકી ત્યાં કઈ રમત ચાલી જ રહી છે;
અરે! અંતર્યામી! સઘળું મુજ જાણે ત્યમ છતાં
ચઢાવે છે શાને વળી વળી લવારે તું અમથો?!

• • •

## શિખરિણી

શકું રાખી રાજી હૃદય તુજ, હું જો કંઈ કહું,
ભલે આખું મારું જીવન પ્રભુ, છો આ વહી જતું;
અરે! એવાં ક્યાંથી મુજ નસીબ હોયે ગરીબનાં!
શિરે મારે જો તું, ક્યમ ભરું હું નિઃશ્વાસ અથવા!

જગે માતા જેવો પ્રણય કહીં નિઃસ્વાર્થ નહિ જો,
હૃદે પાદામ્બુજે હે પ્રભુ! પ્રણય તેવો પ્રગટજો;
પ્રભુ, મારે સોળે શરીર પર શૃંગાર સજીને
ઉમંગેથી તુંમાં જીવનભર ન્યોછાવર થવું.

મહત્વાકાંક્ષાઓ ઉર મુજ વધારે કંઈ નથી,
નથી જિજ્ઞાસા કૈં અવર વિષયો કાજ હૃદની;
'કૃપા તારી હોજો સતત પ્રભુ, મારી પર સદા'
મને વાંછા હોયે કંઈ જ ઉરમાં, એક બસ આ.

• • •

### શિખરિણી

'હતો ત્યાંનો ત્યાં છે ડગ પણ વધ્યો આગળ નથી,
છતાં તું તો જાણે મજલ કંઈ તેં કાપી જ દીધી'
હશે શાને એવું હૃદમહીં થતું હું પદ પ્રભુ!
અરે! એ તો ચાળા મુજ મરણના, ચેત મન! તું.

હજીયે બાકી છે રહ્યું સમજવાનું શું તુજને?
કંઈ બુદ્ધિ હોયે ઝટ સમજશે સાન મહિં તે;
ગધેડો છે તું તો પીઠ પર ઘણો ભાર વહતો,
વળી લાતો ખાતો ઉપરથી, છતાં ના સમજતો.

વફાદારીથી ના પદ પડી રહ્યો કામ પળ શું
સધાશે મારું શું? ઉપરથી તને દોષ દઉં હું!
મને સીધો, યાચું, કરની પકડી કાન પ્રભુ, તું,
અને ખેંચી રાખો પદ-પ્રણયની સાંણસી થકી.

• • •

## શિખરિણી

જુઓ,! રેંટિયાથી સતત નીકળ્યા તાર કરતા,
વહ્યા તેવી રીતે મુજ હૃદયથી ભાવ કરજો!
બધાં અંગો કામે વળગી જ જજો! આળસ કદી
જરાયે રાખી તો બધું બગડશે કામ જ નકી.

જગે સાચે સાચો પ્રણય, પ્રભુની ભેટ જનને,
મળે જેને જેને પરમ ધનભાગી જરૂર તે;
બધાંયે તે સાચાં પ્રિયજન હજો અંતરતણાં,
પ્રભુ, એવી માગું સતત તુજ મારી પર કૃપા.

બૂમો પાડી પાડી કરું હું પજવ્યા નિત્ય તુજને
અને રાખું દાવો વળી રીઝવવાનો પ્રભુ, તને!
વિરોધાભાસી આ મુજ વચન કેવાં પ્રભુ, દીસે!
છતાંયે જાણી તું નિજ શિશુ મને માફ કરજે.

• • •

## શિખરિણી

કર્યા છે તેં ભારે બહુ જ ઉપકારો મુજ પરે,
ગણાવું શી રીતે? ક્યમ કરી તને બાળ વીસરે!
છતાં વારે વારે મુજ થકી ભુલાયે પ્રભુ, તને,
પ્રભુ, લજ્જા રાખી શરણ જનની પ્રેમ કરજે

ભરેલી છે હુંમાં બહુ જ શઠતા અંદર પ્રભુ,!
વિચારેથી એના શરમ થકી લાજી બહુ મરું;
પ્રયત્નેથી તે શું બની નવ શકે! કાં મન ધરે
નિરાશા તું આવી? નિત તુજ કર્યા યજ્ઞ કરજે.

વિચારીને પ્‌હેલાં પગલું ભરિયું'તું મન હવે
પડે પાછું, એને પ્રભુ, હું સમજાવું કઈ રીતે!
રચે બાજી કૈં કૈં નવીન ભરમાવા પ્રભુ, મને
સદા જોતો ર્‌હેજે નહિતર શિશુ આ લથડશે.

• • •

## તોટક

નચવે નટ કો જ્યમ માંકડું કો,
નચવે જગને ત્યમ શ્રીહરિ તો;
નચવ્યો તુજ નાચું છું રંક હરિ!
બહુ થાક ચઢ્યો કર ર્‍હેમ જરી.

મુજ બાજી બધી તુજ હાથ રહી,
તુજ પ્રેરિત દાવ જ નાખું હરિ!
સવળો પણ દાવ ન કો પડતો,
વીનવી હું પુકાર કરી મરતો.

પ્રભુ, પામર બાળક છું હું અતિ,
નથી જોડી જગે અતિ મંદમતિ;
ભટક્યો બહુ તે પછી ચાલી મતિ,
પ્રભુ, ભાળ તું લે શરણાગતની.

• • •

## તોટક

મુજ ચાલ્યું બધું કરી જોયું, પ્રભો!
તુજ આગળ હું નહિ ફાવી શક્યો;
બધું હારી જતાં પ્રભુ, થાકી ગયો,
તું ઉગાર હવે શરણે હું ઢળ્યો.

તુજ કાનતણા પડદા ફૂટશે,
પણ બાળ કૃપા વિણ ના ઊઠશે;
તુજ દ્વાર સમીપ હું આવી ઊભો,
તું ઉગાર મને શરણે હું ઢળ્યો.

જગવી હૃદયે અહાલેક પ્રભો!
બની ભિક્ષુક યાચું છું બાળ, પ્રભો!
નહિ પાછું વળે તુજ પાસથી કો,
તું ઉગાર મને શરણે હું ઢળ્યો.

• • •

## તોટક

સૂણું 'તીવ્ર મુરાદ સદાય ફળે',
મુજનું પણ કૈં જ ન કેમ વળે!?
મુજ બાળકનું સહુ ભૂલી જશો,
તું ઉગાર મને શરણે હું ઢળ્યો.

નદી-વહેણ સમી મુજ અશ્રુની જો!
વહી ધાર પખાળતી પાદ પ્રભો!
નીરખો મુજને કરુણા નજરે,
હૃદ લે મુજ એક જ ઓથ તું છે.

ઉર નાથ, અનાથ તું કેમ દહે!?
પડદો ચીરને, પ્રભુ, પ્રાર્થું તને;
નહિ જાણું હજી ક્યમ ભેદ રહે,
હૃદ લે મુજ એક જ ઓથ તું છે.

• • •

## તોટક

મુજ પ્રીત જગે નથી ક્યાંય રહી,
ખૂબ સૌ તુજ દાખવ એકમહીં;
ભીંજવું તુજ પાય હું પ્રેમજળે
હૃદ લે મુજ એક જ ઓથ તું છે.

ન કૃપા મુજ રંક પરે તું કરે,
નહિ બાળકને કહીં જંપ વળે;
સમજી પ્રભુ, સાધનહીન મને
હૃદ લે મુજ એક જ ઓથ તું છે.

તુજ રંગ થકી પ્રભુ, રંગી જ દો,
નહિ યાચું બીજું કંઈયે હું વિભો!
'પ્રીતભાવથી છે તરબોળ हरि'
સૂણી મારી વરાળ હું કાઢું, हरि!

• • •

## તોટક

પ્રભુ નાથ અનાથ જગે સહુનો,
નથી કોઈ અનાથ જગે મુજ શો;
ક્યમ વાર કરી હજી તો હરિ તું
ટટળાવી શકે?! પ્રભુ, રાંક હું છું.

'સુણી તારણહાર પતિતતણો,'
તુજ નામ ઢળ્યો પદ પાપી હું તો;
અતિ લાડથી અંકમહીં લઈને
કર સાર્થક નામ કૃપા કરીને.

ઊગ્યું આશતણું કિરણું ઉરમાં,
પણ ના ખસતા હૃદથી પડદા;
સ્થિતિ આ મહિં ક્યાં સુધી રાખીશ તું!?
નિજ બાળની આશ પૂરો હરિ, તું.

● ● ●

## તોટક

હજી કૈં ન રળ્યો, ઘસી હાથ મરું,
દઈ હાથ ઉઠાડ લળી વીનવું,
ઘણી વાર થકી ચરણે તુજ હું,
કર કૈંક કૃપા, ઢળીને રડું છું.

મુજ જેવું ન કો મૂરખું જગમાં,
મુજ જેવું ન પામર કો જગમાં;
નથી યોગ્ય જરા પદને અડવા
વરસાવી કૃપા સૂણ માગણી આ.

બહુ યત્ન કર્યો, પણ વ્યર્થ ગયો,
મહિમા સૂણી દોડી હું પાસ ઊભો;
અમીદૃષ્ટિ પ્રભુ, કર કૈંક હવે,
કરુણારસથી તુજ ભીંજવી દે.

• • •

## તોટક

રવડી રઝળી તુજ દ્વાર હવે
પ્રભુ ઠોકું, ન આશ્રય કોઈ જ દે;
લઈ સોડ વિષે મુજ માડી, મને
તુજ પ્રેમ-તણું પય અમૃત દે.

તુજ બાળ જ છું, મુજ માત, હવે
ઘરમાં તુજ આશ્રય આપ મને;
કદી કો નથી નિર્દય માત થઈ
કળી કંઈ માગતું બાળ યદિ.

પ્રભુ, પ્રેમ જગે કહીંયે ન મળ્યો,
તુજ પાસ અનુભવ કૈંક થયો;
અતિ ઉત્કટ ભાવથી તેથી કહું,
ઉરથી કરુણા કરને વીનવું.

● ● ●

## તોટક

લઈ ભાવનું તેલ દીપે હૃદના
જગવી વળી નામની જ્યોત મહા
લઈ ઘંટડી આશતણી કરતો
તુજ આરતી, તો પ્રભુ, વ્હાર ચઢો.

મુજ નેહ ઊંડો તું નિભાવ પ્રભુ,
ધન તું, મુજ જીવન, પ્રાણ, બધું;
ચરણામૃત પીશ ધરાઈ હું જો,
થયું જીવન ધન્ય હું જાણીશ તો.

મળશે સુખ, જો ઉર ચાંપીશ તું,
મુજ જીવ જશે, તજશે કદી તું;
નીરખું અનિમિષ હું વાટ હરિ!
હજી દર્શન દે નહિ કેમ હરિ!

• • •

## તોટક

વિણ તું નહિ કોઈ ત્રિલોક વિષે
નીરખી મનડું ઠરશે કહિંયે;
‘हरि હાશ! પ્રસન્ન થયા’ હૃદમાં
પ્રતીતિ થઈ જ્યાં, ઠરશે હૃદ ત્યાં.

પ્રીત જેવી થકી વશ થાવ हरि!
ન મળે કંઈ તે મુજમાંહિ જરી;
હૃદથી, મનથી, કર બેથી દઉ
પ્રભુ, ભાવથી ક્ષુદ્ર નિમંત્રણ હું.

પ્રણતો સહુના हरि, પાલક છો,
શરણે हरि, છું મુજ સામું જુઓ!
તુજ સર્વ કહ્યું કરું છું હું हरि!
પછી વાંક જુઓ મુજ કેમ हरि!

● ● ●

## તોટક

હૃદનો, મનનો સહુ આશ્રય તું,
શરણાગતનો હરિ, સ્વામી જ તું;
મુજને ક્યમ તો ટટળાવી શકે?!
વધુ શું કહું હું! સહુ જાણ તને.

કરુણા કર! યાચી કહું તમને,
વિનયે અતિ હું વીનવું તમને;
નિજ બાળ ગણી શરણે હરિ; લો,
ગણી દાસ મને પદ નિર્ભય દો.

જ્યમ લાકડી આશ્રય અંધની છે,
ત્યમ ખાતરી તું-પરની મુજને;
દિલ આશ હજી નહિ થાય પૂરી,
કરું શું! હરિ, જેથી મળે જ નકી.

• • •

## તોટક

નિત નૂતન ભાવ પદે ધરું હું,
હૃદયે મનમાં ધરી આશ ફરું;
વીનવી મરું હું ધરી પ્રેમ ઊંડો
હૃદ-પ્રીતમ! કેમ ન કાન ધરો?

પ્રીત-જ્યોત હરિ, પ્રકટાવ હૃદે,
કરી આત્મ પ્રકાશિત જે ઝળકે;
પ્રસરે સઘળે હરિ, વિશ્વમહીં;
હૃદથી અળગા જરી થાવ નહીં.

અભિલાષ નવી નવી કૈંક ધરું,
હૃદયે, પદપંકજમાં હું ઢળું;
'પૂરશે હરિ આશ બધી મુજ' એ,
ધરી આશ ઢળ્યો તુજને શરણે.

● ● ●

## તોટક

ક્યમ તું તુજ બાળકને ભૂલતો!?
કરી મ્હેર હરિ, મુજ હાથ ગ્રહો;
બસ એક જ બિંદુથી શું ખૂટશે?
વધુ માગું ન હું પણ એટલું દે.

નમીને નમીને ફરીને નમીને
વીનવું, ક્યમ તું હરિ, વેરી બને?
ક્યમ મંદમતિ જ મનાવી શકે!
પડતું હરિ નાખ્યું, ઉગાર, પદે.

થયું શું તુજને? વચકો શું પડયો?
કરી રોષ રીસાઈ જ કેમ ગયો?
ચરણે લળીને, ઢળીને, હરિ હું
વીનવું, હરિ, વેરી બને ક્યમ તું?

• • •

## તોટક

સઘળું મુજ જાણી હવે ક્યમ રે!
મુજ સર્વ લૂંટી મુખ ફેરવી દે?
મુખ તારું જરી નીરખી શકું ના
ઝખમો હૃદ ચીરી બતાવું શું? હા!

'સુરખીથી ઉષાતણી આ હૃદ શું
પ્રભુ, તારી કૃપા થકી રંગીશ હું.'
હતી આશ બહુ પણ ઘોર નિશા
ઉરમાંહીં છવાઈ રહી, हरि, હા!

ઉરનું બસ એક જ તું જન છે,
તુજ સાથ કદી પ્રીતદોરી તૂટે,
રસનાં ઝરણાં પછી સર્વ ખૂટે,
પછી તો જીવવુંય અકારું બને.

• • •

## તોટક

કરવું હતું જો બસ આમ જ તો,
મુજ શું ક્યમ જોડી જ પ્રીત? કહો!
હરિ, શું તુજને ગમતું બહુ કે
ચગદી ચગદી મુજને તું દમે.

શણગાર પૂરા હરિ, સોળ સજી
અતિ આશ ધરી મીટ માંડી રહી;
નીરખું તુજ વાટડી નેહ ભરી,
શરણે ઢળી હું નિજ દે તું રતી.

ચઢયું જોબનિયું દિલ કોડભર્યું,
ન જુએ તું ઈશારતથીય પિયુ!
ઉર આતશથી તફડી તલસી
શરણે ઢળી હું નિજ દે તું રતી.

• • •

## તોટક

તુજ નૂરતણી છબી કાજ વહે
બહુ અશ્રુ અહા! નયણાં તલસે;
ન દયા થતી શું થઈ પ્રાણપતિ?
શરણે ઢળી હું નિજ દે તું રતી.

ગૂંથી માળ ફૂલોતણી જીવનના
તુજ વિણ ધરે કઈ અન્ય ગ્રીવા?
ઊભી આતુર તે ધરવા હું અતિ
શરણે ઢળી હું નિજ દે તું રતી.

પટ પ્રાણનું પાથરીને પ્રીતથી
હૃદ ભાવતણાં ફૂલ વેરી વળી
ઉર ચિંતવું, 'રીઝવું કેમ પતિ!!'
શરણે ઢળી હું, નિજ દે તું રતી.

• • •

## તોટક

હરનિશ પળેપળ પ્રેમ થકી
સ્મરણાંજલિ અર્પી તને હું હરિ!
નહિ દૂર થશો વીનવું છું, પતિ!
શરણે ઢળી હું નિજ દે તું રતી.

હરિ, વેરી રહ્યે ક્યમ ચાલી શકે!
મુજ દોષ જતા કર નાથ, હવે;
દિલ કોડ પૂરો મુજ પ્રાણપતિ,
શરણે ઢળી હું નિજ દે તું રતી.

ક્યમ પાલવશે બસ આમ રહ્યે
હૃદ આ તલપે નયણે નીર વ્હે;
ઉર કૈં જ દયા ન ધરે શું? પતિ!
શરણે ઢળી હું નિજ દે તું રતી.

• • •

## તોટક

નદી તારી દયાની વહે જગમાં
સમભાવ થકી સઘળા સ્થળમાં;
મુજ એક જ કાજ સુકાઈ જતી!
શરણે ઢળી હું નિજ દે તું રતી

અતિ લાડથી હાથ શિરે મૂકીને
તું વિના નહિ કો રીઝવી શકશે;
અકળાતી ઉરે ઉર લે તું, પતિ!
શરણે ઢળી હું નિજ દે તું રતી.

‘લઈ ચાંપીશ તું મુજને ઉરથી’
હૃદની નવ એ ક્યમ આશ ફળી!
હૃદના પટથી દૂર થા ન પતિ!
શરણે ઢળી હું નિજ દે તું રતી.

• • •

## તોટક

નહિ પાય મને તુજ વિણ અમી
ત્રણ લોક વિષે બીજું કોઈ, હરિ!
ઉર ઉત્સુક આશ ફળાવ પતિ!
શરણે ઢળી હું, નિજ દે તું રતી.

ફરું આકુળ વ્યાકુળ મોહી પડી
વિનતિ મુજ વલ્લભ, સૂણ હરિ!
-હૃદયે ચહ્યું જે; મુજ મંદિરમાં
મનમોહન મોહન, આવ હવાં.

મુજ મ્હોલ પધારી આવ પ્રીતથી
મુજ આશ પૂરી કર, વ્હાલમજી!
શકું અર્પી તને શું હું રંક અતિ?
બળતું દિલ જોઈ તું ઠાર, પતિ!

• • •

## તોટક

જગમાં ન મળે કહિંયે રસ જે,
તું ચખાડ મને રસ અદ્ભુત એ;
ન પીતાં બીજી ર્‌હે અભિલાષ કદી,
મદમસ્ત ફરું પછી એથી હરિ!

'મળશે રસ' આશ થકી જીવું એ,
સહુ લાખ રસ નીરસ છે;
દિલની મનીષા નથી અન્ય કશી,
ઢળી છું શરણે પૂર આશ પતિ!

કહી કેમ શકું કથની મનની!
છૂપી ર્‌હે જ મુરાદ, મૂંઝાઉ વળી;
જ્યમ કૂપની છાંય પડે કૂપમાં
ઉરનું ત્યમ દુઃખ રહે ઉરમાં.

• • •

## તોટક

ઉરભાર વધ્યે ઉરતાપ વધે,
જ્યમ ઘી થકી અગ્નિની જ્યોત વધે;
રડી થાકી ગઈ ચરણે પડીને
નહિ દુ:ખ ફીટાડ્યું છતાં કંઈ તેં.

જ્યમ ચંદ્રની કાજ ચકોર ઝૂરે,
પણ ચંદ્ર નહીં પરવા જ કરે,
ત્યમ મોહનને મને હું ન કંઈ
ધીકતી, બળતી, પૂરી ખાખ હું થૈ.

મૂકી એકલી ચાલી ગયો ક્યમ તું?
ફરી પાછું ન જોવું લીધો નીમ શું?
ઉરનું જન જાણી તું-પાસ રહું
હ્રદભાર ઉતાર હવે પ્રિય, તું.

• • •

## શિખરિણી

વિરોધી સંયોગો પ્રતિ પ્રભુ, થવા સામું બળ દે,
જિતાવા તેઓને દ્રઢ તું કરજે ચિત્ત મનને;
ભલે છોને લાખો પછી દુ:ખ પહાડો તૂટી પડે,
મને શી ચિંતા છે શિર મુજ ધણી છે, બચવશે.

દ્રવે છે ના હૈયું ક્યમ જ કરી મારું મૂરખનું,
અને છાંટો તેમાં પણ નવ મળે માર્દવ તણો;
ઘડેલું શું એ તો કઠણ જ હશે પત્થર તણું!
પ્રભાવેથી તારે વીનવું, પિગળાવી તું પ્રભુ, દે.

સદા તુંમાં મારી મતિ સ્થિર થજો! પાય પડીને
લઉં માગી, દે તું અનુગ્રહ કરી એટલું મને;
સધાયે તે જો ના મુજ જીવન કલ્યાણ ન થશે
પ્રભુ, તેથી નિત્યે બહુ કરગર્યા હું કરું તને.

• • •

## શિખરિણી

વિવેકેથી જોતાં કંઈ ન તુજને આવડયું જરા,
હવાં ક્યારે શીખી લઈશ! દિન ટાંચા તુજ રહ્યા;
ન આપે છે પૂરી નજર તુજ કર્તવ્ય પર તું,
હમેશાંનો શું તું હજુ મૂરખનો મૂરખ રહ્યો!

સદા પ્રેમે તારા પદકમળને હું કરું નમ્યા,
કર્યા ભાવાવેશે સ્મરણ કરું તારું હું હૃદયે;
હું બાંધી લેવાને તુજ થકી સગાઈ કરું મથ્યા,
સ્વીકારી ક્યારે તું સ્વજન ગણીને લૈશ મુજને?

કહેવાયો છે તું પ્રભુજી, પતિતોદ્ધારક જગે
ઘણા કૈં તારી તેં બિરુદ કર્યું છે સાર્થક ખરે!
કહીંયે હું જેવો પણ પતિત બીજો નહિ હશે,
છતાં શ્રદ્ધા, ટાળી નહિ તું મૂકશે એકલ મને.

• • •

## શિખરિણી

થયો છે મૂંઝારો અતિશય બધે દર્દ ઊપડે,
પીડા એથી ભારે સહી નવ શકાયે મુજથી એ;
ઉપાયોથી કોટિ નહિ બચી શકું એવું હૃદમાં,
મને લાગ્યું, તેથી તુજ શરણ આવ્યો ઊગરવા.

સ્વભાવેથી નિશ્ચે પતનશીલ મારું શરીર છે,
જહીં સુધી તે છે તુજ બધું નિવેડી તું ઝટ લે;
ઘણાં કૈં પુણ્યોથી ઉદય થયું પ્રારબ્ધ તુજ છે,
ચૂક્યો જો તું આવો અવસર, ફરી પ્રાપ્ત ન થશે!

પ્રભુ, હંમેશાં હું અતિશય કર્યા વૈતરું કરું,
છતાં ઊંચું મારું કશું પણ નથી આવતું હજુ
મળે જો બે ને બે ખચિત બનતા ચાર, ત્યમ જો
હશે યત્નો સાચા તુજ, જરૂર તે કો'દિ ફળશે.

• • •

### શિખરિણી

ભરોંસેથી તારે મુજ જીવનનૌકા ઝૂકવી છે,
બુડાડે કે તારે, જ્યમ કરવું હોયે, તું કરજે;
ભલું કે બુરું કૈં પ્રભુ, હું ગણવાનો નવ હવે,
થતું સૌ, થાશે જે સમજીશ હિતાર્થે જ મુજ તે.

ખરા પ્રેમીઓને સહન કરવાનું નસીબમાં,
નિસાસા નાખીને દિન વીતવવાના વળી રહ્યા;
છતાં તેમાં માણે અનુપમ, ન વર્ણાય સુખ, તે,
દશા એવી માટે બહુ તલસું, એવો બનવી દે.

પ્રભો! ક્યારે મારી અરજ સૂણશો દીન જનની!?
કહીં સુધી આવું કરીશ રવડાવ્યા પ્રભુ, મને?!
સદા આવી મારી કરમ કથની સાંભળી તને
હશે આવી જાણું, અરુચિ કંઈ મારી પર તને.

• • •

## શિખરિણી

તને ભાવોર્મિની નિત નવી નવી અંજલિ દઈ
કરું એવી રીતે મુજ હૃદયની હોંશ હું પૂરી;
કહ્યાથી સ્નેહીને દુઃખ અડધું જેવું થઈ જતું,
તને તેવું ભાવે, કહી હળવું મારું દિલ કરું.

પિયુને આવંતાં ઘર નીરખી સંધ્યા હરખતી,
અને ઉત્કંઠાથી બહુ જ મળવા જો! ધસી રહી!
છવાઈ છે લાલી મુખ પર બધે ને મદ નશે
બનેલી શી ઘેલી ચકચૂર! કરે મુગ્ધ મુજને

અહીં કાળાં અભ્રો કદી ગરજીને તૂટી પડતાં,
અને ફેલાવે છે અતિશય ઘણો ત્રાસ મનમાં;
હૃદાકાશે ત્યારે અવનવું જ તોફાન મચતું
છતાં એની મેળે ઘડી પછીથી પાછું શમી જતું.

• • •

---

★ અભ્રો=વાદળાં

## શિખરિણી

અહિંયા ચોપાસે જગથી વિખૂટા પાડી અમને
ઊભા જ્યાં ત્યાં પ્‌હાડો, અમ ભૂલવી દે દુઃખ પણ તે;
અમારાં ઠારે તે નયન હરિયાળી જમીનથી,
વળી જાણે વાતો કદી કદી કરે દૂત બની શી!

કશી કો વાતેથી ઊણપ અહિંયા કૈં રહી નથી,
સદા શાંતિ ર્‌હેતી ઉર મહિં અમારે સુખમયી;
છતાં કો કો બીજાં નડતર કરે છે કદી કદી,
અને રંજાડે છે અમ હૃદયની લાગણી વળી.

અહીં સ્નેહીઓનું સ્મરણ મધુરું જાગ્રત થતું,
જગાડી ઊર્મિઓ હૃદય મહિં દે ચેતન નવું;
સ્ફુરે શા શા ભાવો હૃદય મહિં તે કેમ કરીને
તમોને દર્શાવું! કદીક કરજો યાદ મુજને.

• • •

## શિખરિણી

મળ્યો તારા જેવો જહિં પ્રભુ, મને શેઠ અહિંયા,
પછી ચિંતા મારે ધરવી રહી શી પેટ ભરવા?
નિરાંતે તોયે ના સુખની ઘડી આવી હજી મને
પૂરેપૂરો ક્યારે તુજ બનવશે આશ્રિત મને!

તું પાસેમાં પાસે સ્વજન મુજ છે, તું-વગર હું
બીજા કોની પાસે મુજ હૃદયની માગણી કરું?
ગમે તેવું માગે અણસમજુ છોરું, પણ તને
મ્હારે માટે જે ઘટતું કંઈ લાગે, તું પ્રભુ, દે.

ચિરાયેલા હૈયામહિં પણ અનેરું સુખ વસે,
ઊંડું ઊંડું એવું દરદ સહવામાં રસ પડે;
મઝા જે આવે છે બળી જ મરવામાં, જગજનો!
તમે તે જાણો શું! રસ વગરના છો સહુ તમો.

● ● ●

### શિખરિણી

ખરે! પાપો સાચે કંઈ કંઈ કર્યાં મેં બહુ હશે,
વળી હું તો ચાલ્યો હઈશ અવળોયે બહુ ખરે;
બધુંયે મારું તે પ્રભુ, લઈશ તું ધ્યાન મહિં જો,
કદીયે તો તો હું ઊગરી શકવાનો નથી પ્રભો!

શિશુ તોડેફોડે બહુ કરતું મસ્તી વળી વળી,
અને રંજાડે છે, નિજ જનનીને તે ત્યમ કરી;
છતાં એનું ના લે કશુંય પણ માતા નજરમાં,
બનાવી દે એવો, તુજ પ્રણય તે પ્રાપ્ત કરવા.

ગણાવું શી રીતે અગણિત બધા દોષ મુજ જે
વિચારું એ જ્યારે અડબડી મરું છું મન વિષે;
છતાં શ્રદ્ધા છે કે તુજ શરણ આવ્યા થકી પ્રભુ,
છુટાશે, તેથી હું તુજ ચરણનો આશ્રય લઉં.

• • •

## શિખરિણી

તકાજો ના ભૂંડું અવર જનનું કો દી મુજથી!
બધાંના ર્‌હેવાજો મુજ થકી ભલામાં પ્રભુ, વળી!
હૃદેમાં જિજ્ઞાસા સતત વસજો જાગ્રત સદા!
વિચારાજો એવું પ્રભુ, તુજ શકું મેળવી કૃપા!

મને અંધારું આ અહિં બહુ જ બિહામણું દીસે!
કશું ના સૂઝે છે તહિં, ક્યમ જડે માર્ગ મુજને?
નહીં લેશે મારી ગરીબ તણી સંભાળ પ્રભુ, જો,
અરે! તો તો મારે રવડી મરવાનું જ રહ્યું છે.

મને ન્‌હાવા દેજો તમ પ્રણયના તે નીરતણે
હું મોટામાં મોટી ગણીશ પ્રભુ, બક્ષીસ મન તે;
દીઠું મીઠું કોઈ પ્રણય સમ ના તત્વ જગ મેં
બધાં પાસે તેથી લળી લળી કરું માગણી હું તે.

• • •

## શિખરિણી

કરું કેવી રીતે મન પર તણો ભાર હળવો!
મૂંઝાતો ભારે હું અમૂંઝણ વડે શું કરું, પ્રભો!
થશે દુઃખો ઓછાં સ્મરણ કરવાથી તુજ ઊંડું,
ભરોસેથી એવા જીવન મુજ આ હું સહી શકું.

ગયું તે મારું ક્યાં મુજ મનતણું નિશ્ચિતપણું?!
અને ક્યાંથી આવી મુજ હૃદય નાહિંમત પ્રભુ!
થવાયું શેં ઢીલું સમજણ પડે કારણની ના,
ઘણો હું કાચો છું શરણ ઢળી માગું તુજ કૃપા.

પ્રભો! ખોયો છે મેં મુજ પરથી વિશ્વાસ સઘળો,
મરું સાચે હું તો શરમ થકી લાજી બહુ પ્રભો!
છતાં શ્રદ્ધા તારા પરની નવ છોડી સ્મરણમાં
વિતાવાને મારો સમય પ્રભુ, દેજે તુજ કૃપા.

• • •

## શિખરિણી

ગયું થોડી વેળા તુજ મનતણું નિશ્ચિતપણું,
મનેયે તારી આ સ્થિતિ નીરખીને દુઃખ જ થતું;
છતાં જાણું તારી પ્રભુ પરની શ્રદ્ધા અચળ છે,
અને એ શ્રદ્ધાથી તુજ મન ફરી નિશ્ચલ થશે.

તરંગો તોફાની જલદ બહુ કાળાં ગરજતાં,
અને તારી હોડી ઘડીકમહીં આડી થઈ જતી;
છતાં તારા લક્ષ્યે જરૂર તુજ હોડી લઈ જશે,
ખરે! તારી શ્રદ્ધા ગજબ કંઈ કાર્યો કરી શકે.

રીબાવી રીબાવી બહુ જ રવડાવી તું કંઈ દે,
કળા તારી જાણું ભરમ સમજ્યો છું હું તુજ તે;
નિરાશાથી તેથી કદી પણ નિરુત્સાહ ન બનું,
વધારે સામો હું મુજ હૃદયમાં હિંમત ધરું.

• • •

## શિખરિણી

પડાવા ના પાછું દઈશ મુજને બાપ, વીનવું,
અણીવેળા દેજે મુજ હૃદય આશ્વાસન ઊંડું;
અને ર્હેજે, ર્હેજે જરૂર પડખે નિત્ય પ્રભુ, તું,
પ્રભો! તારી પાસે અરજ કરતો એટલી જ હું.

પ્રભો! આવ્યો તારે શરણ, મન ના તોય સુધરે,
અને બુદ્ધિ મારી 'મમત નહિ છોડે બહુ મથ્યે;'
ચહું તેનાથી જે અવળી ગત રાખી પ્રભુ, મને
જવા ના દે આઘે વીનવું તુજને, તું મદદ દે.

ખુમારીમાં ર્હે છે, મન મહીં અહંકાર ધરીને
તું તારું એ રીતે પતન કરતો, કાં ન સમજે?
બધું જાણું તોયે વળી બળ છતાં આ ક્યમ થતું
હુંથી આવું મારું સહન થતું ના, હું ક્યમ કરું?

• • •

## શિખરિણી

વહી જાયે જેવી સતત રમતી નાચતી નદી,
વહી જાજો નિત્યે ત્યમ હૃદયથી ભાવ ઉરમી;
પ્રસારે છે પુષ્પો જ્યહિં ત્યહિં બધે ફોરમ જુઓ!
મને તેવી રીતે તુજ ચરણમાં પ્રેમ સ્ફુરજો!

હજી ઊંડું ઊંડું મનમહિં શું શું કૈંક વસતું!
કરે છે ડંખ્યા તે સતત મુજને ના ભૂલી શકું;
છતાં કેમેયે તે નીકળી શકતું બ્હાર નવ હા!
હવાં કંટાળ્યો, દે તુજ મુદદ સાથે તુજ કૃપા.

લીધા, કીધા છે જો! કંઈ કંઈ નવા વેષ પ્રભુ, મેં,
ગયો છું થાકી હું ધરી બહુરૂપીનું જીવન તે;
પ્રભુ, હુંમાં ભારે કંઈ જ રહી છે આવડત ના,
છતાં બાકીનું જે, હૃદય ભર શક્તિ ભજવવા.

• • •

## શિખરિણી

રહેવાજો બાપુ, મુજ થકી વફાદાર તુજને,
જવાનું છે ત્યાંથી નજર ખસજો ના મુજ થકી;
તહીં ચોંટી ર્હેવા પ્રબળ મુજમાં જોમ ભરી દે
પ્રભો! એવું કે હું હઠી નવ જઉં મૃત્યુ થકીયે.

ખરે! ખામીવાળો મૂળથી જ હું જન્મેલ પ્રભુ, છું,
મને જ્યારે એની ખબર પડી, જાગ્યો તહીંથી હું;
છતાં વારે વારે ભૂલ બહુ કર્યા હું કરું અરે!
તને આવી રીતે સ્મરણ કરવું! ધિક્ક મુજને!

ભલેને મારામાં બહુ બહુ જ હો દુર્ગુણ રહ્યા
છતા જ્યારે આવ્યો શરણ, મુજને જાણ નિજનો,
પડયો છું આવીને તુજ શરણ રક્ષા તું કરજે,
મને પાપીને તું રહમ કરી બાપુ, બચવજે.

• • •

## શિખરિણી

ગમે તેવો ધારે જગત મુજને, કંઈ ન પરવા,
હું તો મારે ચાલ્યા જઈશ મુજ લીધેલ પથમાં;
વખોડાતો છોને હૃદય મુજ શું! કોઈ જનને
જણાવાની મારે જરૂર નથી, તું એક નીરખ્યે.

મને છૂંદી છૂંદી તુજ મન ભલે રાજી કર તું,
નહીં બોલુંચાલું કંઈ પણ તને હું નહિ કહું;
હૃદે શ્રદ્ધા ઊંડી મુજ તું કરશે, જે શુભ હશે,
મને જેવો તારે પ્રભુજી, ઘડવો હોય, ઘડજે.

કૃપા માગી માગી બસ તુજ કને માગું પ્રભુ, હું,
બીજું તારી પાસે કરગરી ન માગું કંઈ કશું;
નથી દીઠો કોઈ તુજ સમ જ કંજૂસ પ્રભુ, મેં.
મહા દાની ક્હાવે, દમડી સરખી કાં તું નવ દે?

• • •

### શિખરિણી

પ્રભો! મારા જેવો દળદરી નથી કોઈ જગમાં,
કશું હુંથી ભારે બનતું નથી, નાલાયક છું હા!
નકામું આવું તે ખપ વગરનું છે બબડવું,
છતાં તુંને મારી સ્થિતિ કહી દઈ શાંત વિરમું.

ધરી આશા તારી પર હું વીતવ્યા જીવન કરું,
મને તું કો દીયે જરૂર કરશે ધન્ય પ્રભુ, તું;
પ્રભુ, ગાડું મારું ગરીબતણું સીધું ચલવજે,
ઘરેડેથી આઘું ઊતરી પડવા ના દઈશ તે.

બીજા કોની તારા વગર પ્રભુ, આશા મન ધરું?
બીજા કોની તારા વગર કંઈ મદદ હું?
બીજા કોને તારા વગર રાખું ન મન હું,
બીજા કોનો તારા વગર નવ હું આશ્રય લઉં.

• • •

## શિખરિણી

ચિકિત્સા મેં જ્યારે મુજ અવયવોની કરી પ્રભુ!
મને ત્યાં રોગીલું મન દરદનું કારણ જડયું;
પીડાથી કંટાળ્યો સહન ન થતાં હું તુજ કને,
પ્રભો! આવ્યો છું જો! કંઈક કરતાં ર્‌હેમ કરને!

પ્રભો! મારી બુદ્ધિ ભ્રમણ કરતી આડીઅવળી,
મને તે નાખે છે બહુ જ ભ્રમણામાં ઘડી ઘડી;
નવાઈ તો એ કે હૃદ પણ ત્યજે ખ્યાલ નિજનો,
મને તે વેળા તું પ્રભુ, બચવજે અંધ બનતો.

બધી ઇંદ્રિયોનો ક્યમ કરી શકું નિગ્રહ! પ્રભુ!
અને શાથી સર્વે વિષય મનમાંથી તજી દઉં!
સદા એ ચિંતાથી વ્યથિત થઈ હું વ્યાકુળ બનું,
તને એ સૌં સોંપ્યું તુજ પદ, બધુયે ભુલવ તું.

• • •

**શિખરિણી**

જુદું છોને લાગે મુજ ઉપરથી વર્તન ભલા!
વિરોધાભાસો છો મુજમહિં દીસે, કૈં ન પરવા;
ભલે બીજા છો ના મુજ જીવનનો મર્મ સમજે,
પ્રભુ, તું તો જાણે મુજ હૃદય શા કાજ તલસે.

લૂંટારાએ ચારે તરફ થકી જો! ઘેરી લઈને
અહા! દેવા માંડયો અતિશય પ્રભુ, માર મુજને;
હતાં જે સંગાથે મિલકત અને માલ સઘળો
લૂંટાઈ ચાલ્યાં જો! મુજ મદદ ધાજે જલદી તો.

કશીએ આકાંક્ષા મન નવ રહે કર્મ કરતાં,
હૃદે ધાર્યું, એવી મુજ બનવવી છે પ્રભુ, દશા;
રહે જે વિશ્વાસે પ્રભુ પર થઈ સ્વાશ્રયી પૂરો
પ્રભુ તેને દે છે જરૂર મન વાંછેલ ફળ તો.

• • •

## શિખરિણી

તને પાયે લાગી લળી લળી પ્રભુ, હું વીનવું છું,
હવાં મારા જેવા પતિતની દયા લાવ મન તું;
બધું છોડી દેવું પ્રભુ પર, કંઈ ના બબડવું,
દશા જે તે માટે મન સમજી સંતુષ્ટ રહવું.

અરેરે! જોને તું અધમ પ્રભુ, કેવી મુજ દશા!
વછૂટે કંપારી મુજ પર મને તાત, મનમાં;
મને ઉપાડી લે, વીનવું, નરકાગાર થકી આ,
અરે! મારા માટે પ્રભુ, ગઈ ખૂટી શું તુજ કૃપા?

પ્રભુ, માયાના આ વમળ મહિં હું ડૂબી મરું છું,
પછાડા મારું છું પગ કર થકી કૈં ન વળતું;
રૂંધી લીધેલું છે મુજ જીવન એણે પ્રભુ, હવે
કૃપાનૌકા તારી લળી વીનવું, તું આપ મુજને.

• • •

## શિખરિણી

બળું છું દાહે, જો! મુજ હૃદયથી આગ ભભૂકે,
બધાં અંગો મારાં ભડભડ બળે કાં ન નીરખે?
મહા મોંઘામૂલાં રતન મુજ સૌ ખાખ બનતાં,
તને પોકારું છું બળતું ઘર આ શાંત કરવા.

સમુદ્રે ડોલે જો! મુજ જીવનનૌકા અધવચે
ફૂંકાયે તોફાની પવન પ્રભુ, જાણે પ્રલયનો;
મહા ભારે મોજાં ગિરિ સમ ઊંચા તાત, ઊછળે,
ગજું શું ત્યાં? નૌકા સ્થિર ચલવવાનું તું કરજે.

ઊગ્યાં જો જે પુષ્પો મુજ જીવન વાડી મહિં ખીલ્યાં,
વિકારી તાપેથી બહુ જ કરમાઈ સહુ ગયાં;
લીલી વાડી મારી અરરર! પ્રભુ, વેરાન થઈ શી!
થઈ માળી સિંચો તુજ જળ કૃપાનું પ્રભુ, તહીં.

• • •

## સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી. ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથે વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં, ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આ રડ્યાં!
તેવી રીતે તુજ નામ પ્રભુ! તારું સ્મરાજો તાનમાં. ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સહુ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સહુ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં. ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો! તુજ નામ પ્રિય હૈયે વસો. ૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની. ૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા. ૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભકત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું,
હીરા કેને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું. ૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **— શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મઃ**તા.૦૪-૦૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪
**સ્થળઃ** સાવલી, જિ. વડોદરા, નામઃ ચૂનીલાલ,
માતાઃ સૂરજબા, પિતાઃ આશારામ, અટકઃ ભાવસાર,

**૧૯૧૬:** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮:** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯:** મેટ્રિક પાસ.

**૧૯૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા.૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦:** ગુજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧:** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨:** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ,

**૧૯૨૨:** 'મનને'ની રચના.

**૧૯૨૩:** 'તુજ ચરણે'ની રચના.

**૧૯૨૩:** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને- સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪:** 'તુજ ચરણે'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬:** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮:** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮:** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦:** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી ૩૨:** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું - 'જીવનગીતા'.

**૧૯૩૪:** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯:** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯:** તા.૨૯-૦૩-૧૯૩૯: રામનવમી, સંવતઃ ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦:** (તા.૦૯-૦૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧:** માતાનું અવસાન.

**૧૯૪૨:** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩:** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫:** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬:** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦:** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫:** (તા.૨૮-૦૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬** (તા.૨૩-૦૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિ ૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫:** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ- અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬:** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા.૨૩-૦૭-૧૯૭૬ના રોજ માત્ર ૭ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ, પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

**॥ હરિઃૐ ॥**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો-પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી- જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે

આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં મારું મારું! ક્યાં રહ્યું? તારું આ જગતમાં છે શું?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી- લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમજ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મ તત્ત્વને નજર સામે રાખો, વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषु ની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં

શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદેચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

**— શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૯ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૫૧ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |

| | | |
|---|---|---|
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રુપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુકતાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |
| ૧૦. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૧ |

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |

| | | |
|---|---|---|
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧-૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૫ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ | ૨૦૨૦ |
| | પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | |

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●●●

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,...
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ૐ શરણ...

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)...
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ૐ શરણ...

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)...
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ૐ શરણ...

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)...
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ૐ શરણ...

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)...
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ૐ શરણ...

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)...
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ૐ શરણ...

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)...
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ૐ શરણ...

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)...
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ૐ શરણ...

મન, મતિ, પ્રાણ પ્રભુ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)...
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ૐ શરણ...

— શ્રીમોટા

# હરિઃૐ

(મંદાક્રાન્તા)

યત્નો તો મેં ભગીરથ કર્યાં તોય કૈં ના વળ્યું છે;
સંતોની એ પદરજ થકી બુદ્ધિ પાદે ઠરી છે;
તેઓના મેં પદકમળની સ્હેજ સેવા કરી છે,
આવું રૂડું પ્રભુ! ફળ મું બાપ! તેનું મને છે.
જ્યાં ત્યાં હું તો હરિજનતણો સંગ શોધી લઉં છું,
ગોઝારાં એ મુજ પતિતનાં પાપ, ભાળી રડ્યો છું
-ધ્રુસ્કે, ધ્રુસ્કે પ્રભુ! કૂટી કૂટી શીર્ષ, છાતી વળી હું;
તેથી મારું હૃદય હળવું છે થયું ને હવે હું
તારું બાપુ! ચરણ ચૂમવા ભાગ્યશાળી થયો છું.

- પૂજ્ય શ્રીમોટા

9 788197 223709

Price Rs.100/-